
બુદ્ધિપ્રભા

# પ્રાસંગિક

## તો જ સાર્થક થાય......

દીવાળી એક જ એવો તહેવાર છે જે ભારતની પોણા ભાગની જનતા ઉજવે છે. હિંદુ અને જૈનની તમામ જ્ઞાતિ ને પેટા જ્ઞાતિઓ આ ઉત્સવને ઘણા જ હોંશથી વધાવે છે. આપણા ભારતીય તહેવારોની પાછળ ધાર્મિક રહસ્ય રહેલું હોય છે. આપણા લગભગ દરેક આવા જાહેર પર્વના દિવસો ધર્મના પાયા પર ઊભા છે.

ભ. મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા અને મહાજ્ઞાની ગૌતમ પ્રભુને કેવળજ્ઞાન થયું અને લોકોએ તેની ખુશાલીમાં ઉત્સવ કર્યો. એ ઓચ્છવ તે દીવાળી. પુણ્ય શ્લોકી પુરુષોની જયગાથા ગાતો આ એક તહેવાર છે.

આ નિર્વાણ દિને ભ. મહાવીરનો ક્ષર દેહ વિલય પામ્યો. દેહ સ્વરૂપે જીવતી જિંદગીનો તેમનો હિસાબ પૂરો થયો. બોતેર વરસ સુધીના તેમના જીવંતનો અંત આવ્યો.

આ ઉત્સવ માત્ર આપણે નિર્વાણ કલ્યાણક ગણીને જ ઉજવીએ તો તે અધૂરું છે. આજ દિને તેમણે પોતાના મૃત્યુથી દૃષ્ટાંત આપ્યું કે જીવન આ રીતે જીવવું જોઇએ. સત્ય ને અહિંસા માટે સતત જાગૃત પ્રયત્નશીલ જિંદગી જીવવી જોઇએ. પોતાના બોતેર વરસના જીવન પર્યાયમાં તેમણે અનેક મહામૂલા પાઠ આપણને ભણાવ્યા છે. મહાજ્ઞાની પ્રભુશ્રી ગૌતમ સ્વામીએ પણ આપણને એક આદર્શ જીવનનો નમુનો આપ્યો છે. ભગવંતનો શિષ્ય કેવો હોય તેનું એક ઉમદા દ્રષ્ટાંત પૂરુ પાડ્યું છે.

આ દિવસોમાં આપણે માત્ર તેમનું સ્મરણ, સ્તવન કે દર્શન કરીને બેસી રહીશું અને તેમાં જ જો સંતોષ માનીશું તો આપણી ગતિ ચાલુ રહેશે પરંતુ પ્રગતિ જરાયે નહિ થાય. આ એક દુઃખદ હકીકત છે કે આપણે હવે સાધનને સાધ્ય માની સાધના કરી રહ્યા છીએ અને આવા અપૂર્વ દિવસોને આપણે એક રૂઢિગત વ્યવહાર બનાવી દીધા છે. વ્યવહારમાં જ્યાં સુધી ભાવના જીવે છે ને ધબકે છે ત્યાં સુધી એ વ્યવહાર જીવનમાં કંઇક પ્રાણ પૂરી જાય છે પરંતુ જ્યારે ભાવના સૂકાઇને એ જડ રીવાજ બની જાય છે ત્યારે એ આત્મસંતોષનું જ નિમિત બની રહે છે. તેથી દીવાળી કરી એમ કહી શકાય પરંતુ હકીકતમાં તેનો કંઈ જ અર્થ નથી.

દીવાળી પાછળ જે ત્યાગ ને સમર્પણ સિદ્ધાંત ને આદર્શનું જે ભ. મહાવીરનું અણિશુદ્ધ જીવન છે તેમાંથી જો આપણે કાંઇક શીખીએ અને જીવનમાં ઉતારી એક એવો આદર્શ સમાજ બનાવીએ તો આવા પર્વોની ઉજવણી સાર્થક બની તેમ કહી શકાય.

લિ. તંત્રીઓ

# બુદ્ધિપ્રભા

: માસિક :

તંત્રીઓ :— પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી ભદ્રીકલાલ જીવાભાઇ કાપડીયા

વર્ષ ૨જું
અંક ૨૮ | પ્રેરક :—મુનિશ્રી ત્રૈલોકયસાગરજી | સંવત ૨૦૧૭
આસો

## ચિંતન કણિકાઓ......

દેવતા ! મારા, મેં તને એવું કયારે કીધુ હતુ કે તુ મને પ્રકાશ ન આપીશ ? મેં તો કીધું હતું :– દેવ ! મને પ્રકાશ આપજે જેથી હું મારા જીવન અંધારા ઉલેચી શકું. કાળી રાતના પેલા પાપના ઓળાઓને ઓળખી શકું. નિરાશાની મેઘલી અમાસમાં રડતા ચેતનને હું જગાડી શકું.

પરંતુ તેના બદલે તો તેં મને મહેફીલની રોશની આપી. કે જ્યાં વાસના નગ્ન થઇ નાચે છે. અરે ! દિવસને ય ભુલાવી દે તેવી ઝળહળ ઝળહળ થતી દીવાળી આપી. ખૂશ થઈ તેં પ્રકાશની નદી બક્ષિસ કરી દીધી.

પણ દેવતા ! મારા, તુ જ કહે તારા એ પ્રકાશને હું શું કરું ? ત્યાં તો અજવાળું છતાંય હું ઠોકર ખાઉં છું. પ્રકાશ છતાંય ખાડામાં પડું છું.

ભલે દેવ, તેં એ પ્રકાશ મને ખૂશ થઈ આપ્યો હોય મને તારા એ પ્રકાશનો જરાય ખપ નથી........

❋

દેવતા ! મેં ભોગનો ઝગમગતો દીવો નહિ, ત્યાગની નાનલ જ્યોત માંગી હતી...

❋

આશા એ તો જીવન દીપની વાટ છે.

❋

વાટને મેં પૂછયું : ' અલિ, એય ! તારા આ રૂપનું આટલું બધું શું બધું ગુમાન કરે છે ? તને ખબર છે ઘડી બે ઘડીમાં તું વિલાઈ જશે ? તારું આ ચળકતું રૂપ કાળી ધૂમ્રસેરમાં પલટાઈ જશે. "

"ખબર છે. ભાઈ ! મારું આ સૌંદર્ય બળી ખાખ થઈ જશે. પણ તને એ ખબર છે ? મારી આ વાટ વિલાશે ને અંધારામાં એક રાહ ચીંધી જશે. રાહ ભૂલ્યા રાહગીરને તેની કડી જડી જશે.

જ્યારે તું ! તારા જીવનની જ્યોત બુઝશે ત્યારે તારા હાડકાં ગંધાઈ ઊઠશે. તારોજ સગો ભાઈ તને કાઢવા ઉતાવળ કરશે. તારા હાડકાંની રાખ પડશે અને હાય ! કેવું તારું ભંગાર જીવન ! કે એ રાખ પેલા સ્મશાનના કૂતરાને પણ ખાવાના ખપમાં નહિ આવે.

હા, મારા રૂપની તો કાળી ધૂમ્રસેર બનશે પણ તારી જ્યોત જ્યારે વિલાશે ત્યારે ? ...

પરંતુ તે તેનું બોલવાનું પૂરું કરે તે પહેલાં જ જ્યોત તેની વિલાઈ ગઈ ! .....

જિંદગીથી કંટાળી તારે જીવનને સળગાવવું જ છે ને ? તો ભલે, સળગાવ. પણ હોળીની માફક નહિ હોં, એક દીવાની જેમ તેને સળગાવ !.....

પ્રભો ! તું તો મારા જીવનદીપનું તેલ છે. અને એ તો તું જાણે છે તેલ ખૂટ્યું એટલે દીવાનું શું થાય. તો બસ, હું શું માંગુ છું તે તું જ સમજીને હવે આપી દેજે....

મેં દીવાસળી જોર જોરથી ઘસી. પણ એ ન જ સળગી.

મને થયું, કદાચ ખોખુ હવાયેલું હશે. મેં ખોખું તપાસ્યું. પણ ના ખોખું તો તદ્દન કોરા જેવું જ હતું.

મેં ફરી દીવાસળી ઘસી. પણ ના, તોય તે ન સળગી,

શું દીવાસળીમાં ગંધક નહિ હોય ? તે પણ મેં જોયું. ગંધક તો હતો જ. તો તે સળગતી કેમ નહતી ?

મેં જોર કરી ફરી દીવાસળી ઘસી.

પણ એના એજ રામ! દીવો મારો ન જ પેટયો ?

પણ શાથી ? એ કેમ ન સળગી ?

એ તો તેણે કીધું ત્યારે જ મને ખબર પડી.

કેવો મૂર્ખ ! બળેલી દીવાસળીથી હું દીવો પેટાવતો હતો !....

ક્રિયા ખોખું છે, જ્ઞાન દીવાસળી.

એણે બન્નેનું ઘર્ષણ કર્યું ને મુક્તિનો પ્રદીપ પ્રજ્વળી ઊઠયો !...

હા ! હું આ જિંદગીનો જીવતો દીવો બનવા તૈયાર છું. પણ દેવતા ! મારા, તે એક શરત પર, એ દીવો બન્યા પછી જો તારું સાન્નિધ્ય મળે તો જ....

પ્રેમને પ્રતીક પસંદ કરવાનું મન થયું અને એણે દીવો પસંદ કર્યો.

દીપ એ તો પ્રેમનું પ્રતીક છે....

—મૃદુલ



# આભાર ને અભિવાદન

(તંત્રી લેખ)

પૂરાં બે વરસનો બીજો વિસામો લઈ, 'બુદ્ધિપ્રભા' તેની મજલ હવે ત્રીજા વરસમાં શરૂ કરે છે. એકધારી સફરનો આનંદ કોને ન હોય ? અમને એ આનંદ જરૂર છે. પરંતુ અમે એ આનંદના નશામાં ચકચૂર બની બેભાન નથી બન્યા. તેમ બનવા અમે તૈયાર પણ નથી.

અમે જાણીએ છીએ કે આ સફરમાં અમે ક્યારેક પ્રમાદી પણ બન્યા છીએ અને આ પ્રવાસને થોડો શિથિલ પણ કર્યો છે. પરંતુ અમે માત્ર પ્રમાદી બની પડયાં જ નથી રહ્યા. થોડું ઊંઘીને પણ અમે તુરત જ જાગીને ફરી ચાલવું શરૂ કર્યું છે.

આ નિર્દેશ અમે વાચકોની ફરિયાદોના સંદર્ભમાં કરીએ છીએ. ઘણા વાચકોના પત્રો આવે છે અને તેમાં જાત જાતના સુચનો, પત્રની પ્રશંસા તેમજ ફરિયાદો પણ તેમાં આવે છે. આવેલા પત્રોની એક સામાન્ય ફરિયાદ એવી છે કે અંક અનિયમિત મળે છે ને ક્યારેક તો કેટલાકને અંક મળતો જ નથી. બીજી ફરિયાદ છે લવાજમના ભાવ વધારાની.

આ બન્ને ફરિયાદોનો અમે અહીં નમ્ર ને નિખાલસ જવાબ આપીએ છીએ. અમે આશા રાખીએ છીએ, વાચકો અમારા ખુલાસાને સહૃદયતાપૂર્વક સ્વીકાર કરશે.

ગયા વરસના દીવાળી અંકમાં અમે અંકની અનિયમિતતાનો ખુલાસો કર્યો છે અને તેમાં વધુ ઉમેરતાં જણાવવાનું કે હજુ ય પ્રેસની અગવડ અમારા માટે ઊભી જ છે. સરકારી કાગળીયામાંથી હજુ તેનો સંતોષકારક ઉકેલ નથી આવ્યો. બીજુ અમદાવાદ પણ અમે 'બુદ્ધિપ્રભા'ની એક શાખા શરૂ કરી છે. કાર્યાલય, છાપકામ, વિતરણ, સંપાદન બધું જ એક જ સ્થળેથી થાય તેના જાગૃત પ્રયત્નો અમારા ચાલુ જ છે. અત્યારે એ બધા જ વિભાગો, ખંભાત, નડીયાદ, અમદાવાદ ત્રણ વચ્ચે વહેંચાયેલા છે આથી અંકની ગેરવ્યવસ્થા કોકાદ મહિનામાં થઈ જાય છે. આ અમે ઊંડા દુઃખ સાથે સ્વીકાર કરીએ છીએ. અત્યારના સંજોગો જોતાં અમે શ્રદ્ધાપૂર્વક કહી શકીએ તેમ છે કે ત્રણેક મહિનાનાં જ ગાળામાં એ બધા જ વિભાગ છાપકામ (Press) સંપાદન, વિતરણ (Post)ને કાર્યાલય એક જ સ્થળેથી કામ કરતાં થઇ જશે. પછી અનિયમિતતાની ફરિયાદ નહિ રહે તેની અમે સૌને ખાત્રી આપીએ છીએ.

લવાજમના ભાવ વધારા અંગે સ્પષ્ટતા કરતાં કહેવાનું કે ઘણા બધા વાચકોની એવી માંગ છે કે હાલ જેટલા પાના ' બુદ્ધિપ્રભા 'માં અમે આપીએ છીએ તેમાં વધારો કરી વાચન સામગ્રી સવિશેષ આપવી. આથી વાચકોની વિનંતિને માન આપી અમે આ ત્રીજા વરસથી વધુ ચાર પાના આપવા તેમ નક્કી કર્યું છે. ૨૫મા અંકથી " બુદ્ધિપ્રભા " ૨૪ પાનાનું નીકળશે અને એ તો સહેજે સમજી શકાય તેવું છે કે પાના વધતા સામયિકને ખર્ચનો બોજ પણ વધે. અમારી પાસે તેવું કોઈ કાયમી મોટું ફંડ નથી. વાચકોના સહકાર પર અમે ઉત્સાહ રાખીએ છીએ. અમે જાણીએ છીએ કે મોંઘવારી વધતી જ જાય છે ને જીવન મોંઘુ બનતું જાય છે. પરંતુ માસિકને જો વધુ વાચન સભર બનાવવું હોય તો તેને પણ આ મોંઘવારીમાંથી ઉકેલ કાઢવો જ રહ્યો. આથી અમે માત્ર નજીવો જ ભાવ વધારો કર્યો છે. બીજા પત્રોની અપેક્ષાએ અમારા આ વધેલા ભાવ ઓછા છે જેની કોઈ ના નહિ કહી શકે. આર્થિક પક્ષને સરભર કરવા માટે અમારે આમ કરવું પડયું છે અને ભાવ વધારા સાથે અમે વાચન સામગ્રી પણ વધુ જ આપીશું. ચોવીસ પાનાની મર્યાદામાં જેટલું શક્ય હશે તેટલું સુંદર, તત્ત્વપૂર્ણ, સુબોધ ને સુરુચિકર સામગ્રી અમે જરૂર આપીશું તેની વાચક મિત્રો ખાત્રી રાખે.

આટલી સ્પષ્ટતા કર્યા પછી હવે અમારી કેટલીક ફરિયાદો વાચક મિત્રોને કરવાની છે. અમારા મિત્રો તે દૂર કરી અમારા કાર્યને સરળ ને વેગીલું બનાવી આભારી કરશે જ.

(૧) આપનું સરનામું સંપૂર્ણ લખાવો અને તેમાં જો કાંઈપણ ફેરફાર થાય તો તા. ૧ લી પહેલાં કાર્યાલયને ખબર કરો.

(૨) તા. ૨૫ સુધી પણ જો આપને અંક ન મળે તો તુરત જ કાર્યાલયને જાણ કરો.

(૩) ગ્રાહક તરીકે જો આપ ચાલુ રહેવા ન ઈચ્છતાં હો તો તા. ૧ લી પહેલાં ખબર આપો.

(૪) આપનું લવાજમ જો બાકી હોય તો સત્વરે ભરપાઈ કરવું.

(૫) આપને કોઈપણ ફરિયાદ કે સુચન વ. કરવું હોય તો પત્રમાં આપનું પૂરુ સરનામું અવશ્ય લખો જેથી ઘટતો પત્રવ્યવહાર કરી શકાય

(૬) ' બુદ્ધિપ્રભા ' ના અંકોને પસ્તીમાં વેચી ન નાંખતા તમારા ગામ કે શહેરના કોઈ પુસ્તકાલય કે જ્ઞાન-મંદિરમાં આપી દો અથવા અમને પાછા મોકલી આપો. જ્ઞાનનું વેચાણ ન થાય.

(૭) માનદ પ્રચારકો પોતાનો બાકીનો હિસાબ આ દિવાળી પહેલાં મોકલાવી આપે.

વાચકો એ કોઈપણ પત્રના પ્રાણ છે. એ જો ધબકતા હશે તો પત્ર જોરથી દોડશે. આથી " બુદ્ધિપ્રભા " આપનું જ છે તેમ માની તેના વિષે આપના મંતવ્યો નીડરતાથી અમને લખી જણાવો. ગયા અંકમાં અમે એક પ્રશ્નોત્તરી પ્રગટ કરી છે, આ અંકમાં પણ તે અન્યત્ર મૂકી છે. તો તેના યોગ્ય ને ટૂંકામાં જવાબો જરૂરથી મોકલી આપો. આપના

સુચનોનો શક્ય હશે તેટલો ઘટનો જવાબ જરૂર વાળીશું. અંક ૨૫થી યાને કે નૂતન વરસથી આપના જવાબો અમે પ્રગટ કરવાના છીએ. તો જેઓએ હજુ જવાબો નથી લખી મોકલ્યા તે સત્વરે ખંભાત કાર્યાલય પર લખી મોકલાવે.

વાચકો પત્રના પ્રાણ છે તો લેખકો એ પત્રનું હૃદયતંત્ર છે. તે જેટલું સબળ ને તંદુરસ્ત હશે તેટલા પ્રાણ ધબકવાના અને પત્ર તેટલું જ જીવવાનું. બે વરસની અમારી આ સફરમાં અમને ઘણા નામી–અનામી લેખકોનો સાથ મળ્યો છે. અમે તે સૌના સહકારના ઋણી છીએ અને તે સૌની ઉમદા જ્ઞાનભક્તિ માટે અમે તેઓનું અભિવાદન કરીએ છીએ. બીજું અમોને જણાવતા હર્ષ થાય છે કે ત્રીજા વરસના મંગલ અંકથી ગુજરાતના સિદ્ધહસ્ત, ખ્યાતનામ, નવલિકાનવેશ શ્રી ધૂમકેતુએ "બુદ્ધિપ્રભા" માં પોતાનું સાહિત્ય પ્રગટ કરવાની અનુમતિ આપી છે. અમે તે અમારું સૌભાગ્ય માનીએ છીએ કે "બુદ્ધિપ્રભા"ને ગુજરાતના નામાંકિત લેખકો શ્રી જયભિખ્ખુ, શ્રી ચિત્રભાનુ, શ્રી ઉષા જોષી, શ્રી પદ્મા ફડીયા શ્રી રાજેશ, શ્રી ઉદાણી આદિનો સહકાર મળ્યો છે. પરંતુ વધુ સાથ તો અમને નવોદિત સંજકોનો સાંપડ્યો છે તેમનો સહકાર અમે ભૂલી શકીએ તેમ નથી. સૌની નામાવલી આપવી શક્ય નથી પરંતુ અમે તે સૌનો અત્રે આભાર માનીએ છીએ.

માનદ્પ્રચારકોનો ફાળો પણ અમારી આ સફરને આટલે સુધી લાવવામાં ઘણો મોટો છે. તેમના સતત ને એકનિષ્ઠ પ્રયત્નથી આજ 'બુદ્ધિપ્રભા' નાના મોટા શહેરોના અનેક ઘરોમાં વંચાય છે. આજ તેની ગ્રાહક સંખ્યા ૭૦૦૦ની છે અને દિન પ્રતિદિન વધતી જ રહે છે. પૂજ્ય શ્રમણ ભગવંતોની પ્રેરણાથી અમને નાના મોટા અનેક દાન મળ્યા છે અને અમે તો માનીએ છીએ કે તેઓ સૌના આશીર્વાદોથી જ અમે આ કાર્યને આગળ વધારી શકયા છીએ બાકી અમારા એકલાની તો શું શું ગુંજાયશ ?

અંતમાં નૂતન વરસ આપ સૌને યશસ્વી ને મંગળદાયી બનો એજ અભ્યર્થના.

●

બાપ : દીકરા તારી નિશાળમાં સૌથી વધુ એદી કોણ છે?
દીકરો : ખબર નથી બાપા.
બાપ : તારે જાણવું જોઈએ.
દીકરો : પણ બાપા માસ્તરે શીખવ્યું નથી.
બાપ : જો હું શીખવું તમે બધાં વાંચતા હો ત્યારે ટગર ટગર જોયા કરે તે.
દીકરો : બાપા, ત્યારે ખરા એદી તો મારા માસ્તર જ છે.

* * * *



# ધન્ય દીવાળી !

લે “શ્રી રાજેશ” સારંગપુર તળીઆની પોળ
અમદાવાદ-૧

આસો માસની અંધાર ઘેરી એ રાત હતી. નિરભ્ર આકાશમાં તારલાઓ ટિમટિમાટ કરી રહ્યા હતા. સર્વત્ર નિરવ શાંતિ હતી.

પણ....અપાપાના ઉધાનમાં આજે માનવ મેદની માતી નથી, પશુ પક્ષી માનવ-દાનવ સમભાવારે ચરમ તીર્થપતિની પરમ પૂનિત દેશનાને સાંભળી રહ્યા છે. વાણીનું અમૃતપાન પ્રાણી માત્રના હૃદયને પ્લાવિત કરી રહેલ છે.

થોડી ક્ષણો વીતી. ઘટિકાઓ પસાર થઈ.

અર્ધ રાત્રિના અંતિમ સમયે ભગવાને છેલ્લો શ્વાસ મૂકયો. ભક્તોનાં ભક્તિથી સભર નયનો ધ્રુજી ઉઠયાં. હૃદય હચમચી ગયાં. શ્વાસ વાયુ થંભી ગયો.

સુમધુર દેશના ધ્વનિ દિશાઓને દીપાવી દિવંગત થયો.

પુણ્ય-અને પાપનાં અધ્યયનો પ્રકાશતા પ્રભુ પરમ તેજમાં એકાકાર થઈ ગયા.

કાજળ ઘેરી અમાસની અંધારી રાત જગત માટે કાજળરૂપ જ બની ગઈ. નવમલ્લી. નવલચ્છી રાજાઓએ પૌષધોપવાસ કરી દિવડા પેટાવ્યા. ઇંદ્રોએ રડતા હૃદયે ભગવાનના દેહની અંત્યેષ્ટિ કરી.

હર્ષભર્યાં હૃદયો શોકસાગરમાં ડૂબી ગયાં; હરિયાળા ક્ષેત્રને કાળહાથીએ આજે વેરાન કરી દીધું.

ભગવાનના શિષ્યો ચોધાર અશ્રુએ રડી રહ્યા છે. અંતેવાસી શિષ્યોને વિભુવીરની વિરહ વેદના વ્યાકુલ બનાવી રહી છે.

અરે ! આજે માનવ મેદની કયાંય માતી નથી. પણ....રોજ ભગવાનની સાથે જ. કાયાની છાયાની જેમ જડાઈ રહેતા ઇંદ્રભૂતિ મહારાજ કેમ દેખાતા નથી ? એક દેવે બીજા દેવના કાનમાં કહ્યું.

દેવરાજ ! વાત એમ છે કે ! ગૌતમ સ્વામીજી મહારાજને ભગવાન ઉપર દૃઢ અનુરાગ છે, ભગવાને પોતાનો નિર્વાણ સમય નજીક જાણીને જ ગુરુ ગૌતમ સ્વામીજીને દેવશર્માને પ્રતિબોધવા માટે મોકલ્યા છે. એમ મારી માન્યતા છે. છતાં પણ આપણે ભગવાનના સમાચાર તો ગુરુદેવને પહોંચાડવા જ જોઈએ. બીજા દેવે કહ્યું.

બંને દેવો ત્યાંથી રવાના થયા.

દૂરની ક્ષિતિજમાં પ્રભાત કાલની ઉષા ઉગી રહી હતી. કાલરાત્રી પોતાનું કાળું મુખ લઈ વિદાય થતી હતી— ગૌતમસ્વામી ધીરે ધીરે અપાપાના ઉદ્યાન તરફ આવી રહ્યા હતા.

મુખ પર આનંદની મસ્તી હતી. હૃદયમાં અપાર દયાની ઉર્મિઓ ઉછળી રહી હતી. તેમનું મન મહાવીર સ્વામીને મળવા ઉત્સુક બન્યું હતું.

દૂરથી આવતાં ગૌતમસ્વામીને બંને દેવો અનિમેષ નયને નીરખી રહ્યા.

કેમ દેવો ! રોજનું હસતું મુખ આજે ઉદાસ કેમ ? વીરના સેવકના વદન કમલ પર મોહની મસ્તી નહિ પણ ત્યાગનાં તેજ તરવરતાં જ હોય. ગૌતમસ્વામી સૌમ્ય ભાષામાં બોલ્યા.

ગુરુરાજ ! કહેતાં જીભ ઉપડતી નથી. ચાલતાં પગ થર થર કંપે છે. હાથ તો હિમની જેમ થીજી જ ગયા છે. અહા ! હા ! હા ! એ શોકસાગરમાં આપને ઝંપાપાત ક્યાં કરાવું ? દર્દભર્યા હૈયે દેવ બોલ્યો.

આજે શું છે ? કયો ઉલ્કાપાત તમારા ઉરને ચીરી રહ્યો છે ? કયો શોકનો મહા સમુદ્ર તમને મુંઝવી રહ્યો છે ? ભગવાનનાં વાકય યાદ રાખી મહાનુભાવો ! કષ્ટના સમયે સમભાવ રાખતાં શીખો ગુરૂજી પુનઃ વદ્યા ગુરૂરાજ ! આપની વાત સત્ય છે. પણ આ શોકસાગર કોઈ નીરાળો જ છે ? અમારા શોકનું કારણ કંઈક અનોખું જ છે !

એ ભલે રહ્યું ! પછી સાંભળીશ ! પણ પહેલું એ તો બતાવો કે મારા મસ્તકના શિરતાજ મહાપ્રભુ તો શાતામાં છે ને ? હમણાં તમે મહાપ્રભુને વાંદીને જ આવતા હશો ! એમ મારૂં માનવું છે ? સશંક વદને સૂરિજી બોલ્યા મહારાજ ! ગુરુરાજ ! એ હૈયાના હાર....મસ્તકના મણિ મહાપ્રભુ આજે રાત્રે જડ જગતનાં બંધનો ને દૂર ફેંકી આપણી વચ્ચેથી વિ....દા...ય....થ....ઈ દેવ પૂરું વાકય ન બોલી શકયો.

વજ્રઘાત જેવાં વચનો સાંભળતાં જ ઇંદ્રભૂતિજી સડક બની ગયા. એક ક્ષણ પણ જેનો વિરહ અસહ્ય હતો એવા મહાપ્રભુની મોંઘેરી વિદાય એમને માટે મહા સંકટ ભરેલી હતી.

ચોધાર આંસુએ ઇંદ્રભૂતિજી રડી રહ્યા.

સ્થાવર અને જંગમ જીવો પણ નિસ્તેજ જેવાં બની ગયાં. ભગવન્ ! ઓ ભગવન્ ! શું તને આ સેવકની સેવા કડવી લાગી. મારા નાથ ! વિરાટ વિશ્વ હવે તારા વિના મારા માટે શૂન્ય છે. વ્હાલા વીર ! જીંદગીભર તારી આજ્ઞા ઉઠાવનારને અંતિમ સમયે તેં દૂર કર્યો. એ તો તને જ શોભે.

વિરહ વેદનામાં વ્યાકુલ બનેલા ઇંદ્રભૂતિજી થોડી જ ક્ષણોમાં અવાક્ બની ગયા. દેવ અને માનવોનું ટોળું ગૌતમસ્વામીને વીંટળાઇ વળ્યું છે. પરંતુ મહા જ્ઞાનીના એ મહા શોકને દૂર કરવાની કોઈની એ તાકાત નથી.

મૂર્છામાંથી જાગૃત થતાં જ ઇંદ્રભૂતિએ ફરીને વિલાપ શરૂ કર્યો. ભગવન્ ! હવે મને ગૌતમ કહેનાર જગતમાં કોણ છે ? ઓ મારા સ્વામી ! થોડી ક્ષણો જો મારી રાહ જોઈ હોત તો શું હું તને બોજારૂપ બનત. જીવને-શ્વર !...ઓ નાથ...હવે હું કોને બોલાવું ! મારા હૃદયનું દર્દ કોને સંભળાવું ? મારું મન મુંઝાઈ રહ્યું છે ? મારૂં તન તારી પાસે આવવા તલસી રહ્યું છે. ઓ કૃપાનીધિ ! દયા કરીને આ દુઃખીને દર્શન આપ ! ઓ....મા....રા...

ના...થ...હ...વે મા...રૂં શું...થ...શે...? બોલતાં બોલતાં ઇંદ્રભૂતિ પુનઃ અટકી ગયા.

સભા તો સ્તબ્ધ જ બની ગઈ!

સૌના વદન પર ચિંતાની ઘેરી વાદળી વરસી રહી હતી.

કોઈની કશું જ બોલવાની તાકાત ન હતી.

ક્ષણો વીતતી જાય છે. દર્દ ભર્યા હૈયે.

ઘટિકાઓ પસાર થાય છે. અદ્ધર શ્વાસે.

પણ....આ શું? મહા આશ્ચર્ય જોઈ સભા આનંદ વિભોર બની ગઈ. ઇંદ્રભૂતિજીનાં તેજ નીતરતાં નયન રશ્મિઓની પ્રભા વધુ સતેજ બની હતી. એમના પ્રભાવક વદન પર પુનઃ પણ આનંદની અસીમ રેખાઓ ઉપસી રહી હતી.

ઇંદ્રભૂતિજીએ આછું સ્મિત વેર્યું.

સભા આતુર નયને નીરખી રહી.

મહાનુભાવો! મહા પ્રભુએ મહામૂલ્ય સિદ્ધ-પદ હાંસલ કર્યું. એ આપણને સંસારને પાર પામવાનો પરમ પંથ ચીંધી ગયા છે. એમનું અતુલ જ્ઞાન આપણને સિદ્ધિનાં સોપાન સર કરવા પ્રેરણા આપી રહ્યું છું.

વીરના સંતાનો! ઉઠો. જાગો. આગે બઢો. મોહની નિંદ્રાને દૂર કરી ત્યાગનો રાગ હૃદયમાં જગાવો. ગૌતમસ્વામીજીએ ગંભીર ગર્જના કરી પણ ભગવન્! ક્ષણ પહેલાંનું આપનું શોકગ્રસ્ત મુખ હર્ષમય બની ગયું. આ મહા આશ્ચર્યનું કારણ શું? સભાએ પ્રશ્ન પૂછ્યો.

મહાનુભાવો! રાગ એ બંધન છે. એ બંધનમાં સપડાયેલ માનવને સાચું સુખ મળી શકતું નથી. આજ સુધી એ રાગના બંધનમાં હું પકડાયેલો હતો. વિભુ વીરે મને ઘણી વખત સમજાવ્યો પણ હું ન સમજ્યો. વીર ભગવાનના નિર્વાણથી મારાં હૃદય દ્વાર ખૂલી ગયાં. રાગ ચોર નાસી છૂટ્યો. આજ સુધી નહિ મળેલ અક્ષય જ્ઞાન મને મળી ગયું છે.

ગુરુ ગૌતમસ્વામી સામે સભા અનિમેષ નયને નીરખી રહી.

ભક્તિ સભર હૃદયે તેમને સ્તવી રહી.

ક્ષણ પહેલાંનો સભાનો શોક ગૌતમ-સ્વામીના કેવલ જ્ઞાનથી આનંદમાં પલટાઈ ગયો હતો.

ગૌતમસ્વામી સ્મિત વદને સભાને સદુપદેશ પાઠવી રહ્યા હતા.

ધન્ય દીવાલી!

એ જ મહા પર્વના દિવસે મહાવીર સ્વામી મુક્તિપુરિમાં પહોંચ્યા. ભગવાન પ્રત્યેનો રાગનો તંતુ, ગુરુ ગૌતમ સ્વામીજીને એ જ દિવસે કેવલજ્ઞાન અપાવવાવાળો બન્યો.

---

[અનુસંધાન પેજ ૨૦ નો શેષ]

કર્યું તે તેના થોડા મૌને કર્યું! તેની દેશ-નાએ મને જીવન આપ્યું હતું પરંતુ તેના અંતિમ મૌને તો મને નવજીવન બક્ષ્યું હતું.

એના મૌને મારી આંખ ખોલી. તે મને એક પણ શબ્દ કહ્યા વિના ચાલ્યો ગયો! પણ તેમ ચૂપ બનીને તો મને ઘણું ઘણું કહી ગયો!! તે અંતિમ મૌને તો મારા ચેતનમાં પ્રાણ ફુંકી દીધો!....

મને ત્યારે જ સમજાયું: "ભગવાનના દેહનો પણ રાગ એ આતમની જંજિર છે. મુક્તિનો અશરત છે: વિરાગ. કોઈનો ય રાગ નહિ..."

આટલું કહી પ્રતિમા મૌન બની ગઈ!



# દિવાળી પર્વની મહત્તા

લે. કુમારભાઈ ચિમનભાઈ શાહ
( વિજાપુર )

**ધનતેરસનું રહસ્ય—**

પર્વનો અર્થ થાય છે ગાંઠ. આ શબ્દનો ઉપયોગ શેલડી માટે થાય છે. તેના માટે એમ કહેવાય છે કે "ગાંઠે ગાંઠે રસ ન્યારો" તથા શેલડીની ઉત્પત્તિ પણ તે ગાંઠમાંથી થાય છે.

આ વાતને ધ્યાનમાં રાખી લોકવ્યવહારમાં આબાલગોપાલ મનોરંજનનું ગણાતું દિવાળી પર્વ વિવેકી આત્માઓને શો બોધપાઠ આપે છે ? તે સમજવું તે વિવેકબુદ્ધિનું મધુરું ફળ છે.

આ દિવસોમાં છઠ્ઠની તપસ્યા કરી પ્રભુ મહાવીર દેવના નિર્વાણ કલ્યાણકની આરાધના માટે દેવવંદન કરવા. ભાવ દિવાળીનો અર્થ જ્ઞાનના દીવાને પ્રગટાવીને જીવનમાં કરાતી સારીનરસી પ્રવૃત્તિઓના સરવૈયા તપાસવા.

આજનો દિવસ લૌકિક વ્યવહારમાં "ધનતેરશ" તરીકે જે ગણાય છે. તેમાં જડ ધન રૂપિયા વગેરેની પૂજા કરીયે છીએ. પણ આમ ન કરતાં આત્માના સાચા અખૂટ જ્ઞાનાદિ ધનની સંભાળ લઈ તેની પ્રાપ્તિ માટે ઉદ્યમી થવું, તે સાચું ધનતેરસનું રહસ્ય છે.

**કાળી ચૌદશનો ભાવાર્થ :—**

જૈન શાસનના પર્વો અને તેની આરાધનાના રહસ્યને સાચી રીતે ન સમજી શકનારા પ્રાણીઓ અનાદિકાળના સંસ્કારોની પકડમાંથી છૂટવા માટે કરાતી આરાધનાની સફળતા મેળવી શકતા નથી.

દિવાળી પર્વ માટે આવું બનવા પામ્યું છે.

આમોદ–પ્રમોદ, મોજ–આનંદ અને વિલાસિતાને પોષક રીતે કાં તો દિવાળીની ઉજવણી થાય છે. અથવા તો આરાધનાના રહસ્યને પામવાની તકેદારીની ખામી છે. અને શિથિલતાને કારણે ખરાબ તત્ત્વનો પગપેસારો થઈ ગયો છે અને થઈ રહ્યો છે. માટે દિવાળીની વાસ્તવિક આરાધના માટે નીચેનું ધ્યાન રાખવા જેવું છે.

દિવાળીનો દિવસ ચરમતીર્થપતિ નીર્ગ્રંથ પ્રભુ મહાવીર દેવનો નિર્વાણ દિવસ છે. એટલે આ દિવસોમાં "નિર્વાણ" એવું યાદ રહેવું જોઈએ.

નિર્વાણ શબ્દનો અર્થ શબ્દશાસ્ત્રની મર્યાદા પ્રમાણે "બુઝાઈ ગયેલ" થાય છે એટલે પ્રભુ મહાવીર પરમાત્માનો કર્મરૂપ અગ્નિ અગર જન્મ–મરણનો અગ્નિ જેમ સર્વથા બુઝાઈ ગયો તેમ દિવાલીની આરાધનાથી આપણે પણ કર્મરૂપ

અગ્નિને વધારનાર દુશ્મનોનો ઘટાડો કરવા પ્રયત્ન શીલ થઈએ તો વાસ્તવિક દિવાલીની આરાધના કરી કહેવાય.

આ વાતને વિવેકબુદ્ધિથી વિચારતાં કાળી ચૌદશ તરીકે આજનો દિવસ ઓળખાય છે.

ગમે તેટલી બુદ્ધિ કે વિચાર ધન–દૌલત અને બાહ્ય સાધનોનો વિકાસ રૂપ પ્રકાશ દેખાતો હોય પણ આત્મ સ્વરૂપની વિચારણાની ખામીથી આ બધું ભવ–વનમાં સપડાવા માટે અંધકાર જેવું છે. જેને આ જાતની ખામી હોય તેને માટે અમાસની અંધારી કાળી ચૌદશની રાત્રી જેવું છે. અર્થહીન છે. એટલે આ દિવસને શિષ્ટ પુરુષોએ કાળી ચૌદશ નામ આપ્યું છે.

આ પ્રમાણે આજના દિવસનું રહસ્ય સમજી આવતી કાલે સાચી દિવાલી ઉજવવા પ્રયત્ન કરવો એ વિવેકીની ફરજ છે.

દિવાળી એટલે ?

આજનો દિવસ મહાન પવિત્ર છે.

આજથી ૨૪૮૭ વર્ષ પહેલાં ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર દેવે ધર્મની આરાધનાના અંતિમ ફળ રૂપ મોક્ષ પદની પ્રાપ્તિ આજની રાત્રિના પાછલા પહોરે કરેલ, આપણે આજે તેની સ્મૃતિ તાજી કરી હર્ષ–શોકની મિશ્ર લાગણીઓનો અનુભવ કરી જીવનપંથ નક્કી કરવાનો રહે છે.

શોક એ બાબતનો થવો જોઈએ કે ગાઢ મોહના અંધકારને ભેદી અનેક ભવ્યાત્માઓને મુકિતના પંથે રાહબર બનાવી સર્વશ્રેષ્ઠ કલ્યાણની સાધના કરાવનાર તીર્થંકરદેવ મહાવીર જેવાની આપણને ખોટ પડી. સોખંડ રૂપી સ્થંભ તૂટી પડ્યો. એ વખતે શી ખબર આપણે ક્યાં હોઈશું ? આપણને તેઓશ્રીના દર્શન ન થયા માટે આપણે હાર્દિક દુઃખની લાગણી અનુભવવી જોઈએ.

હર્ષ એ બાબતનો થવો જોઈએ કે આખુંય જગત વિષમ કલિકાલના પંજામાં ફસાઈ સાચી દૃષ્ટિના અભાવે આત્માના કલ્યાણને સાધવાના સંજોગોને વેરફી રહ્યું છે. પણ આપણને આવા વિષમ કાલમાં પરમ કરુણાલુ તીર્થંકર દેવ ભગવાન મહાવીરનું શાસન મળેલ છે. જેના આધારે આત્મા અનેક ભવના ઉપાર્જેલા કર્મોના સમૂહને દૂર કરી સાચું આત્મકલ્યાણ સહેલાઈથી સાધી શકે.

ભગવાન મહાવીર રૂપી ઝગમગતો પ્રકાશિત દીપક બુઝાઇ ગયો. સર્વત્ર અજ્ઞાન રૂપી અંધકાર ફેલાયો, આ અંધકારને દૂર કરવા લોકોએ ઘેરઘેર દીપકો પ્રગટાવ્યા. અને સર્વત્ર પ્રકાશ ફરીથી થયો. અત્યારે પણ લોકો દીપકો પ્રગટાવે છે.

પણ શાસનના સાચા વારસાને ઓળખી–સમજીને " અંતરાત્મામાં કલ્યાણના પ્રકાશનું અજવાળું પાથરવું એજ સાચી દિવાળી. "

**નૂતન વર્ષની મંગળકામના :—**

જ્ઞાનીઓ પણ શુભ પ્રવૃત્તિમાં એકાગ્રતા-પૂર્વક ટકવાનું બળ ન કેળવી શકેલ જગતને બધી વાતે માંગલિક નિવડે તે સારૂ કાળજી સેવતા હોય છે.

નૂતનવર્ષના મંગળ પ્રભાતે સહુ નવા વસ્ત્રો પહેરી, સ્વભાવની વિષમતા ઉપર પણ કાબૂ રાખી અને આજનો દહાડો સારો તો આખું

વર્ષ સારુ એમ માની, વિવિધ કામનાઓ કે પ્રવૃતિઓ કરતા હોય છે. પણ તે બધીસફળ ક્યારે ! કે જ્યારે આજે કરાતી વિવિધ કામનાઓ કે પ્રવૃતિઓનાં અંતિમ ફળરૂપ સુખશાંતિને આવવા માટે જીવનમાં અનુકૂળ વાતાવરણ સરજાય.

સુખશાંતિને જીવનમાં સ્થાપિત કરવા " મનો મંદિરમાંથી રાગદ્વેષ, વિષય-કષાય અને ઇર્ષ્યા, અસહિષ્ણુતા વગેરે કચરાને સાફ કરવાની તથા ક્રોધ, માન, માયા, લોભ, અહંભાવ, પૌદ્ગલિક રાગ અને વિષય તૃષ્ણારૂપી જૂના વસ્ત્રો ઉતારી ક્ષમા, નમ્રતા, સરલતા સંતોષ, વિનય, નિઃસ્પૃહતા અને વૈરાગ્યરૂપ નવાં કપડાં પહેરી વીતરાગ પરમાત્માના વચનોને જીવનમાં ઉતારવાની પ્રવૃત્તિરૂપ ફરનીચર ગોઠવી, સાચી સુખશાંતિ ને નોતરી તેના સત્કાર માટે શુભ સંકલ્પ આજના મંગલ પ્રભાતે સહુએ કરવો જોઇએ. "

આ સંદેશાને સમજી-વિચારી સહુએ નવું વર્ષ સાચી રીતે મંગલમય બનાવવું જોઇએ.

સમાલોચના :

**સમાસ સુબોધિકા** :—સંપાદક-પુખરાજજી અમીચંદજી પ્રધાનાધ્યાપક-જૈન પાઠશાળા-મહેસાણા પ્રકાશક:-શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા ક્રાઉન ૧૬ પેજી ૮૦ પેજ મૂલ્ય૦-૭૫ ન. પૈ.

સમાસ માટે ઘણું ઉપયોગી અને સરળ તેમજ વિવિધ સમાસને લગતાં દષ્ટાન્તોથી ભરપૂર છે વર્ષોથી જેની સમાજમાં ખોટ હતી તે ખોટને પુરું પાડે છે. સમાસના અભ્યાસકોને પુસ્તક અતિ ઉપયોગી છે.

ઘરાક : શેઠ, મને આ દાગીના ઉપર રૂપિયા જોઈએ છે.

શેઠ : કેટલા અને કેટલી મુદત માટે ?

ઘરાક : રૂા. ૪૦૦ એક વરસ માટે. કેટલું વ્યાજ લેશો ?

શેઠ : શિયાળામાં એક, ઉનાળામાં બે અને ચોમાસામાં દોઢ ટકો.

ઘરાક : શેઠ, એમ વધતું ઓછું શા માટે ?

શેઠ : શિયાળામાં દિવસ ટૂંકા, ઉનાળામાં લાંબા અને ચોમાસામાં સરખાઈ હોય છે તેથી.

× × ×

# ભગવાન મહાવીરસ્વામી

લે. બાબુલાલ મ. શાહ

જ્યારે જ્યારે ધર્મ ભયમાં મૂકાય. અજ્ઞાન, અનાચાર, દંભ, પાખંડ અને હિંસા વ્યાપક બનીને ફાલે ફુલે ત્યારે ત્યારે જ્ઞાન પ્રકાશ ફેલાવી ઉધ્ધરણ કરનાર મહાન વિભૂતિનું અવતરણ સ્વાભાવિક બને છે.

આવાજ કાળે અઢી હજાર વર્ષ પૂર્વે વિશ્વોદ્ધારક કરુણા મૂર્તિ, કલ્યાણમૂર્તિ, વિશ્વ-વિભૂતિ, ભગવાન મહાવીરસ્વામીનું આ ભૂમંડલ ઉપર અવતરણ થયું.

ઈ. પૂ. ૫૯૮ વર્ષે ભગવાન મહાવીર સ્વામીનો જન્મ થયો. ક્ષત્રિયકુંડ નગર તેમનું જન્મસ્થાન. પિતા સિદ્ધાર્થ રાજા. માતા ત્રિશલાદેવી.

ભગવાન માતાના ગર્ભમાં આવતાં માતા ત્રિશલાદેવીએ અતિ પ્રકાશમાન ચૌદ ઉત્તમ સ્વપ્નો જોયા. સ્વપ્નની વાત પતિ સિદ્ધાર્થ રાજાને જણાવી. રાજાએ દેવીને કહ્યું. 'ઉત્તમ સ્વપ્નો ગર્ભમાં કોઈ ઉત્તમ જીવ આવ્યાનું સૂચવે છે અને ખરેખર આ જગતમાં તે ઉત્તમ પુરુષ થશે.'

સવારમાં રાજાએ સ્વપ્ન પાઠકોને તેડાવ્યા. તેમને સ્વપ્નની વાત જણાવી. સ્વપ્નપાઠકોએ આ જગતનો તે મહાન પુરુષ થશે તેમ જણાવ્યું. રાજાએ સ્વપ્નપાઠકોને ઘણું દ્રવ્ય આપી સંતોષી વિસર્જન કર્યા.

ચૈત્ર શુદ ૧૩ ના મહા મંગલકારી દિવસે પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ થયો. માતા પિતાના હર્ષનો પાર ન રહ્યો. ઘર ભર્યું ભર્યું બન્યું. પુત્ર ગર્ભમાં આવતાં ધન, ધાન્ય, માન, યશ બધું વધવા લાગ્યું એટલે માતા પિતાએ પનોતા પુત્રનું વર્ધમાન નામ પાડ્યું.

ક્રમે વર્ધમાન મોટા થયા. સાત્વિક, નિડર, નિર્ભય. બાળકોની સાથે રમતમાં એ અગ્રેસર. કોઈથી ગાંજ્યા ન જાય. નિર્ભય વર્ધમાને એક વખત રમતમાં ભયંકર સર્પને હાથમાં પકડી દૂર ફેંકી બધા બાળકોને નિર્ભય કરેલા. નાનકડા વર્ધમાનના આ પરાક્રમે વર્ધમાનની વીરતાના સૌ વખાણ કરવા લાગ્યા.

વર્ધમાન યૌવનને ઉંબરે આવી ઉભા. મહા તેજસ્વી, સંયમી, જિતેન્દ્રિય. યૌવનકાળ એ કામદેવની લીલાભૂમિ છે. એ કાળે કામદેવના બાણો યુવાનોને ચપળ બનાવી મૂકે છે, પણ સંયમી વર્ધમાનનું મન યૌવનની પુર બહાર છતાં જરાયે ચપળ થયું નથી. કામદેવનો વિચાર સુદ્ધાં માનસ પ્રદેશમાં પ્રવેશ પામતો નથી.

યુગ્ય ઉંમરે પહોંચતા માતા પિતાને પુત્રને પરણાવી વહુ ઘેર આણવાના કોડ હોય છે, પણ વર્ધમાનની એ તરફની ઉદાસીનતાએ માતા પિતા વિચારમાં પડી જાય છે. વર્ધમાનને સમજાવે કોણ? મિત્રો પાસે વર્ધમાનને સમજાવવા પ્રયાસ કરે છે. મિત્રોને સફળતા મળતી નથી. માતા પિતા મુંઝાય છે. શું કરવું! પુત્ર હા ભણતો નથી. આખરે માતા ત્રિશલાદેવી

સ્નેહાર્દ્રભાવે અને કરુણાભર્યા હૃદયે પુત્ર વર્ધમાનને સમજાવે છે, મનાવે છે, પ્રેમાળ માતાના મમતા ભર્યા આગ્રહને વશ થઈ વર્ધમાન વિવાહ માટે હા ભણે છે.

માતા પિતાએ વર્ધમાનને યશોદા સાથે પરણાવ્યા. લગ્નજીવનના ફળ તરીકે તેમને પ્રિયદર્શના પુત્રીરત્ન સાંપડ્યું. વર્ધમાનની અઠ્ઠાવીસ વર્ષની વય થતાં વહાલા માતા પિતા સ્વર્ગે સિધાવ્યા વહાલા માતા પિતાનો વિયોગ વર્ધમાનને ઘણો સાલવા લાગ્યો. પણ ભાવીભાવને સમજવાવાળા સમજુ વર્ધમાને મનને મનાવ્યું.

માતા પિતા સ્વર્ગે સિધાવતાં ખાલી પડેલી પિતાની રાજ્ય ગાદી શોભાવવા મોટાભાઈ નંદિવર્ધન વર્ધમાનને વહાલથી ખૂબ આગ્રહ કરે છે. જે રાજ્યગાદી માટે પુત્ર પિતાનો અને ભાઈ ભાઈનો નાશ કરવા તૈયાર થાય છે. તે રાજ્યગાદી ખુદ મોટાભાઈ વહાલા નાનાભાઈ વર્ધમાનને શોભાવવા વહાલથી ખૂબ આગ્રહ કરે છે. કેવો ભવ્ય બન્ધુ પ્રેમ! કેવો ભવ્ય ભ્રાતૃભાવ! રામ અને ભરતના પ્રેમનું કેવું આદર્શ આ ઉદાહરણ! આર્ય સંસ્કૃતિની કેવી ઉજ્જ્વળ આ યશોગાથા!

વર્ધમાનનું જીવન તો વિરાગી જીવન હતું. મન સંસાર છોડી ત્યાગ જીવનને કયારનું એ તલસી રહ્યું હતું. એ વર્ધમાન રાજ્યગાદી માટે હા ભણે? કહ્યું. 'મોટાભાઈ! આ શું બોલ્યા! રાજ્યગાદી તો આપ જ શોભાવો. આપનો અપ્રતિમ બન્ધુ પ્રેમ રાજ્યગાદી પર મને શોભાવી કૃતકૃત્ય થવા તલસી રહ્યો છે એ હું જાણું છું. પણ મોટાભાઈ! મને કશાનો મોહ નથી. મારું મન સંસાર ઉપરથી ઉડી ગયું છે. વહાલા માતા પિતા હતા ત્યાંસુધી સંસારમાં રહેવાનું નક્કી કરેલું. વહાલા માતા પિતા સ્વર્ગે સિધાવ્યા. હવે આપ રજા આપો. ત્યાગ માર્ગ પ્રતિ પ્રયાણ કરું.'

મોટાભાઈ નંદિવર્ધન દુઃખી દુઃખી થયા. કહ્યું. 'વહાલા ભાઈ! માતા પિતાનો વિયોગ હજુ તાજો જ છે. તેમના વિયોગનું દુઃખ હજુ શમ્યું નથી. ત્યાં તમારો વિયોગ મને શે સહેવાશે? માટે પ્યારા ભાઈ! એવી વાત ન કરો.' પરંતુ વર્ધમાનનો મક્કમ નિર્ણય જોઈ બે વર્ષ થોભી જવા વિનવ્યા. મોટાભાઈની ઈચ્છાને માન આપી વર્ધમાન બે વર્ષ થોભ્યા, પણ એક સાધુ પુરુષની જેમ નિર્લેપ. નહીં કશામાં રાગ કે નહીં કશામાં મોહ. સાધુ પુરુષની જીવનચર્યાથી એમણે બે વર્ષ વીતાવ્યા.

૩૦ વર્ષની ભર યુવાનવયે વર્ધમાને સંસારનો ત્યાગ કર્યો, સર્વની વિદાય લઈ વર્ધમાન ચાલી નીકળ્યા. વર્ધમાનને જતાં જોઈ મોટાભાઈ નંદિવર્ધન, પત્નિ યશોદા, પુત્રી પ્રિયદર્શના, બહેન સુદર્શના તથા સર્વ જનસમુહની આંખો આંસુથી છલકાઈ ગઈ. દૃષ્ટિપથમાં આવે ત્યાંસુધી વર્ધમાનને જતાં સૌ જોઈ રહ્યા.

વર્ધમાને નિશ્ચલ ધ્યાન લગાવ્યું. ઘોર તપ તપ્યા: ભયંકર ઉપસર્ગ—ઉપદ્રવ સહન કર્યા. આકરી કસોટીમાંથી પસાર થયા.

બાર બાર વર્ષની વર્ધમાનની અતિ ઉગ્ર સાધના ફળી. જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ વર્ધમાને આત્મસાત્ કર્યો—વર્ધમાનને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

નમસ્કાર હો અતિ ઉગ્ર સાધના બળે દિવ્ય જ્ઞાન પ્રકાશ પ્રાપ્ત કરનાર વીરના પણ વીર મહાવીર વર્ધમાનને, વંદન હો વર્ધમાન મહાવીરને.

મહાવીરે લોકોને ધર્મ સમજાવ્યો. અહિંસા વિશ્વપ્રેમ–વિશ્વબંધુત્વનો વિશ્વને સંદેશ આપ્યો. યજ્ઞાદિમાં થતી નિરર્થક પશુહિંસાને અટકાવી. અનાચાર, દંભ અને પાખંડનું ઉચ્છેદન કર્યું. કરુણાના અવતાર મહાવીર લોકહૃદયમાં કરુણામૂર્તિ મનાયા. કલ્યાણમૂર્તિ મનાયા.

આ લોક ઉપર અનેકવિધ ઉપકાર કરી ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી આસો વદિ અમાવાસ્યાની રાત્રિએ એ ભાવપ્રકાશ નિર્વાણ પામ્યો. લોકોએ દીવડાઓનો દ્રવ્ય પ્રકાશ કરી એ ભાવ પ્રકાશની સ્મૃતિ જાળવી રાખી. આજે લોકો એને દીવાળી નામથી ઓળખે છે.

ક્રોડો વંદન હો કરુણાની મૂર્તિ કલ્યાણમૂર્તિ વિશ્વવિભૂતિ ભગવાન મહાવીર સ્વામીને.

## ગૌતમ વિરહ વ્યથા

એકલો મને મૂકીને ચાલ્યા એકલો પ્રાણાધાર.
એકલવાયુ જીવન કેમ જીવાશે પ્રાણાધાર.
મોડ હતા માથાના મારા જીવનના આધાર,
કશીએ ચિંતા ન હોતી મારે છત્ર હતા શણગાર,
આપ પ્રતાપે ઉજળો હતો હું બોજ હતો ન લગાર.
શિરછત્ર પ્રભુ તમે ચાલ્યા રે જાતાં કીમ ઉપડશે ભાર ?
મિથ્યામતિનો પાર ન જગમાં કીમ રહેશે પ્રભુ લાજ ?
હામ હિંમત પ્રભુ હૈયે ન મારે કીમ વહેવો વહેવાર ?
અભાગી અહા ! નિર્ભાગી અહા ! હું નિર્વાણે હતો બહાર.
દર્શ ન પામ્યો પ્રભુજી તમારા ખેદ તણો નહીં પાર.
પ્રીત પ્રભુ શું યાદ ન આવી કે મારો કૈં અપરાધ ?
ધિક્ ધિક્ નિંદુ આતમ માહરો ટાણે ન હું તુજ પાસ
અહાહા ! અહાહા ! યાદ જ આવ્યું આપ હતા વીતરાગ.
પડખું સેવ્યું પ્રભુજી તમારૂં ન ઓળખ્યા વીતરાગ.
હિતબુદ્ધિથી પ્રેરાઈ પ્રભુજી ભલું કીધું તમે કાજ.
નિર્વાણે મને બહાર મોકલી કીધો ઘણો ઉપકાર.
આપે વિચાર્યું ગૌતમને છે મુજ ઉપર અતિ રાગ.
નિર્વાણે એ ખેદ પ્રસારી કરશે નિજ ગુણ ઘાત.
'એગો હં નત્થિ મે કોઈ' ભાવના ભાવે સ્વામ.
ગુણ શ્રેણીએ આરોહણ કરતાં પ્રગટ્યું કેવળ જ્ઞાન.
આતમના અજવાળે ઓપતા ગુરુવર ગૌતમસ્વામ.
આતમ અમારો અજવાળે ઓપતો કરજો નિર્મળ સ્વામ !

બાબુલાલ મ. શાહ.

# ધન્ય અમાવાસ્યા! ધન્ય દિવાળી!

લે. પૂ. પંન્યાસજી ભાનુવિજયજી ગણિવરનો ચરણકમળ ભૃંગ મુનિ ધર્મગુપ્ત-વિજય અમદાવાદ દશાપોરવાડ સોસાયટી.

દિવાળી! તારૂં સોભાગી આગમન કેવું કે તારા માત્ર આગમનના મીઠા સ્મરણે પણ આબાલગોપાલ હર્ષિત બને છે. હૈયામાં ગીલગીલીયાં થાય છે. ત્યાગી, ભોગી બંને આનંદમાં આવી જાય છે. તો તારૂં સાક્ષાત્ આગમન તો શું શું હૈયામાં ઉલ્લાપાત નહીં મનાવે? પણ પ્રાયે દરેકના આનંદનાં ક્ષેત્રો, આનંદ લૂંટવાના વિષયો જુદી જુદી દૃષ્ટિથી યાદ કરી હર્ષિત થાય છે.

ભોગીને તું ભોગનું દાન કરે છે, બાળકને તું મીઠાઈ અને ફટાકડા અર્પે છે. અને વૃદ્ધને તું ઝીણી તીખી સેવો આપી આનંદિત કરેછે.

ત્યાગીને અને ભગવાન મહાવીર દેવના સાચા ભક્તોને તું ચરમ ઉપકારી પ્યારા મહાવીરદેવના ભવ્ય જીવનની યાદ આપે છે. ભગવાનની ભવ્ય કઠોર ઉગ્ર સાધના તેઓના અમાપ વિશ્વોપકાર ઉપર દૃષ્ટિપાત કરાવે છે. અને તેમાંથી ત્યાગની, તપની, સમતા અને સાધભવ્ય પ્રેરણા આપી જાય છે.

ભગવાનનો સાચો ભક્ત ભગવાનને દિવાળીના દિવસે જુદી રીતે યાદ કરે છે. ભગવાન મહાવીરદેવે આજથી લગભગ ૨૫૦૦ વર્ષો પૂર્વની આસો વદ ૦)) ની ચરમ ધન્ય રાત્રિએ અનાદિ ચારગતિમય સંસારના સમસ્ત ખાતાં ચૂકતે કરી અનંતગુણોની કમાણીનું નિતરતું સરવૈયું તારવ્યું. કર્મનાં અનંતાં દેવાં આજની રાત્રિએ ચૂકતે કર્યાં. સમસ્ત દોષોની નુકશાની ભરપાઈ કરી અનંતી આત્મસમૃદ્ધિ હસ્તગત કરી. આપણે પણ અનંત આત્મસમૃદ્ધિ હસ્તગત કરવા પુરુષાર્થી બનશું?

અનાદિકાળથી સંસારમાં પાથરેલી શેતરંજ ઉપર જે અનાદિકાળથી અઢાર પાપસ્થાનકના સોદા થતા હતા, જેના ઉપર આશ્રવની મેલી રમતો રમાતી હતી તે શેતરંજને પ્યારા વીરે સમેટી લીધી. સાધવાનું બધું સાધી લીધું, કરવાનું બધું કરી લીધું. મેળવવાનું મેળવી લીધું, ઇચ્છવાનું ઇચ્છી લીધું જેથી ભગવાન કૃતકૃત્ય બની ગયા. જન્મ-જરા-મરણના જાલીમ બંધનોમાંથી સદાને માટે મુક્ત બની સદાસ્થિર, સદાશિવ, સદા આનંદ અને જ્ઞાનના ધામભૂત સિદ્ધાલયમાં અનંતકાળ માટે બેસી ગયા.

જ્યારે આપણે આ દિવસે આપણા જીવનનું સરવૈયું કાઢીયે તો શું તારવણી નિકળે? લૌકિક ધનમાલના નફાતોટાનું તો સરવૈયું મૂર્ખ જેવા વેપારીઓ પણ કાઢે છે. પણ શ્રાવક વ્યાપારી, જૈન વ્યાપારી તેવા દુન્યવી લાભના માત્ર સરવૈયા કાઢી ખુશી ન થાય પણ આત્માની સારી-નરસી કરણીનું સરવૈયું કાઢે, ગુણદોષોનું સરવૈયુ કાઢે, પાપ પુણ્યનું સરવૈયુ કાઢે. ગઈ દિવાળી કરતાં કેટલા દોષોનું નુકશાન ભરપાઈ કર્યું અને કેટલા ગુણોનો નફો તારવ્યો, કેટલી પરપૂદ્ગલની ગુલામીમાંથી મુક્ત બન્યો, દેવગુરૂ ધર્મ કેટલો હૈયે સ્પર્શ્યો તેનું સરવૈયું કાઢે, અને તેમાં એકલું નુકશાનજ

દેખાય તો ભારે હૈયે કલ્પાંત હોય. બીજે વર્ષે નુકશાનને ભરપાઈ કરવા માટે આંજના નૂતન પ્રભાતે સચોટ નિર્ધાર સાથે ધીખતો પુરૂષાર્થ આદરી દે.

અમાવાસ્યાની રાત્રિએ સર્વશ્રેષ્ઠ ભાવદીપકનો વિરહ પડયો. તે શ્રેષ્ઠ ભાવદીપકનો વિરહ સ્મૃતિપથમાં રહે તે માટે તેલના અને ઘીના દીવા કર્યા. ત્યારથી દિવાળી પર્વ શરૂ થયું. તે આજ સુધી દીપક પગટાવવાનો રીવાજ અને આજના વિજ્ઞાનના યુગમાં ઇલેક્ટ્રીક રોશની શરૂ થઈ, આગળ વધીને ત્યાગનો આદર્શ ભૂલાયો અને તે મહાનિર્વાણના મંગળ-દિવસે મેવા મીઠાઈ ખાવાનું. કપડાંની સજાવટ. ઘરોની સાફસૂફી અને રંગામણ શરૂ થયાં. તેમાં આત્મઘરની સાફસૂફી ભૂલાઈ અને માટીના દેહને શણગારવાનુંજ ચાલી પડયું. આત્મઘરમાં વાસનાની કાળાશ કાઢી ભાવનાનો સફેદો લગાડો. નહિતર કાયાની, કપડાની અને ઘરની ઉજળામણમાં તો આત્મા કાળો થઈ રહ્યો છે. દેહને દિવાળી તો આત્માને પુણ્યની હોળી. મેલા આશય પલટી પરમાત્મા મહા-વીરદેવના આદર્શો અને તેમના સંયમમાર્ગે તમારી જીવનનૌકાને આગળ ધપાવો.

દિવાળી પર્વની ભવ્ય ઉજવણી પાછળનો હેતુ પ્રભુ મહાવીર દેવની નીકટમાં જવાનો છે. તેમની નીકટમાં તોજ જવાય કે તેમના આદર્શોને અપનાવવામાં અને તે આદર્શો મુજબનું જીવન ઘડતર કરવામાં આવે તો. આ નૂતન વર્ષના ચોપડામાં મહાવીર પરમાત્મા જેવો સંયમપુરુષાર્થ પસટો. શાલીભદ્રનો ત્યાગ અમારામાં આવો અને ગૌતમગણધર જેવો વિનય આવો—આવું આવું લખજો અને જીવ-નને અજવાળી આપણી પણ આત્મજ્યોત એકદિ મહાવીર પરમાત્માની જ્યોત ભેગી ભળી જાય. એજ શુભેચ્છા—

અતુલ અને અવિનાશ સડક પર ચાલ્યા જતા હતા. ત્યાં એક કુતરો ભસતો ભસતો તેમની પાછળ પડયો. તે જોઈને અતુલ ગભરાયો. આથી અવિનાશ બોલ્યો તું ડર નહિ, ભસ્યા કૂતરા કરડે નહિ એ કહેવત છે! ત્યારે અતુલે કહ્યું કે મને તો ખબર છે પણ આ કુતરાને ખબર નથી.

× × ×

એક ભાઈને જોષીએ જણાવ્યું કે તમે એક વરસમાં મરી જશો, ભાઇએ કહ્યું કે કેવી રીતે જાણ્યું? ત્યારે જોષીએ કહ્યું કે તમારા હાથની, આ વાંકી રેખા પરથી તે તરત જ જાણી શકાયું.

ભાઈ : નહિ, કાંઈ ભૂલ થઈ જણાય છે. એમ તે કાંઈ હોય?

જોષી : કદી ભૂલ ન પડે. તમે જરૂર એક વરસમાં મરી જશો. પણ તે કયું વરસ તે હું ચોક્કસપણે કહી શકતો નથી.

+ + +

# દિવાળી......ભાઈબીજ

રજુ કરનાર : ભગુ શાહ

"દિવાળી આવે છે."

"તેમાં નવું શું કહ્યું ? હર વરસ આવે છે એવી આ વરસે પણ આવશે."

"પણ જરા સાંભળો તો ખરા...."

"તારા કહેવામાં સાંભળવા જેવું શું હોય છે ?"

"કપાળ તારૂં ! એકદમ ટપકી પડે છે વચમાં ને...."

"સારૂં સાહેબ. નહિ બોલીયે બોલો શું ફરમાવો છો ?"

"હું કહેતો હતો "દિવાળી આવે છે." પણ આપણા દિવાળી પર્વની શરૂઆત કેમ થઈ, ભાઈબીજની પ્રથા કેવી રીતે અમલમાં આવી તે ખબર છે ?"

"આ વળી નવુંભાઈ ! આપણે આવું કાંઈ જાણતા નથી. ચાલ, તું જાણતો હોય તો કહેવા માંડ."

"તો સાંભળો."

ભગવાન મહાવીરસ્વામી જીવંત હતા, આ પૃથ્વી પર પરિભ્રમણ કરી, દેશના દઈ અનેક જીવોને મોક્ષ માર્ગના રાહી બનાવતા તો અનેક એમના ઉપદેશને અનુસરી સ્વર્ગના સુખ અનુભવતા હતા. સાથે હતા. ઇંદ્રભુતિ ગૌતમ આદિ અગીયાર ગણધર ભગવંતો અને શિષ્ય પરિવાર.

ગૌતમ ગણધરને આજે પણ આપણે યાદ કરીએ છીએ તેમની લબ્ધિ માટે. અનેક લબ્ધિ મેળવનાર ગૌતમ સ્વામી આજે આપના ચોપડાના પહેલા પાને પ્રથમ પંક્તિમાં બીરાજે છે. "ગૌતમ સ્વામીની લબ્ધિ હજો." આટ આટલી લબ્ધિના સ્વામી છતાંય એ તો પ્રભુ વીરના શિષ્ય હતા. ન લબ્ધિનું અભિમાન, ન જ્ઞાનનો ગર્વ. સાગર કયારેય માઝા મુકે ખરો? અને આજ ગૌતમ સ્વામીને હાથે અનેક જીવોએ દીક્ષા લીધી, અરે ! કેવળજ્ઞાન પામ્યા. પ...ણ, ગૌતમ સ્વામીને તો કેટલી ય વાર કેવળીની આશાતના કર્યા બદલ પશ્ચાત્તાપ જ કરવો પડતો. કારણ કે હજુ એ જ્ઞાન મેળવવા એ ભાગ્યશાળી નહોતા થયા.

આવા ગૌતમ સ્વામી આજ દેવશર્મા બ્રાહ્મણને પ્રભુ મહાવીરની આજ્ઞાથી પ્રતિબોધવા ગયા છે. ચરમ તીર્થપતિ વર્ધમાન સ્વામી–મહાવીર સ્વામી પાવાપુરીમાં પધાર્યા છે. અઢાર અઢાર દેશના રાજાઓ અહીં હાજર છે. પ્રભુ વીરની અંતિમ દેશનામાં સહુ સ્નાન કરી રહ્યા છે, શાંત અમીરસનું પાન કરી રહ્યા છે. દેશના પુરી થઈ. પ્રભુ મહાવીર પણ આયુષ્ય પૂર્ણ થતા આ સંસારને તજી મોક્ષ માર્ગના વાસી બનવા ચાલી નીકળ્યા છે. અર્થાત્ પ્રભુ વીર નિર્વાણ પામ્યા. શોકનું

વાતાવરણ ચારે બાજુ ફેલાઈ રહ્યું છે. સૂર્યનો અસ્ત થયો છે. અંધકારનું સામ્રાજ્ય સ્થપાયું છે.

આચાર્ય ભગવંત સુધર્માસ્વામી, ગણધર ભગવંતો, શિષ્ય સમુદાય, અને ચતુર્વિધ સંઘ ભેગો થયો છે. પ્રભુ (ભાવદીપ) ગયાનું દુઃખ સર્વના હૃદય પર છે. પરંતુ આવા સર્વ કર્મથી મુક્ત થઈ મોક્ષ પામનાર મહાન આત્માની પાછળ શોક કેવો ? સહુ વિચાર કરે છે કે કરવું શું ? અને આખરે નિર્ણય કરે છે કે પ્રભુ વીર મોક્ષ પદ પામ્યા. આપણો ભાવ દીપક ગયો. હવે તો આપણે દ્રવ્ય દીપક પ્રગટાવવો જ રહ્યો.

અને અઢારે રાજવીઓએ પોતાના નગરોમાં પ્રભુ વીરનો શોક આ રીતે પળાવ્યો. મહાવીરરૂપી ભાવ દીપકનો અસ્ત થતાં ઘેર ઘેર દ્રવ્ય દીપક પ્રગટાવવાની રાજ આજ્ઞા બહાર પાડી. એક તો રાજ આજ્ઞા ! અને તે ય પાછી ચરમ તીર્થપતિ ભગવાન મહાવીરની પછી શું બાકી રહે ? ઘેર ઘેર દ્રવ્ય દીપક થયા.

અ...ને, અને ? સાપ ગયા ને લીસોટા રહ્યા. કાળક્રમે આ વાત ભુલાતી જાય છે. તે છતાંય આદતના જોરે, અથવા તો રિવાજ મુજબ આજે પણ ઘેર ઘેર દીવા થાય છે. દિવાળી ઉજવાય છે.

" મારે દિવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને." તેમ જ " મહાવીર સ્વામી મુગતે પહોંચ્યા, ગૌતમ કેવળજ્ઞાન રે " એ વાત આજ ધીમે ધીમે ઝાંખી થતી જાય છે.

× × ×

મહાવીર પ્રભુના વડિલ બંધુ નંદિવર્ધનના શોકનો પાર નથી. પ્રભુ વીરના નિર્વાણના સમાચારે એમનું મગજ બહેર મારી ગયું છે. ન રાજકાજમાં રસ ન ખાવા પીવામાં. ગૌતમ સ્વામી પ્રભુના પ્રથમ ગણધરે તો વિલાપ કરી હદ વાળી હતી. પ...ણ એ તો હતા જ્ઞાની અને ત્યાગી. રાગદશા સમજ્યા, પાછા ફર્યા એ દશામાંથી, અને અત્યાર સુધી ન મેળવેલું કેવળજ્ઞાન મેળવ્યું. પણ આ હતા રાગી, અને તેમાંય સંસારી. વીર લઘુ બંધુ વર્ધમાનને ભુલવા પ્રયત્ન કરે છે અને વધુ યાદ આવે છે. પછી રાજકાજ કે ખાવાપીવામાં કયાંથી રસ રહે !

ચલચિત્રની માફક એક પછી એક વાત યાદ આવે છે. યાદ આવે છે બાળપણ ને સંસ્મરણો જાગે છે યુવાવસ્થાના અરે ! દિક્ષા પહેલાંનો પ્રસંગ જાણે નજર સમક્ષ તરવરે છે.

" માતાના મરણનો ઘા તાજો જ છે. ત્યાં તો વર્ધમાન આવે છે અને દિક્ષાની રજા માંગે છે. વડિલ બંધુ નંદિવર્ધનનું હૃદય હાલી જાય છે. અને વર્ધમાનને બે વરસ થોભી જવાનું કહે છે. "

અને એ વર્ધમાન નંદિવર્ધન કરતાં અનેક ગણા જ્ઞાની અને શક્તિવાળા જરાય વિચાર કર્યા વગર વડિલ બંધુની વાત મંજુર રાખે છે. એ યાદ આવતાં જ નંદિવર્ધનની આંખ આંસુથી છલકાઈ જાય છે.

" બેનીની જોડ જગમાં નહિ મળે રે લોલ. " એવી બેન આવીને સામે ઊભી રહી છે છતાંય દુઃખમાં ડુબેલા નંદિવર્ધનને ખ્યાલ નથી. સ્વજનના મૃત્યુનું દુઃખ કોને ન હોય ? છતાંય મનને મજબુત કરી બેન આવી છે. નંદિવર્ધનની આ સ્થિતિ જોતાં એકઠી કરેલ

[ જુઓ અનુસંધાન પેજ ૨૮ ]



# ગાતા ફુલ

લે. વિમર્શ

એ રાતે મેં આશ્ચર્યોનું એક આશ્ચર્ય અનુભવ્યું.

સદાય પ્રવૃત્તિથી ધબકતો ગગનનો દરબાર તે રાતે એકદમ શાંત હતો.

હંમેશા હસતા અને ધીમું ધીમું ગણગણતા પેલા તારકવૃંદો એ નિશાએ ચુપચુપ બેઠા હતા. હોઠ તેમના બંધ હતા અને હૈયું તેમનું ધ્રુજતું હતું.

આમ તો કજ્જલશ્યામ રજની એની કાળાશમાં પણ રોજ સુંદર દેખાતી હતી. પરંતુ આજ તેના એ અંધાર પટલમાં મેં તેને મૌન સારતી ને ઉદાર દીઠી.

હવા પણ ધીમા પગલે ડગ ભરી રહી હતી. રખેને ! એના વધુ અવાજથી કંઈક અવનવું બની જાય !

પ્રકૃતિનું અણુએ અણુ ઉના શ્વાસ ભરતું હતું. સદાય જે આંખોમાં ઉમંગ નાચતો હતો ત્યાં તે રાતે ઉદાસી તેનું સોગીયું મોં કરીને બેઠી હતી.

મેં જ્યાં જ્યાં નજર નાંખી ત્યાં ત્યાં મેં શોકની એક ઘેરી ને કડવી, હૈયું ગૂંગળાવી નાંખે તેવી દર્દીલી તાસીર જોઈ!

મારું હૈયું પણ ભારે બની ગયું હતું, મને પણ જાણે એમ લાગવા માંડયું કે કોઇ મારા કાળજાની ધીમે ધીમે એક પછી એક માંસપેશી કાઢી રહ્યું છે !....મારું અંતર કોઈ અંતર્ધનગૂઢ વ્યથાથી પીસાઇ રહ્યું ! મારે રડવું હતું. મન પર કોઈ અસહ્ય ભારે બોજ લદાઇ રહ્યો હતો. પરંતુ તે રાતે તો આંસુ ખૂદ તેમનું જીવન નીચોવતા હતા !

ત્યાં મેં સાંભળ્યું: "વી....ર...ગ..યા...."

મારા અંતરમાંથી એક ચીસ નીકળી ગઈ !....

"વી....ર ! મારા નાથ ! આરાધ્ય દેવ ! તું ગયો ? ના....ના....તેમ બને જ નહિ. ઊભો રહે ! દેવ ! હું આ આવ્યો. ના.... મારા દેવ ! ના....તું મરે જ નહિ. તું તો અમર છે, મારા જીવિતેશ ! અમર છે."

આમ બબડતો, ગાંડા જેવો બની હું દોડ્યો. જ્યાં મારો વીર શાંતિનો છેલ્લો શ્વાસ મુકીને બેઠો હતો.

પરંતુ ત્યાંનું દૃશ્ય જોઈ હું તો ઠરી જ ગયો !....

જે મોં પર મેં સદાય ભયંકરતાની તંગ

રેખાઓ જોઈ હતી એ રેખાઓને મેં તે ઉદાસ રાતે નરમ બનેલી જોઇ !

જે આંખોમાં મેં હંમેશા નિર્દયતાની ભયંકર ને પ્રચંડ જ્વાળાઓ જોઈ હતી તે આંખોને મેં એ ગમગીન રાતે રડતી જોઇ !...

નિરંતર જે હોઠો પર મેં સખ્તાઈ ને ક્રુરતા જોઇ હતી એ હોઠોને મેં તે વિષાદી રાતે રુદનના મૂસ્કામાં થર થર ધ્રૂજતા જોયા !!!

મેં કંઈક કુણા ને કોમળ શૈશવ, કંઈક એવાં ઉમંગી ને ઉત્સાહી અરમાનભર્યાં યૌવન ને તેની હથેળીમાં મસળાતા જોયાં છે. એવી એ લોહીયાળ હથેલીને મેં તે અમાસી રાતે નિર્બળ ને નિવીર્ય, ધ્રૂજતી ને આંસુ ભીની જોઈ !...

શાસ્ત્રોએ તો એને દેવ કહી તેની પૂજા કરી છે, પરંતુ સાધુના વેષમાં ફરતો તે શયતાન હતો.

મોતનો દેવ મારા પ્રાણનાથને એના લોકમાં લઈ જવા આવ્યો હતો.

પરંતુ મેં ત્યારે ક્રુરતાની કાંટાળી સેજમાં કરુણાની કુંપળને ફુટતી જોઈ !...

જીવનનો કલાધર મારો મહાવીર ત્યારે હસતો હતો.

અને મોતનો દેવ આંસુ સારતો હતો.

મોતની પકડમાં મારો દેવ મુક્તિના ગીત ગાતો હતો અને જીવનના સંગાથમાં મોત શોકનું ગાન રડતો હતો !!!....

જીવનને મેં ત્યારે હસતું જોયું.

મોતને રડતું; હૈયાફાટ વિલાપ કરતું મેં જોયું.

જ્યારે જ્યારે એ અમાસી અંધારી રાતના ઓળા મારા ઘરમાં ઘૂમે છે ત્યારે ત્યારે જીવનનું એ હાસ્ય મને પ્રેરણા દઇ જાય છે.

અને ધીમેથી એ મારા કાન પર તેના કિસલય હોઠ મૂકી કહે છે: જીવે તો એવી રીતે જીવ કે મરે ત્યારે મોત પણ રડી ઊઠે...."

*

પ્રભો ! તારા જ્ઞાન, ધ્યાનને સાધના માટે મને આદર છે. તારા નિષ્કામ કર્મયોગને મારું હૈયું તને ભાવથી નમે છે. તારા જીવનના ઘણા પ્રસંગોને હું કોઇ સુંદર કાવ્ય પંક્તિની જેમ ગણગણું છું, તારા સરળ ને સુબોધ ઉપદેશને હું અહર્નિશ મારા મનમાં ઘુંટ્યા કરું છું. પણ તારા જીવનનો એ પ્રસંગ મને આંખની કણીની માફક ખૂંચ્યા કરે છે,

તારા માતપિતાને આઘાત ન થાય તે માટે તેં તેમના નિર્ગમન બાદ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. આમ કરી તેં માતૃ-પિતૃ ભક્તિને મહાન અંજલિ અર્પણ કરી છે.

અનેક તેમની પત્નીઓને ઊંઘમાં મૂકી ચાલ્યા ગયા છે. પરંતુ તેં તેમ ન કર્યું. યશોદાની તેં વિદાય માગી અને તું મુક્તિની મહાસફરે ઉપડી ગયો, પત્ની પ્રત્યેના કર્તવ્ય ને પ્રેમનો એ ઉજ્જવળ પ્રસંગ છે.

પરંતુ જ્યારે મૈત્રીએ સાદ કર્યો ત્યારે તું મૂંગો મૂંગો ચાલ્યો ગયો !!! ન ખબર કરી ! ન કંઈ સંદેશ આપ્યો ! અને તે કરવું તો બાજુએ રહ્યું. ગૌતમને-તારા પટ્ટધરને તેં તારાથી દૂર કર્યો !!....તેને તેં બીજે ગામ મોકલી દીધો !....

અનેકના દર્દનો તેં વિચાર કર્યો છે.

અજાણતાં ય કોઈના દિલને ધક્કો ન લાગે, તેનું મન દુભાય ના તેની તેં અત્યંત કાળજી લીધી છે અને....અને તારા જ પટ્ટધરનું દિલ તોડી નાંખતા તેં જરાય વિચાર ન કર્યો? શું તું તારું જ વચન ભૂલી ગયો કે કોઇનું દિલ તોડવું એ પાપ છે પણ કોઈનું આશાભર્યું દિલ તોડવું એ મહાપાપ છે! વી....ર! મારા! નાથ! આમ શાથી? મૈત્રીનો આવો ભયાનક દ્રોહ શા માટે? દોસ્તીનું આવું ઠંડુ મોત શા માટે? ભગવાન! શા માટે?

સાચે જ, મને કંઈ જ સમજાતું નથી. તેં આમ શાથી કર્યું?

મારા વીર! ગૌતમના તે રાતના નિઃશ્વાસ હજુ ય મારા હૈયાને બેચેન બનાવે છે, કેવી દર્દભરી પુકાર હતી, તારા નામની ભગવાન!! માથી વિખૂટા પડેલા બાળકનું રુદન પણ તેના જેવું નહિ હોય!! તાજી જ પરણેલી કોઈ વિધવાનો વિલાપ તેવો નહિ હોય!! તારા એ દ્રોહથી ગૌતમની આખી જિંદગી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડતી હતી! આંખો આંસુમાં ગઇ હતી!....વહાલા! ગૌતમની એ શોકમૂર્તિ હજુ ય મને યાદ છે. અને જ્યારે જ્યારે એ રાત આવે છે ત્યારે ત્યારે મારું અંતર અજંપો અનુભવે છે. કોઈ અકથ્ય વેદનાથી એ કણસી રહે છે ને એ પૂછી ઊઠે છે: "ભગવાન! મૈત્રીનું આવું મોત શા માટે? શા માટે?...."

મારા આ સવાલથી મારા નાથ પાસે બેઠેલી ગૌતમની પ્રતિમા બોલી ઊઠી:

"મહાનુભાવ!" વીર....ગ....યા....એ બે શબ્દોએ મારા હૈયામાં જ્વાળામુખી સળગાવ્યો હતો. મારી ઊર્મિઓની કચ્ચરે કચ્ચર ઊડી હતી ત્યારે મારા અરમાનોની ચીસો પાડી પાડીને કર્યો હતો. પરંતુ ભાઇ! ચારે બાજુ લુખ્ખી ભખ શાખ ફુંકાઈ હતી! તને જે સવાલ થયો હતો એ જ સવાલ મેં મારા વહાલાનો એ દ્રોહ ન હતો. મૈત્રીનું તેમાં મોત ન હતું. તેમાં તો મૈત્રીનો ઉદ્ધાર હતો. શિષ્યનો એ વિશ્વાસઘાત ન હતો. શિષ્યનું તેમાં નવજીવન હતું.

જ્યારે હું રડ્યો, પોક મૂકીને રડયો ત્યારે હું જ્ઞાની છતાં અજ્ઞાની હતો. સમજદાર છતાં બેસમજ હતો. સાધુના પરિધાનમાં હતો પરંતુ એ થોડી પળો તો હું તારા જેવો સંસારી જ બન્યો હતો.

સાચુ કહુ? હું પેલી કૂતરીના ગલુડીયા જેવો હતો, જે કુરકુરીયું તેના માતાના સ્તનને—જ વળગી રહે છે. વરસો સુધી મેં તેની જ્ઞાન ગંગાના વારિ પીધાં છે, જ્યારથી મેં તેને મારું જીવન સમર્પણ કર્યું ત્યારથી મેં તેની સાધનાને મારી સાધના બનાવી હતી.

'રાગનો ત્યાગ કર' આ મેં તેના મોંથી કંઈકવાર સાંભળ્યું હતું. મેં પણ કંઈકને કેટલીય વાર કીધું હતું. પરંતુ રાગનો ત્યાગ હું બોલતો જ હતો. હું ત્યાગી નહોતો બન્યો. સંસાર મેં મેલ્યો હતો પરંતુ તેનો રાગ મેં નહોતો છાંડયો.

હું રાગી હતો વિરાગનો. મોહાંધ હતો હું મહાવીરનો. એના જડ દેહમાં હું આસક્ત હતો. અને આસક્તિને મુક્તિ કેવી?

ભાઈ! રોજ રોજની દેશનાએ કંઈ ન

[જુઓ અનુસંધાન પેજ ૮ પર]

# ગંગાના ઓવારેથી

લે૦ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

વીજાપુર, વિ. ૧૯૮૧ ચૈત્ર વદ ૩.

પાદરા. તત્ર શ્રદ્ધાવંત દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક વકીલજી શા. મોહનલાલ હીમચંદભાઈ તથા ભાઈ મણીલાલ તથા ભાઈ રતીલાલ વગેરે યોગ્ય ધર્મલાભ.

વિ. પહેલાંના કરતાં હાલ કંઈક શરીર ઠીક છે. ગામની બહાર ઠલ્લે જવાય છે. બનશે તો થોડા દીવસમાં બીજે ગામ હવા ફેર કરવા જઈશું. શરીર હવે પહેલાંના જેવું સારું રહેતું નથી. અને હવે ઘણો ખરો પ્રુફ સુધારવાનો બોજો ઓછો થઇ ગયો છે. આત્મ-શાંતિ વર્તે છે. અશાતાને મધ્યસ્થ ભાવે ઉપયોગ દૃષ્ટિએ ભોગવાય છે.

સમ્યગ્દૃષ્ટિના બળે જ્ઞાની પોતાના આત્માને પોતાના સ્વરૂપમાં રમાવે છે અને મૃત્યુકાલે પણ મૃત્યુ ભય રાખી શકાતો નથી. સર્વ થકી મોટામાં મોટો પુરુષાર્થ કરવાનો એ છે. કે મૃત્યુભયની વૃત્તિઓને જીતી લેવી. તથા જીવવામાં ને મરવામાં તે તટસ્થ દૃષ્ટા તરીકે વર્તે છે ને સાક્ષી ભાવ ધારણ કરે છે. તેથી તે દેહાદિકની સાથે બંધાતો નથી. અને તેથી આવતા ભવમાં તે જાતિસ્મરણજ્ઞાનને શીઘ્ર પ્રાપ્ત કરે છે. પુનર્જન્મનો જેને પૂર્ણ નિશ્ચય થયો છે. તથા કર્મનો જેને નિશ્ચય થયેલો છે તથા જેનો આત્મા શરીરમાં રહેલો છે અને શરીરને ઘોડા જેવું માનીને તેને વાહન તરીકે માને છે. તે દેહાદિકમાં બંધાતો નથી. અને મરણકાળે તેની આંખો વિગેરે બંધ થાય, કાન બંધ થાય, બાહ્ય ઇન્દ્રિયોનું ભાન તે વખતે ના રહે, તો પણ અંતરથી તે મરણકાળે જાગૃત રહે છે. અને તે મરણકાળે આત્માની ઘણી શુદ્ધિ કરે છે.

આત્મા અમર છે. અને તે દેહોના સંબંધમાં વર્તતો છતાં પણ સર્વથી દેહાતીત છે. એવો પૂર્ણ નિશ્ચય થાય તો મોટામાં મોટો મૃત્યુ ભય ટળી જાય. મૃત્યુ શરીરનું થાય છે. અને મૃત્યુ આત્માની ઉચ્ચ દશાની શ્રેણીઓમાં ચઢતાં આગળના ઉચ્ચ દેહો ધારણ કરવાને માટે ઉપયોગી થાય છે. અને આગળ આત્માની પરમાત્મ દશા પ્રગટ કરવામાં આ દેહે પુરુષાર્થ ન થતો હોય અને જે કાર્ય સિદ્ધ ન થતું હોય તે બીજા દેહે કરવા માટે વચ્ચે રહેલું દેહનું મરણ ઘણું ઉપયોગી થઇ પડે છે. એવું આત્માર્થી જ્ઞાની ભક્ત પુરુષ માટે સમજાય છે.

જ્ઞાની પુરુષો જીવનથી હર્ષ પામતા નથી અને મરણથી શોક કરતા નથી. તેઓ જીવતાં છતાં અમુક દૃષ્ટિએ દેહ, પ્રાણનું મૃત્યુ અનુભવે છે. અને તેથી દેહ અને પ્રાણ વગેરે સાધનોને વ્યવહાર ઉપયોગી ગણી તેની સાર સંભાળ કરે છે. પણ જ્યારે તેનો નાશ થવાનો હોય ત્યારે ઘણા આત્મભાવમાં જાગૃત થાય છે. આત્મ ઉપયોગી બને છે. અને પહેલેથી તેમનો તેવો આત્મ ઉપયોગ વર્તવાથી મરણ કાળે દુઃખ પડે છે. અને બાહ્ય ઇન્દ્રિયોનું ભાન ભુલાય છે. તોપણ અંતરથી જાગૃત હોય

છે. જેમ સ્વપ્નમાં દેહ અને ઇન્દ્રિયોનો સંબંધ ચિંતવન પરત્વે સાક્ષાત્ નથી દેખાતો છતાં દેહ અને ઇંદ્રિયથી ન્યારી રીતે આત્મા પોતાનું ચિંતવન કરે છે. વિચાર કરે છે. તેવી રીતે દેહ અને પ્રાણનો જ્યારે અવસાનકાળ થાય છે. ત્યારે ઉપયોગી આત્મા અશાતા વગેરે વેદનીને મુખ્યત્વે વેદતો છતાં પણ અંતરમાંથી જાગૃત રહે છે. અને બાહ્ય ઇંદ્રિયોના ભાને ભાનવાળો નહીં છતાં પણ અંતરથી ભાનવાળો રહે છે. કારણ કે તેણે પહેલાંથી ઉપયોગ વડે આત્માને તેવી ગતિ આપી હોય છે. તેથી સમ્યગ્જ્ઞાનીનું સમાધિ મરણ થાય છે. અને તે ઉપયોગ પૂર્વક દેહને છંડી શકે છે અને તે બીજા ભવમાં જાય છે. તો પણ પોતાનું ભાન કાયમ રાખે છે. એકવાર સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થઈ તો તે પછી જીવ ગમે ત્યાં જાય તો પણ પોતાના આત્માનો વિકાસ કરવાનો અને અંતરની પરમાત્મ દશા પ્રગટ કરવાની પ્રગતિને પ્રગટ કરવાનો જ તેમાં શંકા છેજ નહિ.

મરણ એ વૈરાગ્ય દેનાર શિક્ષક છે. જ્ઞાનીઓને તેથી તે ઉપકારક થાય છે કારણકે તેથી તેઓ પરમાત્માની વિશેષ ભક્તિ કરે છે અને આત્મધ્યાનમાં પણ વિશેષ પ્રગતિ કરે છે. નાનુ બાળક જેમ ભય પામી માતા કે પિતાની સોડમાં ભરાય છે તેમ વૈરાગી આત્મા મૃત્યુના ભયથી પરમાત્મ સ્વરૂપની નજીકમાં જાય છે ને પરમાત્માનું શરણ અંગીકાર કરે છે. અને અંતરમાં પરમાત્માનો અનુભવ કરીને પછી તે નિર્ભય બને છે.

મૃત્યુ અગર જીવન એ બેના સમયમાં મોહવૃત્તિને જ ભીતી છે અને તે મોહવૃત્તિ જ નવાં નવા ભયને ઉત્પન્ન કરે છે અને તેથી આત્મા ઢંકાય છે. જ્ઞાની મહાત્મા ઉપયોગ મુકે છે અને તે મૃત્યુ ભીતિના આચ્છાદનો દૂર કરે છે અને ઉપયોગથી સૂર્યની પેઠે ઝળહળે છે.

પ્રભુની ઝાંખી થયા વિના મૃત્યુભય ટળતો નથી. નિરૂપાધિક દશા જ્ઞાન, ધ્યાન, સમાધિથી મરણ પહેલાં ઘણા વખતથી જેઓ આત્માને ભાવે છે અને સર્વ પ્રકારની દુનિયાની ઉપાધિઓમાં જેઓ નિઃશંક થઈ જાય છે અને મોહના સંબંધોને જેઓ ભર નિંદ્રાની પેઠે ભૂલી જાય છે તેઓને મૃત્યુકાલે દેહનો નાશ થતાં નિર્ભય દશા વર્તે છે. દેહ છતાં આત્મોપયોગ મુકીને મનની કલ્પનાએ દેહ પડે છે અને તેમાંથી આત્મા ન્યારો થાય છે. પાછો દેહ ધારણ કરે છે ને તેને મુકીને બીજો દેહ લે છે અને પશ્ચાત્ સર્વથા દેહનો સંબંધ છોડી આત્મા નિરંજન નિરાકાર થાય છે. એવું અંતરમાં જેઓ ભાવે છે તેઓને દેહના સંપૂર્ણ નાશકાલે દેહાધ્યાસવૃત્તિ રહેતી નથી અને આત્મોપયોગ વર્તે છે.

જ્ઞાની આત્મા ક્ષણે ક્ષણે મૃત્યુની સામે દેહમાં રહેતો છતાં યુદ્ધ કર્યા કરે છે અને તે જ્ઞાન સમાધિ મરણ પ્રાપ્ત કરે છે અને કોઈનું કેવું મરણ થાય તે પોતે જાણી શકે અને કેવલજ્ઞાની જાણી શકે અને તેથી અમુક મનુષ્યનું કેવું મરણ થયું તે મરનાર પોતે જ અનુભવી શકે. સમ્યગ્-દૃષ્ટિ જ્ઞાની આત્મા મૃત્યુ વગેરે ખરા પ્રસંગે તો અંતરમાં જાગૃત રહે છે અને જ્ઞાન ધ્યાન ભક્તિમાં રમે છે અને તેથી તે દેહ બદલતો બદલતો આગળ ને આગળ ચાલ્યો જાય છે. આત્માની પૂર્ણ પ્રતીતિ થયા

બાદ બાળ અજ્ઞાન મોહ દશા વાળુ મરણ થતું નથી અને તેથી આત્મા પાછો પડતો નથી. શરીરનો ઝબ્બો બદલવો તે જેવું બાહ્યથી કાર્ય કરાય છે. તેવું જ જ્ઞાનીનું દેહ બદલવા-રૂપ કાર્ય છે. આ પ્રત્યક્ષ દેખાતા દેહ વગેરેનાં સંબંધો જ્યાં સાચા માનવામાં આવે છે ત્યાં મૃત્યુ ભય રહેલો છે અને મરણ બાદ આત્માની હયાતિનો જ્યાં નિશ્ચય હોય છે ત્યાં જ્ઞાનભાવ જાગૃત થાય છે અને મૃત્યુ ભય ટળે છે અને આત્મા મુક્તિના પંથે ક્રમે ક્રમે ચડતો છેવટે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કરે છે. અને પરમાત્મા થાય છે.

જ્ઞાની મૃત્યુનો કાળો પડદો ચીરીને તેની પાછળ આત્મપ્રકાશ દેખે છે ને તેથી તેઓ નિર્ભય બને છે. મૃત્યુકાળની વચલી દશા અંધકારના જેવી છે પણ જ્ઞાનીને તો તે દશા પ્રકાશવાળી લાગે છે અને તેથી તેને જેમ જાગૃત દશામાંથી ગાઢ નિદ્રામાં જવું અને ગાઢ નિદ્રામાંથી જાગૃત દશામાં જવા જેવું લાગે છે. જે પ્રભુનો ભક્ત સમ્યગ્ દૃષ્ટિ જીવ થયો હોય છે તે મૃત્યુની કાળની પૂર્વે સર્વે પ્રકારની મોહાસક્તિયોને દૂર કરે છે અને પંખી જેમ પોતાના શરીર પરની ધુળ ખંખેરી દે છે તેમ તે સર્વ પ્રકારની વાસનાને ખંખેરી નાંખી ચોખ્ખો બને છે, અને તેથી તે નિર્ભય બને છે.

મરણ કઈ વખતે થવાનું છે તેનો પહેલેથી નિશ્ચય થતો નથી. માટે પહેલેથી જ્ઞાન, ધ્યાન સમાધિથી ઘણું ચેતી લેવું જોઈએ અને ઘણી આત્માની શુદ્ધિ કરી લેવી જોઈએ કે જેથી મૃત્યુકાલે પસ્તાવો ના થાય ને મનુષ્ય ભવ હારી ન જવાય. ક્ષણે ક્ષણે જે આયુષ્ય ઓછું થાય છે તેને આવીચી મરણ કહેવાય છે અને તે જ મરણ ક્ષણે ક્ષણે ચાલ્યા કરે છે અને દેહના છેવટના નાશ સુધી રહેવાનું. આમ જે જાણે છે અને જ્ઞાનભાવથી જે અંતરમાં જાગૃત થાય છે તે દુનિયાના કોઈ પણ પદાર્થમાં રાગદ્વેષથી આસક્ત રહી શકે નહિ અને તે ક્ષણે ક્ષણે અંતરમાં શુદ્ધ પરમાત્માને સંભારતો ક્ષણે ક્ષણે જીવે છે અને અન્યોને પણ જીવાડી શકે છે

શુદ્ધાત્માનું સ્વરૂપ સ્મરણ કરવું. પરમેશ્વરમાં પોતાનું મન લયલીન કરવું તે જ પ્રભુમાં રહેવાનું છે અને તેવી રીતે પ્રભુમાં રહીને બાહ્ય દુનિયામાં આજીવિકાદિ સંબંધે વર્તવાનું થાય તો તેથી આત્મા નિર્લેપ રહીને આત્માની શુદ્ધિ પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આવી દશામાં રહેવા ખાસ ઉપયોગ રાખવો.

હું પણ તેવો ઉપયોગ રાખવાનો પુરુષાર્થ કરું છું. જગતમાં તેથી કોઈ રાગી દ્વેષી રહ્યું નથી અને જગતમાં પ્રભુમાં રહીને આત્મ પ્રભુને પ્રગટાવવા આત્મોપયોગે જીવાય છે અને બાહ્યથી આયુષ્ય ઉદયે પણ શરીરથી જીવાય છે. આવી રીતે બે નોખા જીવનને અનુભવાય છે. અને વર્તાય છે. અને શુદ્ધ પુર્ણ પરમાત્મા થવા માટે અંતરમાં ઉપયોગ દશાથી મોહની સાથે યુદ્ધ થાય છે અને તેવું યુદ્ધ અંતરમાં ચાલે છે તેનો અનુભવ થાય છે. આવા યુદ્ધમાં દેહને પ્રાણનું મૃત્યુ થતાં આત્માનો વિજય થાય છે અને નિઃસંશય છે. એમાં ક્ષણ માત્રનો પ્રમાદ કર્યા વિના આગળ વધવાની જરૂર છે અને આત્માના

પ્રદેશો જે અનુભવજ્ઞાન નહીં પામેલા હોય તે પ્રાપ્ત કરવાની જરૂર છે. "**આત્મ સમાધિ શતક**" નામના સંસ્કૃત ગ્રંથમાં અમોએ મરણકાલે ઉપયોગ રાખવાની દીશા જણાવી છે. એક વાર આત્માનો પૂર્ણ નિત્યત્વપણાનો અનુભવ થયો કે તે પછીથી આત્મા તરત જ નિર્ભય થવાનો જ અને આખા જગતના જીવોને ડરાવનાર મૃત્યુ સામે તે નિર્ભય થઈને ઊભો રહેવાનો જ અને આત્મા શુરવીર બનવાનો જ.

આત્માની અનંતી શક્તિ છે. એકવાર અમરપણાનું જો ભાન થયું અને તેના પૂર્ણ સંસ્કાર પડયા તો પછીથી તે વસ્ત્રને બદલવાની પેઠે મરણના ખેલને સમજે છે. એટલે તેમાં તેને કશું લાગતું જ નથી. આવી દશા પ્રગટ કરવા માટે પહેલાથી જ નિરૂપાધિ નિવૃત્તિ મેળવવી જોઈએ. અને જ્ઞાનીઓની સંગતિ કરવી જોઈએ અને સર્વ જીવોને ખમાવી લેવા જોઈએ.

દેહનું મરણ જ્યારે થવાનું હોય ત્યારે થાય પણ જ્ઞાની પુરુષ તો પહેલાંથી જ સર્વ જીવોની ક્ષમાપના કરીને રાગદ્વેષ વેર રહિત ભાવપણે સર્વ જીવોની સાથે વર્તે છે. અને વર્તવાનો ઉપયોગ સમજે છે. અને તેથી તે પોતાનું સાધ્ય ભુલતો નથી અને મરણાદિ પ્રસંગ આવે છતે ખરો યોદ્ધો બની જાય છે. દરેક મનુષ્યે પહેલાંથી આવી દશા પ્રગટ કરવામાં પુરુષાર્થ કરવો. પરિગ્રહ મુર્ચ્છાની વૃત્તિઓને રોકવી અને શુભા-શુભ વૃત્તિઓથી પોતાનો આત્મા ન્યારો છે. એવો જે અનુભવ કરવો તે જ આત્મપ્રભુનો સાક્ષાત્કાર છે. અને એવો આત્મપ્રભુનો સાક્ષાત્કાર કરી લેવામાં તન મન ધન સર્વનું ભાન ભુલી જવું જોઈએ. અને વહેવાર કાર્યોને પણ એકવાર છોડી દઈને આત્મદશાનો અનુભવ કરી લેવો જોઈએ. અને જીવતાં મરજીવા બનીને જીવવું જોઈએ. આવી દશાનો ખ્યાલ આવ્યો છે. અને તેથી આગળના અનુભવ પ્રદેશમાં આગળ જવા પુરુષાર્થ કરું છું. અને તમને પણ જણાવું છું કે તે દિશા તરફ ઉત્સાહથી લગની લગાડો-અને આત્મપ્રભુને અનુભવવાની તથા નિર્ભય દશા પ્રાપ્ત કરવાની તાલાવેલી પ્રગટ કરો.

જરા માત્ર પણ પ્રમાદ ના કરો. ઉપયોગ ભૂલાય કે પાછો ઉપયોગ પ્રગટ કરો દરેક કાર્ય પ્રસંગે ઉપયોગ કાયમ રાખવાનો અભ્યાસ પાડો અને કોઈ માણસ જેમ પર-વારીને બેઠો હોય અને સાવધ રહે તેવી રીતે સાવધ રહીને મોક્ષ યાત્રા કરવામાં પ્રવૃત્ત રહેવું. દુનિયાના આવશ્યક કર્તવ્યો કરવાં. પરંતુ અંતરમાં ઉપયોગી રહેવું અને મરણ-દશાની પહેલાં આત્માનો શુદ્ધ ઉપયોગ ધારણ કરવો જોઈએ.

એક પણ આત્મા સંબંધી કરેલો વિચાર નકામો નથી જતો તો પછી ક્ષણે ક્ષણે જે આત્માનો વિચાર થાય છે. તેથી મુક્તિ થયા વગર રહેજ નહિ તે વાત નિશ્ચિત છે. અને તેવા દૃઢ નિશ્ચયથી પ્રવર્તશો.

જ્ઞાનીભક્ત ધર્મિપુરુષને આત્માની પૂર્ણ શુદ્ધિને માટે આત્માની પૂર્ણ પરમાત્મ દશા થવા માટે દેહાદિક પરિવર્તન હોય છે. અને પૂર્ણ કાર્ય થયે છતે દેહાદિકનો અભાવ થાય છે. એવી જ્ઞાની ભકતને પૂર્ણ ખાત્રી થવાથી તેને મૃત્યુ પણ એક મહોત્સવ જેવું લાગે છે. અને તેને એક ધોરણથી બીજા ધોરણમાં

ચઢવાની પરીક્ષાના જેવું લાગે છે. અને શિવ–સુંદરી વરવા માટે તેને લગ્નમંડપનાં ઓચ્છવ જેવું લાગે છે. તેથી દેહ રહે અગર દેહ ન રહે તો પણ તેને તો સમભાવ પ્રવર્તે છે.

દેહને છોડવો તે કાંઈ નવું કાર્ય નથી. તે તો અનાદિ કાળથી થતું આવ્યું છે અને અનંતીવાર દેહો છાંડયા અને અનંતીવાર દેહો ગ્રહણ કર્યા. તેમ આપણે સર્વજ્ઞની વાણીથી જાણીએ છીએ. પણ સમભાવથી તેને આચારમાં ગુંથીને વર્તીએ તો જ અનુભવ આવે. ફક્ત વાચનજ્ઞાનથી આત્મા ઉપર ઉંડી અસર થતી નથી અને મન પર થયેલી ક્ષણિક અસર તો પાછી ભુંસાઈ જાય છે. માટે આત્મામાં નિર્ભયતાના ઉંડા સંસ્કાર પડે અને તેનો પૂર્ણ અનુભવ થાય તેવો પુરુષાર્થ આ ભવમાં કરવોજ જોઈએ. અને તેને માટે ત્રણ ભુવનની શહેનશાહીને નાકના મેલ સમાન જાણીને તેનો પણ ત્યાગ કરી આવી આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત કરવાની લગની લગાડવી જોઈએ. અને એવી લગની પોતાની લાગી છે કે કેમ તેનો ખ્યાલ પોતાનો આત્મા પોતાને આપે છે. અને તેમાં આત્માની સાક્ષી વિના બીજાની સાક્ષીની જરૂર પડે છે. એકવાર આત્માને પોતાની સાક્ષીનો ખ્યાલ આવે તો તે પરમાત્મદશાની છેક નજીકમાં જાય છે. અને તેને પછી આ દુનિયા નાના બાળકના ખેલ જેવી લાગે છે. અને તેથી તેમાં તે નિબંધ રહે છે. આવી દશા પામેલાઓની એક ક્ષણ માત્રને પણ પ્રમાદ કર્યા વિના સંગતિ કરવી અને પોતાનામાં તેવી દશા પ્રગટાવવી. અને દેહ, પ્રાણના મરણ પ્રસંગે મૃત્યુ મહોત્સવ જેવુ અનુભવાય અને તેનો ખ્યાલ પોતાના અંતરમાં આવે તેવી દશાના અનુભવમાં આગળ ચઢવું જોઈએ. અન્ય મનુષ્યો પોતાના મરણ સંબંધી ગમે તેવો અભિપ્રાય બાંધે તેમાં પોતાનું કંઈ વળતું નથી. પોતાની દશાનો પોતાને અનુભવ આવવો જોઈએ. અને સમાધિ-કાલમાં યોગી જેમ દેહ અને ઇંદ્રિયોથી ન્યારો વર્તે છે. તેમ મરણ પહેલાં આયુષ્યની જીવન-દશામાં સંસારમાં જીવતાં છતાં વારંવાર આવી ઉત્તમ દશાનો અનુભવ આવવો જોઈએ અને તેવી દશાનો અનુભવ ના આવે તો સમજવું જોઈએ કે હજી ઘણી કચાશ છે. અને હજી કર્મના ઘણા પડદા ચીરવાના બાકી છે. એક કે બે ભવ જેના બાકી હોય તેવા મહાપુરુષોને આવી લગનીની તાલાવેલી લાગી હોય છે. અને તેથી તેઓને બીજે કોઈ ઠેકાણે ચેન નથી પડતું.

આર્તધ્યાન, રૌદ્રધ્યાનના વિચારોને તો જીવતાં જ મારી નાખવા જોઈએ. અને તે જીવતાં મરી ગયાની પોતાને ખાત્રી ના થાય ત્યાંસુધી પુરુષાર્થ કરવામાં ખામી ન રાખવી જોઈએ. અને એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો જોઈ એ. અનંત ભવોમાં પોતાના પાડેલા નામો અને દેહના અનેક રૂપો તથા વર્તમાન-કાલનું નામ તથા વર્તમાનકાળની દેહાકૃતિરૂપ હું નથી. હું આત્મા તેથી ન્યારો છું. તેનો પૂર્ણ અનુભવ અંતરમાં પ્રગટવો જોઈએ. અને તે પોતાને વેદાવો જોઈએ. અને એવી રીતે અંતર-માં અનુભવાય તો નિર્ભયતા અને આત્માનંદ ખીલે, પ્રકાશ પામે ને આત્મા આત્માના રૂપે જીવતો થાય અને તે મોહને મારીને છેવટે નિર્મોહી થઈ અનંતકાલ માટે જીવતો જાગતો રહે અને અનંત ક્ષેત્રોને તથા અનંત ભવોને

તેવી દશામાં જાણતો રહે તેમાં કંઈ આશ્ચર્ય નથી. અને તેવી દશાની કંઈક ઝાંખી તો આ ભવમાં આવે છે અને તેથી મને તો ખાત્રી થાય છે કે આવી આત્માની પરમાત્મા થવાની મુસાફરીમાં દેહરૂપી ઘોડા કે જે નિરૂપયોગી થયા હશે તેને બદલવા પડશે અને ઉપયોગી ઘોડા ઉપર સવાર થવું પડશે. અને છેવટે મોક્ષનગર આવતાં ઘોડાની જરૂર રહેશે નહિ. તેવો અનુભવ નિશ્ચે થાય છે. તેથી જે કંઈ બનવાનું હોય છે તે સારા માટે બને છે અને તે આત્મોન્નતિ માટે થાય છે તેમ જાણી સેવા ભક્તિ, જ્ઞાનઉપાસના, સતક્રિયા આદિ સર્વ ધાર્મિક યોગોના સાધનોની સાધના થાય છે. અને સાધન ભેદે ભેદ છતાં અંતરમાં અભેદભાવ વર્તે છે. અને પ્રભુને પ્રગટ કરવા પ્રભુની પ્રાર્થના થાય છે. કષાય દોષોને વીણી વીણીને મારી હઠાવવાની પ્રવૃત્તિ સેવાય છે અને આત્માની શુદ્ધતા કરવાનો વેપાર કરાય છે.

યાત્રામાં ચાલતાં ભુલાય, રખડાય, સ્ખલન થાય તો પણ સાધ્યદૃષ્ટિ હોવાથી અને અંતરમાં ઉત્સાહ અને જોર હોવાથી ઉપયોગ ભાવમાં થાક લાગતો નથી એવો મારો પ્રભુ પ્રત્યે વિશ્વાસ છે. તેવા વિશ્વાસમાં રહેશો અને આત્મ પ્રભુના ઉપયોગમાં રહીને બાહ્યભાવે પ્રવર્તશો. અને તમો તમારી મુસાફરીમાં આગળ વધશો તેમ ઈચ્છું છું. અને પ્રભુમય જીવન જીવવા સમર્થ થશો એમ ઈચ્છું છું.

તમો પોતાને પોતારૂપે ઓળખશો અને જડને જડરૂપે ઓળખશો. અને બે જાતની ઉપયોગ ધારા કાયમ રાખીને મૃત્યુની પણ પેલી પાર અમર રૂપે થઈને મૃત્યુના પર્યાયોમાં સાક્ષીભૂત નિર્લેપ રહેશો.

મૃત્યુનો દ્રષ્ટા આત્મા છે. મૃત્યુ દશ્ય છે. આત્માથી મૃત્યુ ન્યારું છે. મૃત્યુ એ પોતાનો સાથી છે. મિત્ર છે. ઉપકારી છે. ભાવિભાવ મૃત્યુકાલે મૃત્યુને પણ નિર્ભય ભાવે ભેટવું ને આગળ વધવું એજ જ્ઞાની આત્માનું કર્તવ્ય છે. શુભાશુભ વિકલ્પ સંકલ્પ ટળી ગયા બાદ મૃત્યુનું દુઃખ સમભાવે વેદાય છે પણ તેથી નવા દેહો લેવા પડતા નથી. આવી દશા પ્રાપ્ત કરવા માટે એકવાર દઢ નિશ્ચય થયો ને ઉત્સાહ થયો કે આગળ જવાના જ. તેમાં વચ્ચે વિઘ્નો આવે, સંકટો આવે તો પણ આત્મા સેવા ભક્તિને ઉપયોગ પ્રતાપે વિજય પામવાનોજ. માટે અંતરમાં ઊંડા ઉતરીને મૃત્યુને અમૃત્યુનો વિચાર કરો અને આગળની મુસાફરી જ્યારે કરવાનો પ્રસંગ આવે ત્યારે પહેલાંથી ચેતીને શુરવીર બનો. સમકિત રૂપ કેશરીયાં કરીને જ્ઞાની પુરુષો પાછા ડગલાં ભરતાં નથી અને મૃત્યુ કાળે આવું ધર્મયુદ્ધ કર્યા વિના સ્વરાજ મળવાનું નથી.

આત્મપ્રભુના રાજ્યમાં જવા માટે સંત પુરુષોએ અંતરમાં યુદ્ધો કર્યાં છે અને કરે છે અને તેવું આપણે ક્ષણે ક્ષણે કરવાનું છે. સ્વર્ગ અને નરક આપણા આત્મપ્રદેશની સાથેજ રહેલાં છે અને તે બંનેને દુર કરી મુક્ત થવું જોઈએ. જે સારામાં સારું છે તે પાસે ને પાસે છે. અને બુરામાં બુરુ છે તે પણ પાસે ને પાસે છે. સારાની પાસે જવાથી નઠારું તેની મેળે દૂર થશે.

આત્મસ્વભાવના ઉપયોગમાં જ પરભાવનો નાશ છે. આત્મસ્વભાવ જેવું કોઈ સારું નથી અને પરભાવ જેવું કોઈ બુરૂ નથી. જાગૃત આત્માનાં કોઇ પણ શત્રુ નાશ કરવા

સમર્થ નથી જાગૃત આત્માનો કોઈ શત્રુ જ રહેતો નથી. કારણ કે તેની શુદ્ધ ઉપયોગ દષ્ટિ હોય છે અને તેથી તેમાં કોઈ શત્રુ રહેતોજ નથી. તેને તો આખું જગત આત્માની શુદ્ધિ માટે ગમે તે રૂપાંતરે મદદગાર ઉપયોગી થઈ પડે છે કારણ કે સમ્યગ્દષ્ટિ જ્ઞાની આત્મામાં એવી શક્તિ ખીલેલી હોય છે કે તેની જ્ઞાન દષ્ટિના પ્રતાપે સર્વ જગતને આત્માની શુદ્ધિમાં, કર્મનાં ક્ષયમાં કોઈને ને કોઈને રૂપાંતરે ઉપયોગ કરી દે છે. પોતાની દૃષ્ટિમાં તેવું બલ હોય છે. બાહ્યમાંથી કંઈ લાવવાનું હોતું નથી. પોતાની દૃષ્ટિ જ પોતાને તારે છે. અન્ય સાધનો તો નિમિત્ત માત્ર જ હોય છે. આવી દશા પ્રગટાવવી તેજ આત્મપ્રભુનું પ્રાગટ્ય છે અને એ જ પરમેશ્વરનો સાક્ષાત્કાર છે અને તેવી રીતે હૃદયમાં આત્મપ્રભુને પ્રગટ કરીને આયુષ્ય સંબંધે જીવતાં જ્ઞાની આત્માને મૃત્યુ પણ મિત્રરૂપ થઈને તેને મોક્ષ જવામાં સહાયક બને છે. પછી બીજા પદાર્થોનું કહેવું જ શું? માટે સર્વ પ્રકારના તર્ક વિતર્કમાંથી મન પાછું ખેંચી લઈને આવી સમ્યગ્દૃષ્ટિની શુદ્ધોપયોગ દશા પગટાવવા અતિ પુરૂષાર્થ કરો અને પરા ભાષાનો અંતરનાદરૂપ પ્રભુનો પયગામ પ્રગટીને નિર્ભયતા જાહેર કરે ત્યાંસુધી વિશ્રાંતિ ના લો અને આગળ વધો.

તમને આગળ વધવામાં શાસનદેવો સંતોની સહાય હો.

આ પત્ર વાંચીને જેટલો બને તેટલો પુરૂષાર્થ કરશો. અમો પણ તે માર્ગ સાધવામાં પુરૂષાર્થ કરીએ છીએ. અને તમે પણ પુરૂષાર્થ કરશો. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો.

ઇત્યેવં ૐ શાંતિ. શાંતિ. શાંતિ.

એજ લિ. બુદ્ધિસાગરના ધર્મલાભ.

---

[ અનુસંધાન પેજ ૧૮ નો શેષ ]

હિંમત ઓસરવા માંડે છે. પણ તે ઘડી એ ઘડી મનને મક્કમ કરી બેન ભાઈને સાંત્વન આપે છે. ધીરજ આપે છે. પણ જ્યારે એ જુવે છે કે અહિંનો પત્થરે પત્થર નંદિવર્ધનને વર્ધમાનની યાદ આપે છે ત્યારે બેન પોતાને ત્યાં નંદિવર્ધનને આવવા આગ્રહ કરે છે. અને બેનના પ્રેમ આગળ જગતનો કયો ભાઇ નથી નમ્યો? નંદિવર્ધન પણ બ્હેનને ત્યાં જાય છે. અને એ દિવસ હતો આપણી કારતક સુદ ૨.

જો કે "ગંગા ઉલટી વહે છે." આ બાબતમાં ભાઈને બદલે બ્હેન જ અત્યારે તો ભાઈને ત્યાં આ દિવસે આવે છે.

આમ થઈ આપણી ભાઈબીજ.



# જાગીને જોઉં તો...

લે. શ્રીમતી કલ્પનાદેવી શાહ

એક મીઠો આનંદ આજ મારા જીવનને ચંચળ બનાવી રહ્યો હતો. એક એવી ઝીણી ઊર્મિ મારા હૈયામાં સળવળી રહી હતી કે મારું અંગેઅંગ હર્ષથી નાચી રહ્યું હતું.

મેં મારા દિલને કહ્યું: ' પણ તેમાં આટલું બધું પાગલ શાનું બની ગયું છે? ' પરંતુ એ મારું કહ્યું માને ત્યારે ને? ઉલટું એ તો બમણા જોરથી નાચવા લાગ્યું. મેં ઘણું ય જોર કર્યું પણ એ ઊછળતું બંધ ન થયું તે ન જ થયું.

હું વિચારમાં પડી ગઈ. મેં મારા જીવનના આનંદના ઘણા પ્રસંગો યાદ કરી જોયાં. ક્યારે ય આવો આનંદ થયો હતો તેની મેં શોધ કરી.

પહેલી જ્યારે હું એને મળી. અમે બન્નેએ આંખો ને હોઠથી વાતો કરી ત્યારે મને ખૂબ જ આનંદ થયો હતો. ત્યારે જિંદગી આખી મારી નાચી ઊઠી હતી.

પછી જ્યારે હું પહેલા પુત્રની મા બની ત્યારે પણ ખૂબ જ રંગમાં આવી ગઈ હતી. અને વારે ઘડીએ એ હર્ષના આવેગમાં હું અસ્પષ્ટ ગીત ગણગણી ઊઠતી હતી. ત્યારે પણ મારી ખૂશીનો પાર ન હતો.

ત્રીજો પ્રસંગ હતો મને નોકરી મળી અને પહેલો પગાર આવ્યો ત્યારનો. અહાહા! ત્યારે મેં કેટલી દોડાદોડ કરી હતી! કેટકેટલા પ્રોગ્રામ મેં ઘડ્યા હતા! એક જ દિવસમાં મેં ' પિક્ચર ' ની ' હેટ્રીક ' કરી હતી!! (ક્રિકેટમાં બેટ્સમેન એક પછી એક એમ ત્રણ સળંગ ચોક્કા મારે તેને હેટ્રીક કહે છે. મેં પણ સળંગ ત્રણ પિક્ચર જોયા હતા. એ મારા પિક્ચરની હેટ્રીક હતી.) અને હોટલમાં પણ કેટકેટલી વાનગીઓનો ઓર્ડર આપ્યો હતો! ખાસું સાત રૂપિયાનું બીલ મેં બનાવ્યું હતું. હા! એ મારા જીવનના આનંદનો એક મહામૂલો પ્રસંગ હતો!

પણ આજે જે પ્રસંગ મારી સામે ઊભો હતો તે આગળ તે પ્રસંગો, એ આનંદ બધા જાણે ફીક્કા ને મોળા લાગતા હતા. આ પ્રસંગ આગળ જાણે તે પ્રસંગો કોઈ વિસાતમાં જ ન હતા. એ બધા જ જાણે મને વામણા જ લાગતા હતા.

હા, આજ મને સ્વર્ગમાંથી તેડું આવ્યું હતું. આ પત્રકારના ધંધામાં જ્યારથી પડી ત્યારથી હું ઘણી પરિષદોમાં જતી. ત્યાંના અહેવાલ લાવતી. ઘણાના મને આમંત્રણ મળતાં. મોટા મોટા દેશ દેશના નેતાઓ મને પત્ર લખી તેમના ભાષણો પ્રગટ કરવા બોલાવતા.

આજ મને સ્વર્ગમાંથી દેવતાઓની એક સહીવાળો પરિપત્ર મળ્યો હતો. તેમાં શ્રીકૃષ્ણ

શ્રીરામ અને શ્રી વિક્રમરાજા સંયોજક (Conuineor)ની સહીઓ હતી.

તેમાં જણાવ્યું હતું: "આજ રાત્રે અમારી એક સભા થવાની છે. તમને તેડવા અમારું પુષ્કર વિમાન આવશે. સમયસર હાજર રહી આભારી કરશો.

સભાના કાર્યક્રમની વિગત તમને રૂબરૂ જ જણાવવી તેવું અમારી વરિષ્ઠ કારોબારીએ નક્કી કર્યું છે. આથી અમે તમને આ પત્રમાં જણાવી નથી શકતા તો દરગુજર કરશો.

બાકી અત્યારના અમારા સળગતા સવાલ વિષે અમારી સભા ચર્ચા કરશે તો આપ અવશ્ય હાજરી આપવા મે. કરશો."

હવે તમે જ કહો મારું યૌવન ચંચળ કેમ ન બને? મારું મન મીઠો મુંઝવણ શાથી ન અનુભવે? જિંદગી આખી મારી નાચી કેમ ન ઊઠે?

સ્વર્ગમાં જવાનો આનંદ કોને ન થાય? અને આ તો મને જગતના મહાન પુણ્ય શ્લોકી પુરુષોનું આમંત્રણ હતું. વળી જીવતાં સ્વર્ગમાં જવાનું હતું અને જીવતાં જ પાછા ફરવાનું હતું. ને તેમાં ય કોઈ એવા મહા પુણ્ય વિના આ તો સ્વર્ગનું નોતરું હતું.

વિમાન બરાબર સાડા અગીયાર વાગે આવવાનું હતું. ઘડીઆળમાં દસના ટકોરા પડયા.

હું જવાની તૈયારીમાં પડી.

દીવાળી આવવાને એક જ અઠવાડિયાની વાર હતી. આથી ઘણા ઘણા મેં નવા કપડા શીવડાવ્યા હતા. મેં તે બધા જ કપડા ટ્રંકમાંથી બહાર કાઢયા. એક પછી એક એમ હું સંપૂર્ણ પોષાક (Full DRESS)માં ગોઠવી જોયા. બે ત્રણ વખત પહેરી પણ જોયા. પણ કોઈ બ્લાઉઝ ચણીયા સાથે મેળ નહોતુ ખાતું તો કોઈ સાડી, બ્લાઉઝ સાથે મેળ નહોતી ખાતી. બ્લાઉઝ ને સાડી બરાબર બંધ બેસતા હતા તો ઝીણી સાડીમાંથી દેખાતો ચણીયો ચાડી ખાતો હતો. હું મુંઝાઈ ગઈ. ઘડી મને મારા પર જ ચીડ ચડી. શું કપડાં બનાવડાવ્યાં છે? છે કશાનું ઠેકાણું? કશું જ કશાની સાથે મેળ જ નથી ખાતું!....છેવટે મેં કાળી સાડી ને કાળુ બ્લાઉઝ ઝીક ચડાવેલા પહેર્યાં. ચણીયો પણ ભાતીગરનો પસંદ કર્યો અને મન સાથે સંધી કરી લીધી કે બસ આ જ સર્વોત્તમ સુંદર પરિધાન છે.

કપડાં તો પહેરી લીધાં. અરીસામાં જોયું. ફરી હું મારા પર ખીજાઈ ગઈ. હું યે કેવી છું! બે ય ચોટલા છુટા રાખ્યા છે! દેવો પાસે આવી રીતે જવાય? મેં ઝટઝટ ચોટલા છોડી અંબોડો વાળી લીધો. બરાબર પેલા અજન્ટાના ચિત્ર જેવો! તેના પર મોગરાને ગુલાબની વેણી બાંધી. સેંથીમાં સિંદૂર ભભરાવ્યું, ઉપર આછી ઝીક છાંટી. મારું મન બોલી ઊઠયું: સુંદર! સ્વર્ગની રોપનીમાં એ ઝગમગી ઊઠશે!....

પછી મેં સ્નો, પાવડર, લીપસ્ટીક બધું કર્યું. વેશભૂષા બરાબર થઈ ગઈ. હું તૈયાર થઇ ગઈ. ટેબલમાંથી પેડ ને પેન લીધા. પર્સ લીધું. કદાચ મન થાય કે લાવ સ્વર્ગમાં આવ્યા છીએ તો કંઈક ખરીદ કરતાં જઈએ! બૈરાનો જીવ ને!! થોડા પૈસા પણ પર્સમાં લઈ લીધા.

હું વિમાનની રાહ જોવા લાગી.

આ બધું પરવારતા સવા અગીયાર થઈ ગયા હતા. હવે વિમાન આવે તેની જ રાહમાં હતી. મેં ખંડમાં આંટા મારવા માંડયા.

ત્યાં બરાબર સાડા અગિયારના ટકોરે એક વિમાન આવ્યું. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. જેની આપણે સંવત ગણીએ છીએ અને દર વરસે તેને યાદ કરી નવા નવા કેલેન્ડરો કાઢીએ છીએ. તેનો સર્જક વિક્રમ પોતે મને તેડવા આવ્યો હતો!....

હું વિક્રમ રાજા સાથે વિમાનમાં બેસી ગઈ. થોડી જ વારમાં અમે સ્વર્ગમાં આવી ગયાં.

હવે હું જરા ગંભીર બની હતી. અને એક વૃતાંત નિવેદક તરીકે સ્વર્ગની ચારે બાજુ જોઈ રહી હતી. અને કેટકેટલો વિકાસ થયો છે. તેની ઝીણી નજર રાખતી હતી.

ત્યાં વિક્રમ રાજાએ કીધું: "દેવી ! આ બાજુ પધારો."

હું સહેજ ચમકી. મને થયું વિક્રમ રાજા કંઈક ભૂલ કરી રહ્યા છે. હું સ્વર્ગની દેવી કયાં હતી ? અને તે મને દેવી કહી સંબોધી રહ્યા હતા. મને લાગ્યું કંઈક કાચુ બફાય છે.

મેં કહ્યું: "માફ કરજો. હું દેવી નથી. હું તો મર્ત્યલોકની એક સ્ત્રી છું. મને બેન કહો. ત્યાં ધરતીના લોક બધા મને બેન જ કહી બોલાવે છે."

"ઓહ ! ભૂલ થઈ ગઈ. ક્ષમા કરો બેન ! પણ આ તો રોજની આદત અમને પડી ગયેલી ને એથી જ બોલાઈ ગયું. ખેર ! જવા દો. જુઓ હવે આપણે સભાખંડ આગળ આવી ગયા છીએ." તેમણે માફી માંગતા કહ્યું.

અમે સભાખંડમાં દાખલ થયાં.

ઇન્દ્રનો દરબાર અનેક દેવોની હાજરીથી ચિક્કાર હતો. કયાંય ખાલી જગા ન હતી. અને એટલી મોટી મેદનીની વ્યવસ્થા પણ ખૂબ જ સુંદર હતી.

બરાબર મધ્યમાં એક મોટુ સિંહાસન હતું. તેની આજુબાજુ પણ અનેક સુવર્ણ કારીગરીથી શોભતા નાના સિંહાસનો હતા. એ સિંહાસનો પર જગતે સન્માનેલા, ધરતીના માનવોએ ભગવાન કહી ગાયેલા એવા અનેક ભગવાનો હતા. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈસુ-ખ્રિસ્ત, અષો જરથુષ્ટ્ર, મહંમદ પયગંબર, શ્રીકૃષ્ણ, શ્રીરામ વ. અનેક બધા એ સિંહાસનોમાં બેઠા હતા.

મેં ચારે બાજુ નજર ફેરવી જોઈ. પણ મને કયાંય ભગવાન મહાવીર ન દેખાયા. મારા મને સવાલ કર્યો; શું તેમને આમંત્રણ નહિ મળ્યું હોય ? કે પછી સમયના અભાવે તેમણે સફળતાનો તાર કરી દીધો હશે ? પરંતુ એનો જવાબ કંઈ જડે તે પહેલા જ મારો આતમ ધીમેથી બોલી ઉઠયો: 'એય ! ગાંડી થઈ છું કે શું ? મહાવીર સ્વર્ગમાં હોય ? અરે ! એ તો મોક્ષે ગયા છે. નિર્વાણ પામ્યા છે. અમર આત્મ તત્ત્વમાં ભળી ગયા છે. તેમને વળી સ્વર્ગ કેવું ? નિર્વાણ પામેલા, સકલ કર્મક્ષયી એ અહીં ન હોય. અને તે આ બધી પંચાતમાં શા માટે પડે ? એ તો વીતરાગ છે. નિર્ગ્રંથ છે. એ અહીં ન આવે. અને તેટલું જ નહિ એવો કોઈ હકારો પણ ન ભણે. જા, બેન! જા. તું તારૂ કામ કર."

આમ મનમાં સંતોષકારક જવાબ મેળવી મેં મારી બેઠક સંભાળી.

સમય થયો. સભા શરૂ થઇ. વિક્રમ

મહારાજાએ વ્યાસપીઠ સંભાળી અને તેઓ જાણે ઘરમેળે જ ચર્ચા કરતા હોય તેમ બોલ્યાઃ–

"ભગવાન! હવે તો હદ થાય છે. આ ધરતી પર કેટકેટલો અત્યાચાર થઇ રહ્યો છે? અનાચારનો પણ પાર નથી રહ્યો. બસ. બધે અધર્મનું જ સામ્રાજ્ય વ્યાપી ગયું છે! શ્રી કૃષ્ણદેવ! મારું તો માનવું છું કે હવે તમે તમારી ગીતામાં આપેલા વચન પ્રમાણે એક અવતાર લઇ ધરતી પર જાવ. ખરેખર! જગત હવે તમારા અવતારની રાહ જુવે છે."

આ સાંભળતા જ શ્રીકૃષ્ણ ગરમ થઈ ગયા. એ એવી રીતે છેડાઈ ગયા અને મિજાજમાં એવા તો આવી ગયા હતા કે સ્વાભાવિક જ મને છાસવારે છંછેડાઈ જતા શ્રી નહેરૂની યાદ આવી ગઈ!!....

"શું, ખાખ અવતાર લઉં એ ધરતી પર? જગતને હવે એવા અવતારની પડી જ ક્યાં છે? ધરતીના માનવો અધર્મથી એટલા બધા ટેવા થઈ ગયા છે કે અધર્મને જ હવે એ ધર્મ માને છે! નહિ તો કંસનો વધ પણ કર્યો. મને થયું કે હાશ હવે અત્યાચારનો અંત આવ્યો. પણ આ ઝેરીલી માનવ જાત! તેના ઉદ્ધારકને જ મારવા તૈયાર થઈ. જંગલમાં તીર મારી મારૂ ખૂન કર્યું!....છેવટે જમાનાને માન આપી. 'કદમ મિલાકે ચલો' નો આદર્શ લઈ હું ગાંધીજીના વેષમાં ફરી ધરતી પર ગયો પણ આ માનવોને સુધરવું જ ક્યાં છે? પ્રાર્થના હોલમાં મારા પર ત્રણ ત્રણ ગોળીઓ છોડી અને મને ઠાર કર્યો. કહો, હવે ક્યાંથી મન થાય એ નગુણી ધરતી પર જવાનું? મન તો થાય છે. એ પૃથ્વીનો સંહાર કરી નાંખુ અને એક નૂતન જ માનવ સૃષ્ટિનું નિર્માણ કરું...."

"અને તમે માનશો...." એમ કહેતાં ભગવાન રામ વચમાં દરમીયાનગીરી કરતાં બોલી ઊઠ્યા. "જ્યારે જ્યારે આ દીવાળીના તહેવાર આવે છે. ત્યારે ત્યારે મારું મન અકળાઇ ઊઠે છે. અને શ્રીકૃષ્ણ! તમારો તો જાણે મરવાથી છુટકારો થઈ જતો. પરંતુ મારી તો આ માનવોએ એવી બેહાલ દશા કરી છે. કે જ્યારે એ મારા મંદિરમાં જઈ હું મારી મૂર્તિ જોઉં છું ત્યારે ઘડીભર હું મુંઝાઈ જઉં છું. મને ગમ નથી પડતી કે આ રામ હું હતો? લોકો મારા ચરણ આગળ ઢગલા બંધ પકવાન મૂકે છે. અને તેમાંય પોણા ભાગની તો પેલા શુદ્ધ વનસ્પતિ ઘીની જ! પાછું મને તો તેમાંથી શેવ જ ધરવાની અને બાકીનું પેલા વેતનીયા પૂજારીઓ જમે! અને આ ડાહ્યા કહેવડાવતા માનવો મારો અયોધ્યા પ્રવેશ દર વરસે મનાવે છે! ઘેર ઘેર દીવા કરે છે. આંગણે રંગોળીઓ પૂરે છે. દશેરાના દિવસે મારા જેવો વેષ પહેરી નકલી રામ બની રાવણના પૂતળાનો વધ કરે છે. આવું બધું તો ઘણું નાટક હું દર વરસે જોઉં છું. મને જો ખબર હોત કે મારા પછી આવું જ નાટકીય રામરાજ્ય ચાલવાનું છે. તો હું વનવાસથી પાછો જ ન ફરત! સાલા વાતો રામરાજ્યની કરે છે. અને ચલાવે છે. રાવણ રાજ્ય!.. અને વધારે મુંઝવણ તો મને એ થાય છે. કે ત્યારે તો લંકામાં એક જ રાવણ હતો પરંતુ અત્યારે તો એટલા બધા રાવણ પેદા થયા છે. કે ગણતા ગણતા તો મારી આંગળીઓ છોલાઈ

ગઈ છે!....અને પાછા રાવણના લેબાશમાં આવે તો સારું આ તો મારી સીતાને રાવણ ઉપાડવા આવ્યો હતો. તેવા સાધુના સ્વાંગમાં આવે છે!!....ખરેખર! આજની ધરતીના માનવો આ દિવાળીના દિવસોમાં આપણને એવા તો પાઠૂન જેવા ચિતરે છે કે જો આજે આપણે સવેળા નહિ જાગીએ તો એક દિવસ આવતી પેઢીના સંતાનો આ દિવાળીમાં આપણી હોળી કરશે!...."

ત્યાં એકાએક બીજા દેવ વચમાં બોલવા લાગી ગયા: "વાત તો તદ્દન ખરી છે. આજનો માનવી પથ્થરને પૂજી રહ્યો છે. આપણે ગયા ને તેમણે આપણા પથરા ઊભા કર્યા. બસ પછી એ પાષાણોની જ સાધના કરવા મંડી પડયા. તેના ભીતરની પૂજા તો ક્યાંય દેખાતી જ નથી. બસ, બધે બાહ્ય ઠઠારો જ દેખાય છે. અન્યાય ને અત્યાચારનો સામનો કરવા આ કૃષ્ણ શહિદ થયા. લોક-રાજ્યનો એક આદર્શ નમૂનો પૂરો પાડવા આ રામે પોતાની સગર્ભા સીતાને પણ કાઢી મૂકી. અને ભગવાન મહાવીર જોકે અહીં નથી. તેઓ તો બધા જ કર્મોને ખપાવી મોક્ષે ગયા છે. અને નિર્વાણ પામ્યા છે. નિગ્રંથ બન્યા છે. તેમને આ બધી પડી પણ ન હોય. છતાંય આપણે એ ન ભૂલવું જોઈએ કે આ દીવાળીમાં જ તેમણે પોતાનો દેહ છોડયો છે. સત્ય ને અહિંસા માટે તેમણે જિંદગી ખર્ચી નાંખી. રાગનો ત્યાગ કરો. કર્મોને કાપી નાંખો. એવી ગુલબાંગો પોકારી. તેમના પટ્ટશિષ્ય જ્ઞાની ગૌતમસ્વામીએ પણ જોર જોરથી કીધું કે ભાઈ! આ અશાશ્વત પાછળ ન રહો. જે ક્ષણ ભંગુર છે. તેની માયા મેલી દો. જે વિનાશી છે. તેનો મોહ ન કરો. તેની પાછળ જિંદગી બરબાદ ન કરો. અને સનાતન અવિનાશી, અકલંક એવા આત્માનું ધ્યાન ધરો. અને તેવા બનો, પરંતુ આ બધું જ અત્યારે વિસરાયું છે. કોઈ સમજવા પ્રયત્ન નથી કરતું કે દિવાળી પાછળ આ ભાવના રહેલી છે. દિવાળી એ તો મહામૂલા આદર્શોની ઉજવણી છે. પરંતુ આ મૂઢ લોકો ગોખલે દીવા મૂકે છે. પણ અંતરમાં તો અંધારું જ રાખે છે. આજ ચાલી રહેલા અનેક કંસ–રાવણના અત્યાચાર ને અનાચાર સામે કોઈ અવાજ ઉઠાવતું નથી. દીવાળી આવે છે. ને સૌ પોત-પોતાના દેવનું સ્મરણ કરે છે. તેમના મંદિરે જાય છે. ધૂપ ચંદન કરે છે. ફૂલહાર કરે છે. દીવા–આરતિ કરે છે. ફક્કડ ફેશનેબલ થઈ ફરે છે. થોડા દિવસો ઘરની ચારેબાજુ દીવાની ઝાકઝમાળ કરે છે. રંગબેરંગી રંગોળી કરે છે. પણ અફસોસ! મને તો એ બધી આપણી લાશની જ આરાધના થતી દેખાય છે. અ પણા ચેતનની તો તેમને પરવા જ નથી. જે આદર્શ ને સિદ્ધાંત માટે આપણે બલિદાન આપ્યાં તેની તો કોઈ વિચારણા જ નથી કરતું. બસ બધા સ્વજાનંદે મસ્ત છે.'

ત્યાં વિક્રમરાજા બોલી ઉઠયા.

"ખરેખર! આ માનવો આપણને બેવકુફ બનાવી રહ્યાં છે, મેં બધા જ ચોપડાઓનો નાશ કરાવી નવા ચોપડા લખવાની શરૂઆત કરાવી. તો લોકો નવા ચોપડા તો લખે છે પરંતુ હિસાબ તો પાછો જુના ચોપડાથી જ લે છે, ને મારા વાલા, હવે એવા કીમીયાગર થઈ ગયા છે કે બબ્બે ચોપડા રાખે છે. એક ખાનગી ને બીજો જાહેર! જાહેર તે સરકારને

બતાવવાનો. મને તો એવો ગુસ્સો ચડે છે કે આ લોકો સામે એક આંદોલન ચલાવું. આપણા મંદિરો આગળ સત્યાગ્રહ કરું. ઉપવાસ પર ઉતરું. માનવ માની આપણે તેમની દયા ખાધી પણ હવે વધુ તેમની દયા ખાવા જેવી નથી. કારણ આ માનવો હવે આપણને પૈસાના કાટલે તોલે છે. તેમના બજારમાં તેઓ બુદ્ધ, કૃષ્ણ, રામ, ઈસુની મૂર્તિઓને છ છ આને વેચે છે. એક આના શેરના ઘીના હિસાબે આપણી આરતી ઉતારે છે. આગણી પૂજા કરે છે. ખરેખર ! આ માનવજાત હવે એવી તો વેપારી બની ગઇ છે કે તેઓ છડેચોક આપણું લીલામ કરે છે. મારું તો સ્પષ્ટ માનવું છે કે હવે ચર્ચાઓ કરવી રહેવા દઈ કોઈ જલદ કાર્યક્રમ કરવો અને આ ધરતી પર સીધા જ પગલા ભરવા....”

આ દેવતાનું નામ તો મને યાદ નથી. પરંતુ તેમની વાણીમાં એવું તો જોમ ને જોશ હતું કે દેવોની આખી સભા ઉશ્કેરાઇ ગઇ. અને એકી અવાજે તેમની વાતને સમર્થન કર્યું.

પછી થોડી ચર્ચાને અંતે એક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો અને વિક્રમ મહારાજાએ તે વાંચી સંભળાવ્યો :

આથી અમે તમારા દેવતાઓ અને ભગવાનનો તમને જાહેર પડકાર કરીએ છીએ કે હવે તમે અમારી પૂજા બંધ કરો. અમારા મંદિરોને તોડી પાધર કરો. તમે બધાએ અમારા સત્ય ને આદર્શોની ભયંકર અવહેલના કરી છે અને આજ સુધી તમે અમને બધાને મૂર્ખ ને બેવકુફ બનાવવાની જ બધી ભાંજગડ કર્યા કરી છે. પરંતુ અમે તે બધું એક પળ પણ નભાવી લેવા તૈયાર નથી. તમારા એ લૂખ્ખા, ભાવના વિહોણા અન્નકૂટો હવે અમને ખપતા નથી. તમારી બેસૂરી રાગ–રાગણીઓથી અમે ધરાઈ ગયા છીએ. તેનો હવે અમને કંટાળોચડે છે. તમારી આ દિવાળીની તેજમછોળો ઓલવી નાખો.

આ પરિપત્ર મળે કોઈ અમારા મંદિરમાં ન આવે કારણ તમે હવે અમારી પૂજા કરવાને લાયક નથી રહ્યા. તમારી આ કહેવાતી દિવાળીને અમે માન્ય નથી રાખતા. કારણ કે તેમાં ક્યાંય તમારા હૈયાની ભાવના નથી. ક્યાંય આદર્શના અરમાન નથી. તેમાં સિદ્ધાંત પાછળ મરી ફીટવાની જરાય તૈયારી નથી.

અમે તો આ દિવાળી પાછળ તમારીજ લાલસાઓનું પ્રતિબિંબ જોઈ રહ્યા છીએ.

આથી આ દિવાળી આવે ત્યારે અમારી કોઈ પૂજા ન કરે, આંગી ન કરે, અમારી આરતિ ન ઉતારે. અને કોઇ અમારા મંદિરમાં પગ ન મૂકે.

સર્વ દેવતાઓની પરિષદે સર્વાનુમતે કરેલા આ ઠરાવની જો કોઈ પણ શખ્સ અવગણના કરશે તો મજબૂર થઈ અમારે સીધા ને કડક પગલા ભરવા પડશે તેની સૌ કોઈ નોંધ લે

એજ લિ.
સર્વદેવતા સંઘ.

હું તો આ સાંભળીને થીજી જ ગઈ. મારા શરીરે પરસેવો પરસેવો છુટી ગયો. કપાળ ને મોં પર પરસેવાના રેલા ઉતરવા માંડ્યા. પાવડર બધો ધોવાઇ ગયો. લીપ્સ્ટીક પણ રૂમાલમાં ચૂંસાઈ ગઈ. મહા મહેનતે હું જાત સંભાળી શકી. કારણ મને કોઈ આવતી

ભયંકર આંધીના ગડગડ ડંકા નિશાન સંભળાતા હતા.

સભાનું કામકાજ પૂરું થયું. એકાદ બે સવાલો પૂછી હું ઝટપટ મારી ઓફિસે આવવા ઉતાવળી બની. થોડા દેવતાઓ મને વિમાન ઘર સુધી વળાવવા આવ્યા. અને થોડી જ વારમાં હું ઓફિસમાં આવી.

જલદી જલદી મેં ટેલિફોન કરવા માંડયા. કમ્પોઝીટરોને મેટર આપી દીધું. મેટર મશીન પર ચડયું. અને સમાચાર પ્રગટ થયા.

**માનવ જાતથી રૂઠેલા ભગવાન!**

ગઇ કાલે રાતના બારના સુમારે ઇન્દ્રના દરબારમાં સર્વ દેવતા સંઘની એક પરિષદ મળી હતી અને તેમાં સર્વાનુમતે એક ઠરાવ કરી જણાવ્યું છે કે દિવાળીના આ ખોટા ભભકા બંધ કરો. માનવજાત જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો અમે ધરતીને રસાતળ કરી નાંખીશું.

**રોષે ભરાયેલો દેવતા સંઘ!**

ગઇ કાલે રાતના સ્વર્ગમાં ભરાયેલી દેવતા સંઘની પરિષદે દીવાળી તહેવારનો વિરોધ કરતાં કેટલાક સૂત્રો (Slogans) આપ્યાં છે. અને તેનું ચૂસ્તપણે પાલન કરવાનું સર્વાનુમતે નક્કી કર્યું છે. તેમ કરવામાં જે કોઈ શખ્સ નિષ્ફળ જશે તેના સામે જલદ પગલાં લેવામાં આવશે.

સૂત્રો આ પ્રમાણે છે.

**પથ્થર નહિ, પથ્થરના ભીતરને પૂજો.**
**ગોખે નહિ, અંતરમાં દીવો કરો.**
**મોંએ રામ નહિ, ખૂદ રામ બનો.**
**અત્યાચાર ને અનાચારનો સામનો કરો.**

આ બધા પત્રો વાંચતી હતી. ત્યાં એકાએક ટેલીફોનની ઘંટડી રણકી.

"હલ્લો. પ્રેસ કે? આપણા શહેરોના મંદિરોમાં ભગવાનની મૂર્તિઓ ગૂમ થઈ છે. રામનું તો આખું મંદિર જ ખંડેર બન્યું છે. આપ ઝડપથી આ જગાએ ચાલ્યા આવો."

હું આ સાંભળી એકદમ વિચારમાં પડી ગઈ. જરૂર દેવતાઓ વધુ ઉશ્કેરાયા હશે! મેં તુરત જ સ્વર્ગમાં વિક્રમ રાજાને ફોન જોડયો.

"હલ્લો....વિક્રમ રાજા કે? હું પ્રેસમાંથી બોલુ છું. કાલે આપની બેઠકમાં જે પ્રમાણે નક્કી થયું હતું તેનાથી અહીં ઉલ્ટુ જ બન્યું છે. દેવ! આવો જલદ કાર્યક્રમ શા માટે લીધો? માનવને સુધરવાની જરા તક તો આપો."

"બેન! અમે એક પળનો પણ વિલંબ સહન કરી શકીએ તેમ નથી. અમે અહીં બેઠા જોઈ લીધું કે અમારા આદેશની કંઈ જ અસર થવાની નથી. માનવ હજી એવોને એવો જ ભાવના શૂન્ય ને હૈયા વગર જીવવા માંગે છે...અને અમને તે પોસાય તેમ નથી. માફ કરજો બેન! અમારા સંઘનો આ સર્વાનુમતિ નિર્ણય છે. ફેર બદલી થઇ શકે તેમ નથી."

"પણ...હલ્લો....દેવ....દેવ...."

કોણ સાંભળે? હું જોરથી ખુરસી પર ફસડાઇ પડી ને બોલી ઊઠી:

સત્યાનાશ થવા બેઠું છે.

"કોનું સત્યાનાશ થવા બેઠું છે!"

"આપણું સ્તો? બિચારા! ભગવાન એ પણ ન અકળાય? ખરેખર હવે આપણે પ્રલય ટૂંકમાં જ છે."

[જુઓ અનુસંધાન પેજ ૧૧ પર]

# શાસન સમાચાર

**ધર્મજ :** પૂ. ક્ષમાવિજયજી મ. સા. આદિઠાણા ૨નું ચાતુર્માસ અત્રે થતા જૈન તેમ જ જૈનેતરોમાં સારી ધર્મભાવના જાગ્રત થઈ છે, ચૌદપૂર્વના એકાસણા, અક્ષયનિધિ તપ, વિગેરે તપશ્ચર્યાઓ સારા પ્રમાણમાં થઈ છે પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિ સૂરીશ્વરજીના કાળધર્મ નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ શ્રી સંઘ તરફથી ઉજવાયો હતો, શ્રી પર્યુષણ મહાપર્વ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયા હતા તપશ્ચર્યા સમયાનુસાર ઘણી સારી થઈ હતી. તપશ્ચર્યા નિમિત્તે પાંચ વરઘોડા કાઢવામાં આવ્યા હતા. આ રીતે શાસન પ્રભાવના સારી થઈ હતી.

**સમી :** પૂ૦ આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરિજીના આજ્ઞાવર્તી સાધ્વીજી શ્રી અમૃતશ્રીજી મ. ના શિષ્યા મંજુલાશ્રીજી આદિઠાણા ચાર અત્રે ચાતુર્માસ બિરાજમાન છે. જેમના ઉપદેશથી બ્હેનોમાં ધર્મભાવના ખૂબ વિકસી છે. ચાતુર્માસ દરમ્યાન સ્વસ્તિક તપ, અષ્ટ મહા સિદ્ધિ તપ, મોક્ષનો ડાંડો તપ; ચૌદપૂર્વ તપ, તેમ જ કવલ વ્રત તેમ જ સામુદાયિક સ્નાત્ર મહોત્સવની ઉજવણી થઈ હતી. શ્રી પર્યુષણ પર્વમાં સાધ્વીજી શ્રી સુરપ્રભાશ્રીજીએ અઠ્ઠાઈની તપશ્ચર્યા કરેલ તે નિમિત્તે શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો હતો પર્યુષણામાં બીજી પણ ઘણી તપશ્ચર્યા થઈ હતી.

**અમદાવાદ :** પૂ૦ પંન્યાસજી જયન્તવિજયજી ગણિવર્યની નિશ્રામાં શ્રી પર્યુષણ પર્વની ઉજવણી ખૂબ ધામધૂમપૂર્વક થઈ હતી. પૂ૦ યતીન્દ્રવિજયજી મહારાજશ્રીના બોધક વ્યાખ્યાનોનો જનતા ખૂબ ઉલ્લાસપૂર્વક લાભ લે છે. બાલમુનિશ્રી વિમલભદ્રજીની ૨૧ દિવસની તપશ્ચર્યા સૌનું ધ્યાન ખેંચતી હતી, પૂ૦ પંન્યાસજી રવિવિજયજીના કાળધર્મ નિમિત્તે આસો સુદમાં પન્યાસજીના ઉપદેશથી ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો.

**સમૌ :** પૂ૦ પં. લલિતવિજયજી આદિ ઠાણા ૨ તથા મુનિશ્રી રત્નસાગરજી આદિ ઠાણા ૨ અત્રે ચાતુર્માસ બિરાજે છે. વ્યાખ્યાનમાં મુનિ રત્નસાગરજી મ. સા. ઉત્તરાધ્યયનસૂત્ર તથા ભાવનાધિકારે સુમાદિદેશના વાંચે છે જેનો લાભ જૈનો તેમ જ જૈનેતરો સારા પ્રમાણમાં લે છે. શ્રી પર્યુષણ પર્વની આરાધના ઘણી જ ઉલ્લાસપૂર્વક થઈ છે. તપશ્ચર્યા પણ સમયાનુસાર ઘણી સારી થઇ હતી.

**મેતા :** ચાંગા (બનાસકાંઠા) ક્રિયાની ઓળીનું આરાધન કરાવવાનું હોવાથી શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી મુનિશ્રી કુન્દનવિજયજી તથા મુનિશ્રી ચિન્તામણિ વિજયજી અત્રેથી ચાંગા પધાર્યા છે.

**ઉજ્યાગંજ** : પૂ૦ આ. ઉપાધ્યાયજી શ્રી કૈલાસસાગરજી મ. ના શિષ્ય પૂ૦ મુનિશ્રી ભદ્રસાગરજી મ. તથા મુનિશ્રી અભય સાગરજી મ. શ્રીની નિશ્રામાં મહામંગલકારી પર્વાધિરાજશ્રી પર્યુષણા પર્વની આરાધના નિર્વિઘ્ન પરિસમાપ્ત થયેલ છે. તેઓશ્રીના સદુપદેશથી રતલામ નિવાસી બહેનોએ માસ-ખમણની તપશ્ચર્યા કરી હતી. તથા શ્રી કીર્તિ-પ્રભાશ્રીજીએ ૧૬ ઉપવાસ, જયંતપ્રભાશ્રીજીએ નવ ઉપવાસ બે બેનોએ દસ તથા બે બે બેનોએ અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યા કરી હતી. બાબુ શ્રીપતસિંહજી દુગડના ધર્મપત્ની રાણી ધન્નાકુમારીએ અઠ્ઠાઈઆદિ તપશ્ચર્યા કરવાપૂર્વક ચોસઠ પ્રહરી પૌસહ કર્યા હતા. તે પ્રસંગે શ્રીપતસિંહજી દુગડ તરફથી સ્વામીવાત્સલ્ય તેમ જ જુદી જુદી વ્યક્તિઓ તરફથી પાંચ પૂજાઓ થએલ હતી. બ્હેનોએ સમવસરણ તપ પણ કર્યો હતો.

**ગોંડલ** : પૂ૦ પન્યાસજીશ્રી ભુવનવિજયજી ગણિના શિષ્ય મુનિશ્રી મહિમાવિજયજીના ઉપદેશથી વિશ્વશાંતિ અર્થે પ્રત્યેકને સાડાબાર હજારનો જાપ કરાવવામાં આવેલ, તેમાં સારી સંખ્યામાં લોકો જોડાયા હતા. શ્રીમહિમાવિ-જયજીએ ન૧ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

**રાજપુર** : (ડીસા) પૂ૦ આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરિજી મ. ના શિષ્ય હર્ષસેન-વિજયજી તથા મણિશેખર વિજયજીની નિશ્રામાં શ્રાવણ માસમાં નવકારમંત્રના આરાધનનિમિત્તે ૧૫ દિવસના એકાસણા કરાવવામાં આવ્યા હતા. પૂ. આ. શ્રી. લબ્ધિસૂરિજીના કાળધર્મ નિમિત્તે દેવવંદનાદિ થયું હતું મુનિપદ્મ-વિજયજીના કાળધર્મનિમિત્તે પણ દેવવંદનાદિ થયું હતું બન્નેના કાળધર્મ નિમિતે પૂજાઓ ભણાવાઈ હતી. શ્રી. પર્યુષણપર્વમાં નવા ડીસાથી પૂ. ચંદ્રસેનવિજયજી મ. સાહેબ વ્યાખ્યાન વાંચવા માટે પધાર્યા હતા. તેમની નિશ્રામાં તપશ્ચર્યાઓ વિગેરે ધર્મપ્રભાવના સારી થઈ હતી. સુદ પાંચમના દિવસે શંકાણી ગુલાબચંદ મોતીચંદ તરફથી દર વર્ષના રિવાજ મુજબ નવકારશી થઈ હતી.

**લસુંદ્રા** : શ્રી પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે મહેસાણા શ્રીયશોવિજયજી જૈન પાઠશાળામાંથી બે વિદ્યાર્થીઓને બોલાવેલા. તેમની નિશ્રામાં પોસહ, પ્રતિક્રમણ, વ્યાખ્યાન વિ. દસ ઘરના ટૂંકા સમુદાયમાં ધર્મપ્રભાવના સારી થઈ હતી. તપશ્ચર્યા દસ, છ, ચાર, અઠ્ઠમ આદિની થઈ હતી.

**ભાવનગર** : દાદાસાહેબ જૈન ઉપાશ્રયમાં પંન્યાસજી મનહરવિજયજી આદિ ઠાણા ૩ ચાતુર્માસ બિરાજે છે. ત્રણે ઠાણાને વર્ધમાન-તપની ૯૨મી ઓળી નિર્વિઘ્ન પરિસમાપ્ત થઈ છે. જેનું પારણું જુનાગઢમાં થયું હતું. ત્યાંથી વિહાર કરી વેરાવળ, પ્રભાસપાટણ, કદંબગીરિ, પાલીતાણા તીર્થની ૯૯ યાત્રા કરી અત્રે ચાતુર્માસ કરેલ છે. ત્રણે મહાન તપસ્વીઓ છે. પર્યુષણપર્વમાં સારી આરાધના થઈ હતી, સમયાનુસાર તપશ્ચર્યા પણ સારા પ્રમાણમાં થઈ હતી. પર્યુષણમાં દેવદ્રવ્ય આદિ સાત ક્ષેત્રોની ઉપજ પણ સારી થઈ હતી.

**ગોધરા** : શ્રી સંઘના અતિ આગ્રહથી શ્રી જૈન શ્રેયસ્કર મંડલ મહેસાણા તરફથી પરીક્ષક શાંતિલાલ ભાઈચંદ મહેતા શ્રી પર્યુષણ-પર્વની આરાધના કરાવવા અત્રે પધાર્યા હતા. વ્યાખ્યાન, પૂજા, પ્રભાવના, પ્રતિક્રમણમાં જૈન

જનતાએ સારો લાભ લીધો હતો, સદરગામના શ્રી. સંઘ તરફથી સંસ્થાને લગભગ ૭૦૦) રૂપીયાની રકમ ભેટ તરીકે મળેલ. પરીક્ષકશ્રીએ પર્યુષણપર્વનો કાર્યક્રમ નિર્વિઘ્ન સમાપ્ત કરી, કપડવંજ, તેમજ ખંભાતની બધી પાઠશાળાઓની પરીક્ષા લીધી હતી, દરેક શાળાઓનું પરીણામ એકંદરે સંતોષકારક જણાએલ. પાઠશાળાઓમાં ઉચ્ચ અભ્યાસીઓની સંખ્યા ઘણી જ સારી છે. શાળાના કાર્યવાહક મહાશયો તેમજ પં. છબીલદાસભાઈ અને માસ્તર રામચંદ ડી. શાહ આદિના પ્રયાસો ઘણા જ સ્તુત્ય છે.

મહેસાણા : શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા મહેસાણા. ચાલુ સાલમાં પર્યુષણ પર્વમાં વ્યાખ્યાન–પૂજા–ભાવના–પૌષધ પરિક્રમણાદિ અનુષ્ઠાનો કરાવવા અંગે લગભગ પર ગામોની માગણી આવતા નીચે મુજબ શિક્ષકો—વિદ્યાર્થીઓ આરાધના કરાવવા ગયા હતા.

(૧) શિક્ષક. શાન્તિલાલ સોમચંદ "અહમદનગર" (૨) પરીક્ષક કાંતિલાલ ભાઈચંદ મહેતા "ગોધરા", (૩) શિક્ષક કનૈયાલાલ ફકીરચંદ "ભીલવાડા", (૪) શિક્ષક બાબુલાલ રૂપશીભાઈ સાયન, (૫) વિ. વસંતલાલ, અને ઈશ્વરલાલ લાતુર, (૬) વિ. માણેકલાલ બાલાપુર, (૭) વિ. વસંતલાલ હીલેગામ (૮) વિ. કિરીટકુમાર. રાજુર (૯) વિ. ધિરજલાલ શેગાંવ. (૧૦) વિ. શશીકાન્ત બુરહાનપુર (૧૧) વિ. રમણીકલાલ માંડવી. (૧૨) વિ. મહેન્દ્રકુમાર, કોસંબા. (૧૩) વિ. ચિનુકુમાર. લસુંદ્રા. (૧૪) વિ. જયંતિલાલ સિનોર. (૧૫) વિ. તલકશી રણુંજ. (૧૬) વિ. હસમુખલાલ સીપોર. (૧૭) વિ. જશવંતલાલ પંચાસર ઉપરના ૧૭ ગામોમાં સારો લાભ આપ્યો હતો.

તદુપરાંત સંસ્થાના પ્રચારાર્થે પં. પુખરાજજી અને શિક્ષક રતિલાલ મુંબઈ ગયા હતા. પર્યુષણમાં નીચેના ગામો તરફથી સંસ્થાને મદદ મળેલ છે.

૧૦૦૧) અહમદનગર ૧૦૧) તલેગામ ૧૦૦૧) જીયાગંજ ૬૩૭) ગોધરા ૧૦૧) રાજુર ૨૫૫) મલાડ ૪૦૮) લાતુર ૯૮) ભીલવાડા ૬૫૧) રાજકોટ ૧૮૩) સિનોર ૯૭) બુરહાનપુર ૫૦૧) દમણ ૧૨૪) રણુંજ ૧૮૦૧) માટુંગા ૪૦૦ મહેસાણા ૫૩૦ બોટાદ ૨૭૫) ઘોટી.

તે સિવાય બીજા પણ સંઘો તરફથી સંસ્થાને નાની મોટી રકમ ભેટ મળેલ છે.

સંસ્થાની જનરલ વ્યવસ્થાપક સમિતિની મીટીંગ તા. ૩૦–૯–૬૧, ના રોજ અમદાવાદ મુકામે શેઠ લાલભાઈ દલપતભાઈના વંડે શ્રીમાન શેઠ શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠશ્રી રમેશચંદ્ર બકુભાઈ, શેઠશ્રી હીરાલાલ મણીભાઈ, વકીલ ચીમનલાલ અમૃતલાલ ડૉ. મગનલાલભાઈ આદિ સભ્યોએ તથા પરીક્ષક વાડીલાલભાઈએ હાજરી આપી હતી અને મેનેજર કાંતિભાઈ પં. પુખરાજજીભાઈ આદિ પણ હાજર રહ્યા હતા. સાંજના ૫ વાગ્યા સુધી સંસ્થાના શાસનોપયોગી કાર્યોની તલસ્પર્શી ચર્ચાવિચારણા થઈ હતી.

મદ્રાસ નિવાસી શેઠશ્રી રીખવદાસજી (સ્વામીજી) તા. ૭–૧૦–૬૧ ના રોજ મહે-

સાણા પધારતા સંસ્થાની મુલાકાત લઈ સંસ્થાના ઉત્કર્ષ અંગે કેટલીક વાતચીત કરી હતી.

બોટાદ : આ. વિ. ભક્તિ સૂરીશ્વરજીના પ્રશિષ્ય તપસ્વી મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી તથા ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી મ. સા.ના શિષ્યરત્ન મુનિરાજશ્રી કંચનસાગરજી મહારાજ સાહેબ આદિ ઠાણા બે, ચાતુર્માસ બિરાજમાન છે.

વ્યાખ્યાનમાં યોગશાસ્ત્ર તથા ભીમસેન ચરિત્ર વંચાય છે. મુનિરાજ શ્રી કંચનસાગરજી મહારાજની વ્યાખ્યાન શૈલી ઘણી રોચક હોવાથી, જૈન, જૈનેતરો ઘણાં સારા પ્રમાણમાં લાભ લઈ રહ્યાં છે. તેઓશ્રીના સદુપદેશથી નવ દિવસ સુધી નવકાર મંત્રનો અખંડ જાપ, ત્યારબાદ ક્ષીરના એકાસણા સાથે અષાડ વદી ૩ ના રોજ ૪૫૦ માણસે એ નવકાર મંત્રનો નવલાખ જાપ કરેલ, ત્યારબાદ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ ૧૫૦ થયેલ, અઠ્ઠમના અત્તરવારણા નાનચંદ રૂપાભાઈ બગડીયા તરફથી થયેલ, પારણા નરોતમદાસ છગનલાલ બગડીયા તરફથી થયેલ.

જેઠ વદી ૩ ના યોગનિષ્ટ આ. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબની સ્વર્ગારોહણ તીથિ ઘણી જ ઠાઠમાઠથી ઉજવવામાં આવી હતી અને શ્રીમદ્ શ્રીજીના જીવન-ચરિત્રના પ્રસંગો ઉપર મુનિરાજ શ્રી કંચન-સાગરજી મહારાજે પોતાની રોચક શૈલીથી સારી રીતે પ્રકાશ પાડયો હતો. બંને દેરાસરોએ આંગી તથા પુજા–પ્રભાવના શાહ જીવરાજ લલ્લુભાઈ ખડોળવાળા તરફથી થયેલ.

પર્યુષણા પર્વમાં ચોસઠ પહોરી પૌષધ ૧૦૦, તેઓને સાતે દિવસ એકાસણા જુદા જુદા ગ્રહસ્થો તરફથી થયેલ. તેમજ ૬–૮–૧૦ વિગેરે ૩૫ તપસ્યાઓ થઈ હતી. મહેસાણા પાઠશાળાના ફંડમાં રૂા. ૫૩૦) તથા સ્થાનિક પાઠશાળામાં પંચવર્ષિય યોજના ફંડ જેમાં તોટો લગભગ પાંચસો, છસો રૂપીયાનો પડતો હતો તે તોટો પુરો કરી અધિક ફંડ થયેલ છે. સાધર્મિક ભક્તિ વિગેરેના ફંડો પણ સારા થયા હતા.

સ્વામિવાત્સલ્ય, રથયાત્રા વિગેરે શાસન પ્રભાવનાના કાર્યો સારા થયા હતા. તપસ્વીઓના પારણા દેસાઈ ગોકળદાસ ભાઈચંદ તથા દેસાઈ અમરચંદ વેલચંદ તરફથી થયા હતા.

તપસ્વી મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી મહારાજશ્રીને આઠમો વરસી તપ (બાર વર્ષની દીક્ષા પર્યાયમાં) ચાર ઉપવાસથી ચાલે છે તે ઉત્કૃષ્ટ તપસ્યામાં પણ તેઓશ્રીએ પર્યુષણ પહેલાં ૭ ઉપવાસ, તથા અઠ્ઠાઈ તપ કરેલ. તેમ જ પર્યુષણ પછી પંદર ઉપવાસ કરેલ. તપસ્વી મહારાજશ્રી ભાસ્કરવિજયજી પંદરમા ઉપવાસના દિવસે ચતુર્વિધ સંઘ સાથે, ગાજતે વાજતે, પરામાં મહાવીર સ્વામિના દહેરાસર તથા સોસાયટીમાં દહેરાસર દર્શન કરવા ગયેલ અને તે સમયે સુખશાતા સારી રહી હતી. સોસાયટીમાં વ્યાખ્યાનમાં પ્રભાવના થયેલ અને પારણું સુખપૂર્વક થયેલ છે.

પારણાના દિવસે પૂજા, પ્રભાવના, આંગી રચના તથા સ્વામિવાત્સલ્ય સંઘ તરફથી કરવામાં આવેલ છે.

આ વર્ષે ચાતુર્માસ ઘણી સારી આરાધના-પૂર્વક પસાર થાય છે. આ વિ. નીતિસૂરીશ્વરજી

મ. સા. ના સમુદાયના સાધ્વીજી મહારાજશ્રી મનોહરશ્રીજી આદિ ઠાણા ૭ ચાતુર્માસ છે. સા. મ. ચંદ્રપ્રભાશ્રીજી તથા ચંદ્રકળાશ્રીજીએ અઠ્ઠાઈ તપ કરેલ તેમજ અન્ય સાધ્વીજી મહારાજોને વર્ધમાન તપની ઓળી ચાલે છે.

**મુજપુર** : સ્વ. આચાર્ય મહારાજ શ્રી. વિજયભક્તિ સુરીશ્વરજીના શિષ્યરત્ન પં. શ્રી. સુમતિવિજયજી મ. સાના શિષ્ય મુનિ શ્રી માણેક-વિજયજી મ. સા. અત્રેના સંઘની આગ્રહભરી વિનંતીથી અત્રે ચાતુર્માસ બિરાજેલ છે.

તેઓશ્રીની નિશ્રામાં પર્યૂષણ મહાપર્વમાં તપસ્યા વિગેરે ભવ્ય રીતે કરવામાં આવેલી.

દહેરાવાસી તથા સ્થાનકવાસી. ભાઈઓ વચ્ચે સાધારણ મતભેદ હતો. તે જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ. મુનિશ્રી માણેકવિજયજી મ. સાની ઉપકારી પ્રેરણાથી દુર થઈ બધા ભાઈઓએ એકત્ર થઈ નોકારસી આનંદ પૂર્વક ઉજવી હતી.

તપસ્યાઓ વરઘોડો નોકારશી વિ. સુંદર કાર્યો થયાં હતાં.

જૈનેતરોએ પણ સુંદર રીતે ભાગ લીધો હતો. તેમજ નવે વ્યાખ્યાનોમાં ગહુંલી તથા પ્રભાવના થઈ હતી........

**ખંભાત** :—

* શ્રી સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા અને શ્રી ભટ્ટીબાઈ જૈન શ્રાવિકા શાળાના ઉપક્રમે તા. ૧-૯-૬૧ નારોજ પ. પુ મુ. શ્રી કુશળ-વિજયજીની અધ્યક્ષતામાં લાડવાડાના ઉપાશ્રયે મેળાવડો યોજવામાં આવેલ. શરૂઆતમાં પંડિત છબીલદાસે પાઠશાળાની પ્રગતિનો ઇતિહાસ રજુ કર્યો હતો. ત્યારબાદ પરીક્ષક કાંતીલાલ મહેતા, શ્રી રતીલાલ બી. શાહ, શ્રી શાંતિલાલ, શ્રી ચીમનલાલ ચોકસી, પૂંડરીક ચોકશી અને શ્રી ભદ્રીકલાલ કાપડીઆએ પ્રાસંગિક પ્રવચનો કરી પાઠશાળા આથી પણ વધુ પ્રગતિ કરે તેમ જણાવેલ પૂ. મહારાજ-શ્રીએ પણ મનનીય પ્રવચન આપેલ. શેઠ કેશવલાલ બુલાખીદાસ તરફથી ઈનામો આપ-વામાં આવ્યા હતા. અંતમાં પેંડાની લહાણી બાદ સમારંભ આનંદમય વાતાવરણમાં પુરો થયો હતો.

* અત્રે તા. ૨૯-૯-૬૧ ના રોજ વિરમ-ગામથી જૈન બેનોની ટોળી આવેલ અને તેનો ઉતારો સ્થાનકવાસી જૈન વાડીમાં રાખેલ. બે દિવસના આ મંડળીના અત્રે રોકાણ દરમીયાન શેઠ છગનલાલ કસ્તુરચંદ અને શેઠ કેશવલાલ બુલાખીદાસ તરફથી ભોજન સમારંભ તથા ચાહ નાસ્તા વિ. ની સગવડ શ્રી કાંતીલાલ ઝવેરી, શ્રી ધીરૂભાઈ શાહ અને શ્રી રતીલાલ ડબ્બાવાળા તરફથી થયેલ મંડળીએ શ્રી સ્થંભણ પાર્શ્વનાથજીના દેરાસરે પૂજા ભણાવેલ તથા રાત્રે વાડીમાં સમગ્ર જૈન સમાજના આગેવાનો સમક્ષ કાર્યક્રમ, જેમાં ગીત, ગરબા, નૃત્ય વિ. રજુ કરેલ. ત્યારબાદ જૈન સમાજમાં એકતા આવે તે માટે શ્રી રતીલાલ બી. શાહ, શ્રી ચીમનલાલ દલાલ, વકીલ કાંતીભાઈ કાપડીયા, શ્રી ચિમનલાલ ચોકસી, શ્રી પુંડરીક ચોકશી, શ્રી મુળચંદભાઈ દલાલ, પંડિત છબીલદાસ શ્રી ભદ્રીક કાપડીઆ અને શ્રી ધીરૂભાઈએ પ્રવચનો કરેલા. આ પ્રવાસી મંડળીના અત્રે મુકામ દરમીયાન શ્રી કાંતીલાલ બીડીવાળા, શ્રી નગીનદાસ શાહ શ્રી ધીરૂભાઈ પંડિત છબીલદાસ વિ. એ આપેલ સેવા ખાસ

નોંધનીય છે. આ પ્રસંગથી જૈન સમાજની એકતા અંગે અસરકારક છાપ દરેક પર પડી છે.

[અનુસંધાન પેજ ૩૫નો શેષ]

" બેન ! સવાર પડી. આઠ વાગે શેના સપનાં જુવો છો. ઊઠો હવે, ઊઠો લો, આ ચા ઠંડી થઇ રહી છે."

" શું ? સવાર ? ? ચા ? ? અરે ! રણછોડ ! તું ?

" બેન ! શું 'સત્યાનાશ' 'પ્રલય' આ બધુ શું બબડતા હતા ? "

" રણછોડ ! હું સ્વર્ગમાં જઈ આવી."

" હેં....હેં....સ્વર્ગમાં......"

ગભરાટમાં રણછોડના હાથમાંથી ચાનો પ્યાલો પડી ગયો........

# શ્રી સુધર્મ સાધના સન્માન

લી : સુધર્મ સાધના-સન્માન

મુંબઇના જૈન સમાજના ચારેય ફીરકાઓમાંથી પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી યુકત શ્રી. સાધના સન્માન સમિતિ તરફથી તા. ૮ ૧૦ ૬૧ ને રવિવારે બપોરે અઢી વાગે શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય (પાયધુની)માં પૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી આદિ મૂનિવર્યોની નિશ્રામાં આધ્યાત્મિક સાધક શ્રીરૂષભદાસ જૈન તથા નવલકથાકાર શ્રીમોહનલાલ ચુનીલાલ ધામીના સન્માન માટે એક જાહેર સમારંભ યોજાયો હતો, જેમાં લગભગ અઢી હજાર માણસની ગંજાવર મેદની હાજર હતી.

પૂજ્ય આચાર્ય દેવના મંગળાચરણ તથા શ્રી બાબુભાઈ પરમારની પ્રાર્થના બાદ સમિતિના માનદ્ મંત્રી શ્રી જયંતિલાલ રતનચંદ શાહે જૈનાચાર્ય પ. પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી, પૂ. આ. શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી, પૂ. આ. વિજયઉમંગસૂરીશ્વરજી, પૂ. આ. વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી, પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણ, મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી શ્રી પ્રકાશજી, ગુજરાતના રાજ્યપાલશ્રી મહેદી નવાબ જંગ, દિગંબર સમાજના અગ્રગણ્ય તથા સમિતિના ઉપપ્રમુખ શ્રી. શ્રેયાંસપ્રસાદ જૈન સાહુ આદિના સંદેશાઓનું વાંચન કર્યું હતું. તે બાદ સમિતિના પ્રમુખ શેઠશ્રી માણેકલાલે આ સમારંભના અતિથી વિશેષ નિવૃત રાજ્યપાલ શ્રી મંગળદાસ પકવાસાને આવકાર આપતું નિવેદન વાંચી સંભળાવ્યું હતું, જેમાં જૈન દર્શનની દૃષ્ટિએ સાધનાના વિવિધ માર્ગોનું માર્ગદર્શન હતું.

પ્રાસંગિક પ્રવચનોમાં શેઠશ્રી અમૃતલાલ કાલીદાસ દોશીએ સાધક અને સાહિત્યકારનો સુમેળ સમજાવ્યો હતો, જીવદયા મંડળીવાલા શ્રી મગનલાલ પી. દોશીએ વર્તમાનકાળમાં અધ્યાત્મવાદનું મહત્વ સમજાવ્યું હતું. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સન્માન સમારોહની જરૂરિયાત સમજાવી હતી. શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે વિદ્વાનો તથા સાધકોની સમાજે લેવી જોઈતી કાળજી ઉપર ભાર મૂકયો હતો પંદર

વર્ષની કુ. છાયાએ પોતાના પ્રવચનમાં માનવતાનું મહત્વ સમજાવ્યું હતું.

મૂનિવર્યોમાં પૂ. પં. શ્રી વિક્રમવિજયજીએ આવા સન્માનો વ્યક્તિઓના નહિ પણ ગુણના થાય છે, તે વિષે સ્પષ્ટતા કરી હતી. મૂનિશ્રી ચિત્રભાનુએ જ્ઞાનદર્શન ચારિત્રની આરાધના માટે માનવજીવનની મહત્તા બતાવી હતી. ત્યાર બાદ શ્રીવસંતલાલ કાન્તીલાલ ઇશ્વરલાલ તથા શ્રીજયંતિલાલ રતનચંદ શાહે બંને મહેમાનોનાં અભિનંદન પત્રો વાંચ્યા હતાં. શ્રીમંગળદાસ પકવાસાએ ચાંદીના પૂજાના ઉપકરણો અને સોનાના સિદ્ધચક્રજી તથા મીણાકારીના કળામય ઋષિમંડળ યંત્ર તથા માનપત્ર આજના મહેમાનોને અર્પણ કર્યા હતાં.

સન્માનનીય શ્રીમદ્ ઋષભદાસજીએ વિદ્વત્પૂર્ણ આધ્યાત્મિક પ્રવચનમાં પ્રકૃતિના મહાશાસનની રજૂઆત કરી હતી, પોતાની આરાધનાનું રહસ્ય સમજાવ્યું હતું. શ્રીમોહનલાલ ચુનીલાલ ધામીએ ઐતિહાસિક સુવર્ણ પાત્રોને નવલકથામાં ઉતારતી વખતે રાખવી જોઇતી કાળજી અને તેના લાભાલાભ વર્ણવ્યા હતાં.

ત્યાર બાદ આજના અતિથિ વિશેષ શ્રીમંગળદાસ પકવાસાએ "જૈન દર્શન" એ સંસાર અને મોક્ષ વચ્ચે પૂલ છે. એમ જણાવતા જીવનમાં ધર્મ ઉતારવા ભાર મૂક્યો હતો. ત્યારબાદ શેઠ શ્રીમાણેકલાલ ચુનીલાલે શ્રીપકવાસાજીને ફૂલહાર કર્યા બાદ આજની સભાના અધ્યક્ષશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે પ્રમોદભાવ ગુણાનુરાગની દ્રષ્ટિએ આજના સમારંભનું મહત્વ સમજાવ્યું હતું.

અંતમાં જાણીતા કોંગ્રેસ કાર્યકર્તા અને મ્યુનિસિપલ કાઉન્સીલર, શ્રી મુક્તિલાલ પીરૂવાડીઆએ આભારવિધિ કરી હતી, આ સભામાં જૈન સમાજના ચારે ફીરકાઓની અગ્રગણ્ય વ્યકિતઓ હાજર હતી.

---

# "સ્મરણાંજલિ"

## "સેવામૂર્તિ"

## ગુરૂભક્તવર્ય સ્વ. શા. લલ્લુભાઈ કરમચંદ દલાલનું દુઃખદ અવસાન



શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલનું તા. ૫-૧૦-૬૧ના મુંબઈમાં અવસાન થયાના સમાચાર જાણી 'બુદ્ધિપ્રભા'એ એક સખ્ત આંચકો અનુભવ્યો છે. સદ્ગતે 'બુદ્ધિપ્રભા' ના ઉત્કર્ષ માટે તેમની જૈફવયે પણ વારંવાર અમને પત્રો લખી માર્ગદર્શન આપ્યું છે અને અમારી ઘણી તકલીફો ઉકેલવામાં તેમણે મદદ કરી છે. સદ્ગત આમ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના અનન્ય ભક્ત હતા. શ્રી અધ્યા-

ત્મજ્ઞાન પ્રસારક મંડળના તે સ્તંભ સમા આજીવન અગ્રીમ કાર્યકર હતા. જવાનું તે અંતે સૌને છે. અને તેઓ પણ તેમ જ ગયા. તેમના જવાથી એક મહત્વની વ્યક્તિની ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

—તંત્રીઓ "બુદ્ધિપ્રભા"

( **નોંધ** :—આવતા અંકમાં સદ્દગતની જીવનઝરમર આપવામાં આવશે. )

---

**તારીખ ૧૪-૧૦-૬૧ના રોજ મળેલી કાર્યવાહક સમિતિમાં પસાર કરવામાં આવેલ**

## શોક ઠરાવ.

"શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળની કાર્યવાહક સમિતિની આજની સભા મંડળના સ્તંભસમા આજીવન કાર્યકર શ્રી. લલ્લુભાઈ કરમચંદ દલાલના તા. ૫-૧૦-૬૧ના રોજ થયેલ દુઃખદ અવસાન પ્રત્યે ઉંડા શોક અને દીલગીરીની લાગણી વ્યક્ત કરે છે.

સદ્દગત શ્રી લલ્લુભાઈએ આ મંડળની પ્રગતિ અને વિકાસમાં સારાયે જીવનભર અવિરત સેવાઓ અર્પી અમૂલ્ય ફાળો અર્પ્યો છે. અધ્યાત્મ સાહિત્યમાં ઉંડો રસ લઈ મંડળની પુસ્તક પ્રકાશન પ્રવૃત્તિમાં જે ફાળો નોંધાવ્યો છે તે અદ્વિતીય છે. મંડળની પ્રવૃત્તિનું રટણ તેમણે જીવનની છેલ્લી પળો સુધી કર્યું હતું. આ ઉપરાંત સામાજીક, કેળવણી, જીવદયા અને વેપારક્ષેત્રે પણ નોંધપાત્ર સેવાઓ અર્પી છે. તેઓ નિખાલસ અને સ્પષ્ટ વક્તા હતા અને સૌને સાચી સલાહ આપનારા માર્ગદર્શક હતા.

તેઓશ્રીએ વિવિધક્ષેત્રે અર્પેલી સેવાઓની આજની સભા નોંધ લે છે, અને તેમના અવસાનથી તેમના પુત્રો અને કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં ભાગ લે છે. પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થને પરમ શાંતિ અર્પે એમ પ્રાર્થે છે.

સહી : મનસુખલાલ તારાચંદ મહેતા.

પ્રમુખ

શ્રી. અ. જ્ઞા. પ્ર. મંડળ–મુંબઈ

તા. ૧૪-૧૦-૬૧



## જ્ઞાનભક્તિ-સાતે ક્ષેત્રની ભક્તિ-સાધર્મિકની ભક્તિ.

મદ્રાસ, કલકત્તા, પુના, કોલાપુર, મુંબઈ, સુરત, વડોદરા, આણુંદ, નડીયાદ, કપડવંજ અમદાવાદ, ખંભાત, સુરેન્દ્રનગર, વીરમગામ, ભાવનગર, રાજકોટ, પાલીતાણા, વલસાડ, પાટણ, ખેડા, ડભોઇ, બોરસદ, બોડેલી, સાબરમતી, સાણુંદ, ભરૂચ, સિકન્દરાબાદ, રાજસ્થાન, પંજાબ, કચ્છ, જામનગર, જુનાગઢ, ઇન્દોર, પાલણપુર, ડીસા, મહેસાણા, વીજાપુર, ઉંઝા, વિ. નાના મોટા અનેક ગામ અને શહેરોમાં પોતાનું સ્થાન જમાવ્યું છે.

જૈન તેમજ બ્રાહ્મણ, પટેલ. દરજી આદિ જૈનેતર કોમમાં પણ પોતે પગપેસારો કર્યો છે.

૨૨૦૦ આવાંસો ઘરોમાં પોતે જ્ઞાન ગમ્મત કરી રહ્યું છે. દશથી પંદર હજાર માનવીની દ્રષ્ટિથી પસાર થતું જાય છે.

સાચી કેળવણી સાચી શાન્તિ અને બાહ્ય સંપત્તિપણ અપાવનાર બાળક બાળિકા વૃદ્ધ યુવાન સ્ત્રી પુરૂષ દરેકને જ્ઞાનામૃતનો ઘુંટડો પાનાર.

ગામો ગામ અને ઘરે ઘરોમાં બોલતું કરવા માટે લવાજમ ઓછું.

**-: જ્ઞાનદાન એટલે ઉત્તમમાં ઉત્તમ દાન :-**

**अन्नदानंपर दानं, विद्यादानं ततोऽधिकं:**
**अन्नेन क्षणिका तृप्तिः, याव ज्जीवंतु विद्यया**

આ જગતમાં અન્નદાનથી પણ વિદ્યાદાન અધિક શ્રેષ્ઠ છે. કારણ કે દુઃખીને મદદ કરી લાઇને ચડાવ્યો. પરંતુ જ્યાં સુધી પાપનો ઉદય હશે ત્યાં સુધી કરેલી મદદ બીજા માર્ગે નાશ થશે એટલે ચોરી થાય. આગ લાગે. દવામાં જાય નુકશાની આવે. કોઈ પણ માર્ગે ચાલી જશે. અને દુઃખ કયારે પણ દૂર થશે નહિ.

શંકા–સહાય ન કરવી ?

ઉત્તર—દ્રવ્યથી સહાય કરવી અને સાથે સાથે ભાવથી સન્માર્ગનું ભાન કરાવવું અને અને સદાચાર આદિ સન્માર્ગે ચડાવવો જેથી નવા પાપ કર્મનો તીવ્રબંધ ન થાય. એટલે ફળ આપ્યા વિના ભોગવાઈ જાય અને સદાચાર આદિથી પાપનો નાશ થતો જાય અને પુણ્યની વૃદ્ધિ થતી જાય તેથી દુઃખ અને અશાન્તિ ધીમે ધીમે ઓછી થાય, અને સન્માર્ગ મળવાથી ઇચ્છિત સ્થળે પહોંચી જવાય. અને અખંડ સાચુ સુખ અનુભવાય. તેનું સાધન પ્રથમ નંબરે વ્યાખ્યાન શ્રવણ, બીજે નંબરે પુસ્તકોનું વાંચન, શ્રવણ અને વાંચન પછી મનન (વિચારવું) પછી હેય અને ઉપાદેયનો વિવેક, એટલે હેય ત્યાગ કરવા લાયક અને ઉપાદેય આદરવા લાયક એમ મન સાથે નિશ્ચય. પછી યથાશક્તિ તેમાં શક્તિ ફોરવે અને અશકયમાં પશ્ચાત્તાપ કરે આજ આબાદીનું ચિહ્ન શાન્તિનું કારણ અને આજ બાહ્ય અને અભ્યન્તર લક્ષ્મી મેળવવાનું શસ્ત્ર.

# સા.....ભા.....ર.... સ્વી.....કા.....ર

## આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરજીના સૂરીશ્વરજીના સદુપદેશથી

૩૫૧, દાણી ચીમનલાલ ત્રીભોવનદાસ. ગઢ
૨૦૧, શ્રી જ્ઞાનખાતેથી હા. શ્રી જૈન સંઘ. ગઢ
૧૦૧, દાણી લક્ષ્મીચંદ ત્રીભોવનદાસ ,,
૧૦૧, શ્રી. મોહનલાલ સુરચંદભાઈ ,,
૧૦૧, શ્રી કાળીદાસ ભાયચંદ ,,
૫૩, શ્રીજૈન શ્વેતાં૦ મોટાદેરાસરસંઘ. બડનગર
૫૧, સાધ્વી શ્રી. સૂર્યપ્રભાશ્રીના ઉપદેશથી શ્રાવિકા બેનના ઉપાશ્રયથી મુ : ગઢ
૫૧, પરમ તપસ્વી સા. શ્રી મનોહરશ્રીજીના સદુપદેશથી રાણપુરનિવાસી...તરફથી
૩૫, શ્રી સદ્‌ગૃહસ્થ તરફથી પાલણપુર સાધ્વી શ્રી વસંતજીના સદુપદેશથી
૩૫, ઇન્દોર સુંદરબાઈ મહિલાશ્રમના ઉપાશ્રયના સંઘ તરફથી પૂ. સાધ્વીશ્રી વિદ્યાશ્રીજી જ્ઞાનખાતા તરફથી.
૨૫, સા. શ્રી જયપ્રભાશ્રીની પ્રેરણાથી–હવેલી ઉપા૦ જ્ઞાનખાતા તરફથી ખંભાત
૨૫, સાધ્વીશ્રી સુગુણાશ્રીજીના સદુપદેશથી શ્રી હારીજ જૈન સંઘ શેઠ ચંપકલાલ રતનશીભાઇ.
૨૫, પૂ. સાધ્વીજીશ્રી વસંત શ્રીજીના સદુપદેશથી જ્ઞાન ખાતામાંથી પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરજીના પ્રીન્ટ ફોટાઓ નીમિત્તે
૧૧, ી જૈન શ્વેતા૦ સંઘ બડનાવર (મ.પ્ર.)
૧૧, સા. શ્રી જયપ્રભાશ્રીજીની પ્રેરણાથી શ્રી મહિલામંડળ. વીરમગામ
૧૧, પ્રકાંડવકતા શ્રી ભુવનવિજયજી ગણિવરની સત્યપ્રેરણાથી શ્રીજૈન સંઘ ગોંડલ
૧૦, મુનિરાજશ્રી વિમલસાગરજીના સદુપદેશથી શ્રીવિજયદેવસૂર સંઘ ડભોઈ
૭, શ્રી જૈન શ્વે૦ શ્રાવિકામંડળ બડનગર.
૫, આ.દે. શ્રીમદ્વિજયરામસૂરિજીની સત્વપ્રેરણાથી શ્રી જૈન સંઘ મંડાર
૫, પૂ. પં. શ્રી પ્રભાવ વિજયજીના સદુપદેશથી જૈન સંઘ ભચાઉ. (કચ્છ)

### સાભાર સ્વીકાર



સ્વર્ગસ્થ શેઠ ચુનીલાલ ભાયચંદ
( રાંધેજાવાળા )

**શ્રી બાબુલાલ ચુનીલાલ** કોલ્હાપુર-વાળા તરફથી તેમના પિતાશ્રીની સ્મૃતિ નીમિત્તે રૂા. ૧૦૧) શ્રી બુધાલાલ મંછારામની સત્પ્રેરણાથી શ્રી બુદ્ધિપ્રભા માસિકને ભેટ આપ્યા છે તે બદલ કાર્યાલય તેમનો આભાર માને છે.

---

રૂા. ૧૦૨, પૂ૦ પા૦ ઉપાધ્યાયજી શ્રી કૈલાસસાગરજી મ૦ સાહેબના સદુપદેશથી માટુંગા (મુંબઈ) જૈન સંઘ તરફથી ૩૪ એકવર્ષીય ગ્રાહકના

## પૂ૦ પંન્યાસજી સુબોધસાગરજીના સદુપદેશથી

### પંચવર્ષીય

૧ જયંતિલાલ મણીલાલ. મલાડ.
૨ રસિકલાલ રતીલાલ ધીયા. ,,

### બેવર્ષીય

૧ બાપુભાઇ બાબુલાલ મલાડ.

### વાર્ષિક

૧ શા કપુરચંદ મોતીચંદ મલાડ.
૨ દોશી નગીનદાસ ડુંગરશી ,,
૩ ઝવેરી ચંદ્રકાંત ચંદુલાલ કાંદીવલી.
૪ અમૃતલાલ પૂંજીરામ મલાડ.
૫ વખારીયા વસંતલાલ મનસુખલાલ ,,
૬ વાડીલાલ લલ્લુભાઈ ,,
૭ અમૃતલાલ મોહનલાલ ,,
૮ ભૂપતરાય નેમચંદ ,,
૯ ગોપટલાલ પ્રેમજીભાઈ ,,
૧૦ લખમશી નાનજી ,,
૧૧ ખીમજી જેવત ,,
૧૨ પ્રતાપચંદ હીરાચંદ ,,
૧૩ ચતુરભાઈ આશારામ ,,
૧૪ ધીમંતલાલ પ્રાગજીભાઇ ,,
૧૫ કાંતિલાલ છગનલાલ ,,
૧૬ શ્રીમલાડ જૈન યુવકમંડળ ,,
૧૭ સેવંતીલાલ કાંતિલાલ ,,
૧૮ અમૃતલાલ પદમશી ,,
૧૯ ભોગીલાલ નાનચંદ ,,
૨૦ કપૂરચંદ વશરામ મહેતા કારાવડ (સીતલાનું)
૨૧ નગીનદાસ રણછોડદાસ સંઘવી. મોટીધોરાજી
૨૨ બાબુભાઇ હીરાચંદ ઝવેરી મલાડ.
૨૩ રણછોડદાસ નેમચંદ ,,
૨૪ અશોકકુમાર નાનાભાઇ કાંદીવલી.
૨૫ રમણીકલાલ ગંભીરદાસ પારેખ. મલાડ.
૨૬ ચંદ્રકાંત ડાહ્યાલાલ ,,
૨૭ શ્રી બોરીચા સ્ટોર્સ ,,
૨૮ બાબુલાલ હેમચંદ શાહ ,,
૨૯ અમૃતલાલ જીવરાજ ,,
૩૦ ભોગીલાલ ત્રીકમલાલ ,,
૩૧ સોમચંદ હેમચંદ સેગાંવ
૩૨ ગીરધરલાલ નરોત્તમદાસ. મલાડ.
૩૩ પ્રતાપ એન્ડ કુાં૦ મુંબઈ-૨
૩૪ મોહનલાલ પદમશી મલાડ.
૩૫ ભૂરાભાઈ છગનલાલ ,,
૩૬ ચીમનલાલ રાજકરણ ,,

૩૭ અમૃતલાલ ચુનીલાલ મલાડ

**પૂજ્ય મુનિરાજ શ્રી મનોહરસાગરજી મહારાજ સાહેબના સદુપદેશથી**

**પંચવર્ષીય**

૧ ભોગીલાલ ચંદુલાલ મહેતા. ગોરેગામ
૨ બાપુલાલ મોહનલાલ ,,

**વાર્ષિક**

૧ સાકરલાલ નાથુભાઈ ચોકસી. ગોરેગામ
૨ કેશવલાલ રાયચંદ ,,
૩ નેમચંદ ખેમચંદ ,,
૪ જેસંગલાલ મણીલાલ ઝવેરી. ,,
૫ ભોગીલાલ પ્રેમચંદ ઝવેરી. ગોરેગામ
૬ રસિકલાલ જેઠાલાલ શાહ ,,
૭ સેવંતીલાલ મણીલાલ ,, ,,
૮ ભીખાચંદ ગોદડચંદ ,, ,,
૯ જયંતિલાલ મોહનલાલ ,,
૧૦ બાબુલાલ-સી-કોઠારી ,,
૧૧ મનહરલાલ માણેકલાલ ,,
૧૨ રસિકલાલ ડાહ્યાભાઈ ગાંધી. ,,
૧૩ વકીલ છગનલાલ અનરાજ ,,
૧૪ મહાસુખલાલ પોપટલાલ ,,
૧૫ બાબુલાલ ઠાકરસિંહ ,,
૧૬ વ્રજલાલ નથુભાઈ ,,
૧૭ જયંતિલાલ મોહનલાલ ,,
૧૮ ચંદુલાલ નગીનદાસ ,,
૧૯ હીરાલાલ-જી-શાહ ,,
૨૦ ખેમચંદ તારાચંદ દોશી ,,
૨૧ નલિનકાંત કેશવલાલ ,,
૨૨ રતિલાલ તલકચંદ ,,
૨૩ રસિકલાલ ભોગીલાલ ,,
૨૪ શાંતિલાલ હીરાલાલ ,,
૨૫ ભગવતીલાલજી પોખરણા બેગુ
૨૬ જેતસીભાઇ મેઘજીભાઇ ગોરેગામ
૨૭ કેશવલાલ પ્રેમચંદ ,,
૨૮ શાંતિલાલ કુંદનલાલ બાફણા ,,
૨૯ કંચનલાલ પોપટલાલ ,,
૩૦ મણીલાલ ઘેલાભાઈ ,,
૩૧ નવીનચંદ હીરાલાલ ,,
૩૨ ત્રીકમલાલ છોટાલાલ ,,
૩૩ હીરાલાલ મનસુખલાલ ,,
૩૪ શ્રી વિજયકલોથ સેન્ટર ,,
હ : શેઠ મોતીલાલ.
૩૫ મણીલાલ ઝવેરચંદ ,,



# અંતરનો ઉકળાટ શમી......ગયો

સા. પુણ્યપ્રભા શ્રીજી મ.

મ્હારા વ્હાલા વીર ? શું મને આમ નિરાધાર અને એકલવાયો મુકી જતાં તને કાંઈ જ ન થયું ? અંતિમ સમયે મને દૂર કરતાં તારા હૃદયને જરા પણ ક્ષોભ થયો નહિ ? આ તારા શિષ્યની પ્રીતને વિસારતાં તને કંઈપણ અસર ન થઈ ? હે પ્રભુ ! હે વીર !

પ્રભુની આજ્ઞાથી દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા ગયેલ. ગૌતમસ્વામી જ્યારે પાછા વળી રહ્યા છે ત્યારે તેઓના હૃદયે આનંદસાગર ઊછળી રહ્યો છે. પ્રભુની નજીક જેમ જેમ આવી રહ્યા છે. તેમ તેમ તેઓશ્રીના ચરણકમલ ઉત્સાહલેર વેગભર્યા ઉપડી રહ્યા છે. અને આ પ્રમાણે વિચાર કરી રહ્યા છે. કે હે પ્રભો ! તારો અસીમ ઉપકાર મારા પર છે. એક અજ્ઞાન રૂપી ભયાનક ગાઢ અંધકારમાં હું હતો અને ઇન્દ્રજાળીઓ માનતો હતો. આવા અજ્ઞાન અંધારામાં પ્રભુ ! તેં સમ્યગ્ જ્ઞાનની ચીરાગ પ્રગટાવી આ પ્રમાણે પ્રભુ મહાવીરના ગુણગાન ગાતાં માર્ગનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

ત્યાં તો માર્ગમાં જ એકદમ વજ્રના પડકાર સમાન આઘાત લાગે તેવા પ્રભુ મહાવીર મોક્ષે પધાર્યાના સમાચાર જાણ્યા; પ્રભુ મહાવીર નિર્વાણ પંથે પધાર્યા જાણી ગૌતમસ્વામી નિરાધાર બાલકની જેમ આંસુધારા રેલાવતાં અંતરના ઉદ્ગારો કાઢી રહ્યા છે.

હે મ્હારા દીનદયાલ વિભુ ! આટલા સમયમાં મેં સ્વપ્નમાં પણ તારો વિયોગ જોયો નથી. પ્રભુ ! તું જરૂર સ્વાર્થી જ રહ્યો. શું ? હું તારી પાસે હોત તો મોક્ષ માર્ગમાં બાધક થાત ? અથવા તો તારી સાથે આવવા માટે નાહાન બાળકની જેમ શું તને પકડી રાખત ? અને કદાચ તારી સાથે આવવા હઠ લેત તો શું મારા આવવાથી મોક્ષ સંકીર્ણ બની જાત ?

હે અનાથના બેલી ! આ હૃદય દુઃખથી ઊભરાઈ રહ્યું છે. તેને સાંત્વન આપવા તારા વિના કોણ સમર્થ છે ? પ્રભુ ! તારે તો મારા જેવા ચૌદ હજાર શિષ્યો હતા તેથી તને તો મારી શી ઉણપ હોય ? પરંતુ મ્હારા નાથ ! મારે તો તું એક જ ! મારી ઉણપ તો દૂર કરનાર હવે કોઇ નથી. પ્રભુ ! હવે હું પ્રશ્નો કોને પુછીશ ? મારા સંશયો કોણ દૂર કરશે ? મ્હારા વ્હાલા ! વધુ તો મારા હૃદયને એ જ દુઃખ થાય છે કે હું ભગવંત કહી કોને બોલાવીશ ? અને મને ગૌતમ કહી કોણ બોલાવશે ?

દયાના સાગર વીર ! મેં તારા પર વિશ્વાસ રાખ્યો. હું આજ્ઞા વાટે જ ચાલ્યો. કાંઈ પણ ઉપયોગ ન મુકયો; ખરેખર પ્રભુ ! તેં મને છેતર્યો.

હે સ્વામી ! નાથ વિનાનું સૈન્ય જેમ નિરાધાર બને છે. તેમ તારા વિના આજ અમો નિરાધાર અને એકલવાયા બન્યા છીએ. વિભુ ! વીર ! વીર ! આ પ્રમાણે વિલાપ કરતાં શ્રી. ગૌતમસ્વામીના શ્રીમુખે વીર શબ્દની જયમાળ ચાલી. અને વીર વીર કહેતાં હૃદય પટ પર વીતરાગ શબ્દની ઝાંખી થઈ.

હા ! હા ! હું તો ભુલ્યો. કાંઈ જ ન સમજ્યો ! પ્રભુ મહાવીરના વચનોનો મર્મ જાણ્યો નહીં. મોહવશે મેં સર્વ વિપરીત જાણ્યું. આ એકપક્ષી રાગને ધિક્કાર હો !

( ક્રમશઃ )

## "બુદ્ધિપ્રભા" નાં માનદ્ પ્રચારકો

૧ નાનાલાલ હીરાલાલ એન્ડ કાં. એડન કેમ્પ
૨ રમણિકલાલ ચીમનલાલ દાણી
૨૦/ બરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા.
૩ નાનાલાલ ચીમનલાલ
શાહુપુરી પેઠ, કોલ્હાપુર (મહારાષ્ટ્ર)
૪ શ્રી. કેશવલાલ વાડીલાલ ભીંવડી (જી. થાણા)
૫ જયંતીલાલ લલ્લુભાઇ દલાલ, ૫૨-ચંપાગલી, મુંબઇ-૨
૬ રજનીકાન્ત ગીરધરલાલ
૫૫ ગેરીફ દેવજી સ્ટ્રીટ. ચોથે માળે, મુંબઇ-૩
૭ દાણી પોપટલાલ લક્ષ્મીચંદ
૬૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩
૮ મણીલાલ છોટાલાલ મણીયતીપાડો
શીવટામા, પાટણ
૯ ગણેશ પરમાર
લ્હેરી મેનશન, કમલટોકીઝ સામે. મુંબઈ-૪
૧૦ શ્રી. હસમુખભાઇ રાયચંદ
૧૪૦, શીયાપુર, વડોદરા.
૧૧ શાંતિલાલ કેશવલાલ દેવશાના પાડાની સામે, અનિલ નિવાસ, ત્રીજે માળે અમદાવાદ.
૧૨ અમૃતલાલ સકરચંદ
રતનપોળ. ઝવેરીવાડમાં આંબલીપોળ, અમદાવાદ.
૧૩ ચંદુલાલ એમ. પરીખ, સુસા પારેખની પોલ, દેરાસર પાસેની ખડકીમાં, અમદાવાદ.
૧૪ રતીલાલ કેશવલાલ પ્રાંતીજવાળા
ધનાસુતારની પોળ અમદાવાદ.
૧૫ શ્રી બબલદાસ દીપચંદ. નાગજી ભુધરની પોળ, દેરાસરવાળો ખાંચો. અમદાવાદ
૧૬ જૈન પ્રકાશન મંદિર, ૩૦૯/૪ ડોશીવાડાની પોળ, અમદાવાદ.
૧૭ નાગરદાસ અમથાલાલ મહુડીવાળા
૨૧/ જૈન સોસાયટી. અમદાવાદ-૭.
૧૮ મુનીમ કાન્તિલાલ હઠીસીંગભાઇ
જૈન દહેરાસરની પેઢી, નરોડા
૧૯ બાબુલાલ ચંદુલાલ, દીપકભુવન જૈન દેરાસર પાસે મણીનગર, અમદાવાદ-૮
૨૦ સાગરગચ્છ કમીટીની પેઢી, સાણંદ
૨૧ દલસુખભાઈ ગોવિંદજી મહેતા, સાણંદ
૨૨ શ્રી ગીરધરલાલ મંગળદાસ
જૈન ભોજનશાળા, માતર
૨૩ શ્રી લલ્લુભાઈ રાયચંદ
C/o ભારત વૉચ કાં. સ્ટેશનરોડ, આણંદ
૨૪ બાપુલાલ મોતીલાલ
વાસણના વહેપારી, કંસારા બજાર. નડીઆદ.
૨૫ રમણલાલ જેચંદભાઇ, કાપડ બજાર, કપડવંજ
૨૬ હરગોવિંદદાસ સંપ્રીતદાસ અધ્યાપક
શ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર, કપડવંજ.
૨૭ શેઠ મનુભાઇ માણેકલાલ, આંત્રોલી.
૨૮ નટવરલાલ માધવજી
જુની દરજી બજાર, રાજકોટ
૨૯ નગીનદાસ જસરાજ, જીવનનિવાસ, પાલિતાણા
૩૦ દીનકરરાવ મોહનલાલ, ધોબી શેરી, શિહોર (સૌરાષ્ટ્ર)
૩૧ પારિ ન્યાલચંદ ડાહ્યાભાઈ. શિયાણી લિંમડી થઈ
૩૨ ભોગીલાલ નરોત્તમદાસ ધોલેરાવાળા
C/o શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી-સુરેન્દ્રનગર
૩૩ પટવા રમણલાલ રતીલાલ
આણંદીયાની ખડકી, વીરમગામ
૩૪ મનસુખલાલ અમરતલાલ કાટપીટીયા
રાજકાવાડો, અભજી મહેતાનો પાડો પાટણ
૩૫ અધ્યાપક જેચંદભાઇ નેમચંદ ખેતરવસી, પાટણ
૩૬ ભોગીલાલ અમથાલાલ વખારીયા
C/o શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાન મંદિર વીજાપુર (ઉ. ગુ.)
૩૭ શ્રી ઘંટાકર્ણ મહાવીરની પેઢી (મુનીમ)
મુ. મહુડી તા. વીજાપુર (ઉ, ગુ)
૩૮ ભોગીલાલ ચીમનલાલ, ઉપાશ્રય પાસે, મહેસાણા
૩૯ શ્રી. મનસુખલાલ લહેરચંદ ચાણસ્મા
૪૦ શ્રી. હરગોવીન્દદાસ લીલાચંદ ધીણોજ
૪૧ માસ્તર એન. બી, શાહ જૈન જ્ઞાન મંદીર
શ્રીમાળી પોળ. ભરૂચ
૪૨ ચીમનલાલ રતનચંદ સાંડસા
રાજપુર (ડીસા) જી. બનાસકાંઠા)
૪૩ જેસંગલાલ લક્ષ્મીચંદ દાણી, ગઢ (જી. બનાસકાંઠા)
૪૪ મનુભાઈ ખીમચંદ આંકલાવ
૪૫ ચતુરદાસ ભીખાભાઈ વટાદરા

# ચાલુ સફરે........

## શું આપ "બુદ્ધિપ્રભા" ના ગ્રાહક બન્યા ?

જે ન બન્યા હોય તો આજે જ ગ્રાહક સભ્ય તરીકે નામ નોંધાવો.

"બુદ્ધિપ્રભા" એટલે શ્રી ૧૦૮ ગ્રંથપ્રણેતા યોગવિજેતા મહાન વિભૂતિ અધ્યાત્મજ્ઞાનદિવાકર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની વિચારધારા વહેતું કરતું સામયિક.

"બુદ્ધિપ્રભા" એટલે સરળને સુબોધ ભાષામાં જૈન ધર્મની ફીલસુફી સમજાવતું માસિક.

"બુદ્ધિપ્રભા" એટલે યુગબળ સાથે દોડતું વાંચન.

એ ગંભીર તત્વજ્ઞાન પીરસે છે. એ સમાજ ધર્મ, સેવા, વિ. ના સવાલોની તટસ્થ ચર્ચા કરે છે. એ દર અંકે સાહિત્યરોચક વાર્તાઓ વંચાવે છે અને નવીન શૈલીથી ભાષાની ઝમક રજુ કરતી ચિંતનકણિકાઓ તેમાં આવે છે. જ્યોતિર્ધરોના સંક્ષિપ્તમાં જીવન આલેખી અંજલીઓ અર્પે છે. એ શાસનના સમાચાર તમને જણાવે છે, અને વરસમાં ત્રણ ત્રણ વિશેષાંકો આપે છે.

માત્ર એક જ વરસમાં એણે ત્રણ હજાર ઘરોનું ઉદ્ઘાટન કરવા સાથે પોતાનું સ્થાન જમાવ્યું છે. અને કુટુંબીઓનાં અંતરમાં પ્રકાશ પાથર્યો છે.

### "બુદ્ધિપ્રભા" એટલે જ્ઞાનની ગંગા
### "બુદ્ધિપ્રભા" એટલે જીવનનૈયાને ભવકીનારો બતાવતી દીવાદાંડી

આ બધું હોવા છતાં લવાજમ તેમજ જાહેર ખબરના ચાર્જ જ્ઞાનપ્રચારના હેતુથી ઘણાજ ઓછા રાખવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| પાંચ વરસના ગ્રાહકના | રૂા. ૧૩ : ૦૦ | બે વરસના ગ્રાહકના | રૂા. ૫ : ૫૦ |
| ત્રણ ,, ,, | રૂા. ૮ : ૦૦ | એક ,, ,, | માત્ર ત્રણ રૂપિયા |

## લવાજમની સૂચના

આ બીજા વર્ષનો છેલ્લો અંક છે, ઘણાં ગ્રાહકોનું લવાજમ આ અંકે પુરૂ થાય છે, તો જેનું એક વર્ષનું લવાજમ બાકી હોય તેને રૂા. ૨॥ અને બે વર્ષનું લવાજમ બાકી હોય તેને રૂા. ૫] કાર્યાલય ઉપર મ. ઓ. થી મોકલી આપવા, જે અંક ૨૦ મી પછીથી ગ્રાહકો થયેલા છે તેમના માટે આ સૂચના નથી. તેની નોંધ લેવી અને નવા વર્ષના લવાજમના રૂપિયા ત્રણ મોકલી આપવા.

તમામ પ્રકારનો પત્રવ્યવહાર તથા વિગતો માટે લખો:—

**શ્રી. તંત્રીઓ, "બુદ્ધિપ્રભા" કાર્યાલય,**

દાદા સાહેબની પોળ, ખંભાત.

આ માસિક માણેકલાલ હરજીવનદાસ શાહે "ગુજરાત ટાઇમ્સ" પ્રિન્ટીંગ પ્રેસ નડીઆદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.